

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# ભાષાદીપ

## ધોરણ - 6



# ભાષાદીપ

## ધોરણ – 6

## (સ્વ-અધ્યયનપોથી)

## વર્ષ : 2019-20

**વિદ્યાર્થીનું નામ :** ____________________

**શાળાનું નામ :** ____________________

**ગામ / શહેર :** ____________________

**તાલુકો :** ____________ **જિલ્લો :** ____________

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

## : માર્ગદર્શક :

**ડૉ.મહેન્દ્રભાઈ ચોટલિયા**

નિવૃત્ત અધ્યક્ષ અને ડીન

શિક્ષણશાસ્ત્ર ભવન

સરદાર પટેલ વિશ્વવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર

**ડૉ. હરેશ ચૌધરી**

જીસીઈઆરટી, ગાંધીનગર

**ડૉ.ઋતા એ.પરમાર**

રિસર્ચ એસોસિએટ

જીસીઈઆરટી, ગાંધીનગર

## : લેખન – સંપાદન :

**ડૉ. અમી જોષી**

**ડૉ. પરેશા ઠાકર**

**રશ્મિકા મોદી**

**ડૉ. પૂર્ણિમાબેન ત્રિવેદી**

**ડૉ. બેલાબેન શાહ**

**ગૌરાંગ દવે**

**રાજેશ પટેલ**

**લાલજીભાઈ કે. સિંઘલ**

## : નિર્માણ :

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર**

## : મુદ્રણ :

**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**

**શિક્ષકો માટે ...**

પ્રાથમિક શાળાનાં બાળકો ભાષાશિક્ષણની પાયાની અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરે તે ખૂબ જરૂરી છે. સાથેસાથે ભાષાનું અર્થગ્રહણ કરીને ભાષાને માણે. ભાષાશિક્ષણમાં અર્થગ્રહણ એ સૌથી પ્રથમ આવે ત્યારબાદ શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્યો આવે. કોઈપણ ભાષા શીખવાની શરૂઆત શ્રવણ અને કથનથી થાય છે, પરંતુ તેમાં જો અર્થગ્રહણ ન થાય તો કંઈ કામનું નહિ. ત્યારબાદ વિદ્યાર્થી જો વાચન કૌશલ્ય સારી રીતે હસ્તગત કરે તો તે કોઈ પણ બાબત સારી રીતે શીખી શકે છે, ગ્રહણ કરી શકે છે. વિદ્યાર્થીઓની વાચન અને અર્થગ્રહણ ક્ષમતા સારી હોય તો તેની અન્ય વિષયોની સિદ્ધિમાં પણ ખૂબ સારી અસર પડે છે. બાળકો માટે વાચનક્ષમતા નવી સૃષ્ટિ અને તકનાં દ્વાર ખોલી આપે છે. વાચનની સાથે સાથે તેમાં રહેલા ગર્ભિત અર્થને સમજવો પણ ખૂબ જરૂરી છે. તો જ વાચનનો યોગ્ય લાભ મળે. સાથેસાથે બાળકની અભિવ્યક્તિ, પ્રત્યાયન, તાર્કિક ચિંતન, અર્થગ્રહણ અને વ્યવહારિક ઉપયોજન એ બાબતો મુખ્ય છે. બાળકને અભિવ્યક્તિનો, પ્રત્યાયનનો તેમજ તાર્કિક ચિંતનનો મહાવરો આપવામાં આવે તો જ તેનો ભાષાવિકાસ થઈ શકે.

શિક્ષણના કોઈપણ સ્તરે વિદ્યાર્થીઓના વાચન અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ એ ખૂબ મહત્ત્વની બાબત છે. વાચન અને અર્થગ્રહણ એ પ્રતીકો સાથે વિચારોને સાંકળતી એક સંકુલ પ્રક્રિયા છે, જે વ્યક્તિ માટે જ્ઞાનપ્રાપ્તિનો એક અનિવાર્ય સ્રોત છે. રોજિંદા વ્યવહારમાં પણ વાચન અને અર્થગ્રહણ વિના ચાલી શકતું નથી.

આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓમાં વાચન અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ થાય તે માટે વાચન અભિયાન શરૂ કરેલ છે. વિદ્યાર્થીની ભાષાને બલવત્તર બનાવવાના હેતુથી આ પ્રવૃત્તિસંપુટની રચના કરવામાં આવેલ છે, જેમાં વિદ્યાર્થી માટે આનંદ ઉપજાવે એવી શબ્દરમત પ્રકારની પ્રવૃત્તિઓ છે. અહીં ભાષાની સાથે ગણિત, પર્યાવરણની પ્રવૃત્તિઓનો સમાવેશ કરીને અન્ય વિષયનો ભાષા સાથે અનુબંધનો પ્રયાસ કરવામાં આવેલ છે. આ પ્રવૃત્તિસંપુટમાં એવી પ્રવૃત્તિઓ આપવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓને જૂથ-જોડી કે સમૂહમાં કરાવવામાં આવે તો સહજ રીતે જ બાળકની ભાષાના વિકાસનું માધ્યમ બની રહે. ભાષાના અને શિક્ષણના નિષ્ણાતો તથા પ્રાથમિક શિક્ષણ સાથે વિદ્યાકીય નાતો ધરાવતા અધ્યાપકો, શિક્ષકો દ્વારા અનુભવને આધારે પ્રવૃત્તિઓની રચના કરવામાં આવેલ છે.

વાચન અભિયાન અંતર્ગત સપ્ટેમ્બર-ઑક્ટોબર માસમાં વિદ્યાર્થીઓને શ્રવણ-કથનનો પૂરતો મહાવરો મળી રહે તેવી મૌખિક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ આપે વર્ગખંડમાં કરાવી હશે.

વિદ્યાર્થીઓ વિવિધ પરિસ્થિતિમાં જેટલું વધારે શ્રવણ અને કથન કરે તેટલો તેમનું શબ્દભંડોળ વધે. या भाष्यते सा भाषा । તેથી ભાષાવિકાસ માટે સૌ પ્રથમ મૌખિક વાર્તાલાપ, ચર્ચા, સંવાદ જેવી પ્રવૃત્તિઓ વર્ગખંડમાં થવી જરૂરી છે.

**ભાષાદીપ સંપુટોમાં -**

- ભાષાસમૃદ્ધિની કુલ 20 અઠવાડિયાંની પ્રવૃત્તિઓ આપેલી છે જેમાં અંદાજે 150 થી 190 જેટલી પ્રવૃત્તિઓ છે. દરેક અઠવાડિયા માટે સાત થી દસ પ્રવૃત્તિઓ આપેલી છે. આ પ્રવૃત્તિઓમાં ગુજરાતી, ગણિત, પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા વિષયોના વિષયવસ્તુને માધ્યમ તરીકે પસંદ કરવામાં આવેલ છે. એટલે કે ભાષાશિક્ષણ એ માત્ર ગુજરાતી વિષયના શિક્ષકનું જ કામ નથી. પરંતુ તમામ વિષયોમાં ભાષા-વ્યવહાર અનિવાર્ય છે જ, તે દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવાનું છે. આથી ગુજરાતી ઉપરાંત અન્ય વિષયોમાં પણ અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય તે પણ દરેક વિષયના શિક્ષકે જોવું.
- આ પ્રવૃત્તિમાં કેટલીક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ પાઠયપુસ્તક બહારની અને કેટલીક પાઠયપુસ્તકના વિષયવસ્તુ સાથે સંબંધિત છે. પરંતુ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે અહીં પાઠયપુસ્તકનું વિષયવસ્તુ ગૌણ પણ તેનું અર્થગ્રહણ મહત્ત્વનું છે. તેથી કોઈપણ બિંદુનું અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય, તે માટેની પ્રવૃત્તિની રચના કેવી હોવી જોઈએ તે દરેક શિક્ષકે ધ્યાનમાં લેવાનું છે, તેવી પ્રવૃત્તિની રચના કરતાં શીખવાનું ધ્યેય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓના અનુભવો દ્વારા અર્થગ્રહણની તક વિદ્યાર્થીઓને પૂરી પાડવાની છે.
- પ્રસ્તુત સંપુટોમાં કલ્પનાપ્રેરક, શબ્દરમત, શબ્દસર્જન, વિષયવર્ણન, શબ્દનિર્માણ, વાકયનિર્માણ, સર્જનાત્મક, અનુમાનપ્રેરક, વાતચીત, વિરુદ્ધાર્થી શબ્દ, સમાનાર્થી શબ્દ, મને ઓળખો, લિંગ અને કાળથી માંડીને વાકયપૂર્તિ, ચિત્રવર્ણન અને સ્વતંત્ર લેખનનો સમાવેશ કરતી પ્રવૃત્તિઓ બાળકને કરાવવાની થાય છે. સંપુટોમાં આપેલ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને પદ્ધતિસર કરાવવામાં આવે તો તેની કક્ષા પ્રમાણે વિદ્યાર્થીની ભાષા અંગેની અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ થઈ શકશે.

**આ પ્રવૃત્તિઓની સમગ્રતાલક્ષી અસરો કેવી હશે?**

- **વિદ્યાર્થીઓને**
    - મુક્ત વાતાવરણ મળશે.
    - અનૌપચારિક ભાષાપ્રયોગ કરવાનો મોકો મળશે.
    - શરમ-સંકોચ દૂર થશે, બોલકણાં થશે.
    - અનેક મુદ્દાઓ પર વિચાર/લાગણી વ્યક્ત કરશે.
    - પાઠયપુસ્તકના વિષયવસ્તુનું દર્ઢીકરણ થશે.
    - વિષયોની સીમા તૂટશે-જ્ઞાનનું એકીકરણ થશે.
    - સહભાગી-અધ્યયન થશે-ભૂલો માટે શરમાવું નહીં પડે.
    - વર્ગમાં સમાજીકરણ થશે, અનેક વ્યક્તિત્વોનો પરિચય થશે.
    - શબ્દભંડોળ, વાકયરચના વૈવિધ્યમાં વધારો થશે.
    - મગજમાં અનેક ખ્યાલોની પુનઃરચના થશે.
    - નવા (Schema) સમજકોશ રચાશે.
    - લેખન અને જાહેરઅભિવ્યક્તિ સરળ બનશે.
    - કોઈપણ વિષય શીખવાનું સરળ બનશે.
- **શિક્ષકોને**
    - અનેક અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિનો પરિચય થશે.
    - વિદ્યાર્થીઓની વ્યક્તિ તરીકે ઓળખ મળશે.
    - વિદ્યાર્થીઓની વિશિષ્ટ શક્તિઓનાં દર્શન થશે.
    - વર્ગ સમરસ, અનુશાસિત બનશે.
    - વર્ગમાં વિષયશિક્ષણ વખતે વધારે સહભાગિતા થશે.
    - વિષયોનો અનુબંધ સ્થાપિત થશે.
    - અધ્યાપન સરળ બનશે.
    - ભાષાનું પ્રભુત્વ કેટલું મહત્ત્વનું છે કે સમજાશે.

**આ તમામ પ્રવૃત્તિઓ કરતી વખતે શિક્ષકે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે :**

૧. ભાષા એટલે શું તથા બાળક ભાષા કેવી રીતે શીખે છે તેની સમજ બરાબર પ્રાપ્ત કરવી.

૨. ભાષાશિક્ષણમાં વિદ્યાર્થીઓને સૌ પ્રથમ શ્રવણ અને કથનનો મહાવરો મળે તેવી મૌખિક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ કરાવવી, કારણ કે સાંભળવું અને બોલવું એ સહજ, પ્રાકૃતિક સ્થિતિ છે.

૩. દરેક પ્રવૃત્તિનો પ્રકાર આપેલો છે, એટલે પ્રવૃત્તિ જોડી / જૂથ / સમૂહ/વ્યક્તિગત જે પણ પ્રકારે કરવાની સૂચના આપેલી હોય તે પ્રકારે જ કરાવવી. મોટાભાગની પ્રવૃત્તિ જોડી અને જૂથમાં કરાવવાની છે, કારણ કે જોડીમાં કે જૂથમાં કામ કરવાથી વિદ્યાર્થીને એકબીજા સાથે ચર્ચા કરવાની તક મળે છે, આત્મવિશ્વાસ વધે છે. જોડીમાં કે જૂથમાં પ્રવૃત્તિ કરેલી હોવાથી ખોટું પડવાની બીક રહેતી નથી. એકબીજાના વિચારો, વિચારણાની પેટર્ન જાણવા મળે છે. મૌખિક ભાષા-વ્યવહાર બે કે બેથી વધુ વ્યક્તિઓ વચ્ચે જ સંભવ છે. આથી આપેલી સૂચના પ્રમાણે જ કામ થાય તે ખાસ જોવું.

૪. વિદ્યાર્થીઓ ભાષાનું અર્જન(કુદરતી રીતે પ્રાપ્ત કરવું) કરી શકે તે માટે વર્ગખંડમાં સહજ, સ્વાભાવિક પરિસ્થિતિ નિર્માણ કરવી. આ માટે પ્રવૃત્તિઓના વિષયો પણ રોજબરોજના વાસ્તવિક જીવનમાં અનુભવાતી પરિસ્થિતિ કે ઘટના કે પ્રસંગો આધારિત છે.

૫. આ તમામ પ્રવૃત્તિ કરાવતી વખતે મુખ્ય લક્ષ્ય બાળકોને મજા પડે તે છે. તેથી તમામ પ્રવૃત્તિ આનંદદાયી, સહજ વાતાવરણમાં અને મુક્ત રીતે થાય તે બાબત શિક્ષકે ખાસ ધ્યાન રાખવું આ પ્રકારનું વાતાવરણ પોતાના વર્ગખંડમાં રચવું.

૬. પ્રવૃત્તિ રસપ્રદ બની રહે તથા આનંદપૂર્વક કરવાનું મન થાય તે માટે અહીં વાતચીત, સંવાદ, રમતો, સ્થળ મુલાકાત, ચિત્ર, ઓડિયો, વીડિયો, રેસ્ટોરાં, મોબાઈલ જેવી બાબતો આધારિત પ્રવૃત્તિઓ મૂકવામાં આવી છે.

૭. આ તમામ પ્રવૃત્તિઓમાં તમામ વિષયોના વિષયવસ્તુને માધ્યમ તરીકે પસંદ કરવામાં આવેલ છે, એટલે ભાષાશિક્ષણ એ માત્ર ગુજરાતી વિષયના શિક્ષકનું જ કામ નથી, પરંતુ તમામ વિષયોમાં ભાષા વ્યવહાર થઈ શકે તે દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવાનું છે. આ ઉપરાંત અન્ય વિષયોમાં પણ અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય તે પણ દરેક વિષયના શિક્ષકે જોવું.

૮. દરેક ધોરણમાં એવા પ્રકારની પ્રવૃત્તિઓ આપવામાં આવેલી છે કે જેમાં વિદ્યાર્થીઓને બેઠા-સીધા જવાબ ન મળે પણ તેઓએ મનોયત્ન કરવો પડે, એટલે કે વિચારવું પડે, ચર્ચા કરવી પડે, મથવું પડે, પડકાર ઝીલવો પડે.

૯. દરેક પ્રવૃત્તિ માટે અંદાજિત સમય શિક્ષકશ્રીએ નક્કી કરવાનો છે. કોઈક વખત કોઈક પ્રવૃત્તિમાં બાળકો મશગૂલ બની ગયાં હોય અને તેમને ખૂબ મજા પડતી હોય તો તે પ્રવૃત્તિ ત્યાં જ અટકાવી દેવાને બદલે થોડા સમય માટે લંબાવી શકાય.

૧૦. મોટાભાગની પ્રવૃત્તિઓ શિક્ષકની મદદથી વિદ્યાર્થીઓને કરાવવાની રહેશે. શિક્ષકની ભૂમિકા ફેસિલિટેટર તરીકેની રહેશે. દરેક પ્રવૃત્તિ વખતે શિક્ષકે વર્ગમાં ફરતા રહીને જોડી/જૂથમાં જઈને બાળકોની ચર્ચા સાંભળવી. બાળકો વિષય પર જ બરાબર ચર્ચા કરે છે કે કેમ, આપેલી પ્રવૃત્તિ બરાબર કરે છે કે કેમ, તે જોવું અને જરૂર પડે ત્યાં માર્ગદર્શન કરવું.

૧૧. જૂથમાં તમામ સ્તરના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય તે પ્રકારે જૂથની રચના કરવી. જોડીમાં કામ કરવાનું હોય તો પણ એક ઉત્તમ અને એક મધ્યમ, મધ્યમ અને પ્રિય, ઉત્તમ અને પ્રિય એવી રીતે રચના કરવી. એક અઠવાડિયા બાદ જૂથ કે જોડી બદલવી. ત્યાં સુધી એક જ રાખવી.

૧૨. પ્રવૃત્તિ પૂરી થયા પછી સમય મુજબ બે કે ત્રણ જૂથ કે જોડી પાસે તેનો સારાંશ કે અહેવાલ વર્ગ સમક્ષ રજૂ કરાવવો. એવી રીતે દરેક પ્રવૃત્તિ વખતે અલગ અલગ જૂથ કે જોડી પાસે રજૂ કરાવવું. શિક્ષકે સાથેસાથે 'પ્રવૃત્તિ કરવાની મજા પડી, કેવી રીતે તમે કાર્ય કર્યું, શી મુશ્કેલી પડી, શું જાણવા મળ્યું' જેવા પ્રશ્નો દ્વારા પ્રવૃત્તિના ઊંડાણમાં જઈને, ભાષાના ઘટકો, ભાષાની ચમત્કૃતિ, સર્જનાત્મકતા વગેરેની પણ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

૧૩. અઠવાડિયામાં કોઈપણ સાત પ્રવૃત્તિ ફરજિયાત કરાવવી, અન્ય પ્રવૃત્તિઓ સમય મુજબ કરાવી શકાય. અઠવાડિયા માટે આપેલી પ્રવૃત્તિમાંથી તમે કોઈપણ પ્રવૃત્તિ પ્રથમ કરાવી શકો, એટલે કે અઠવાડિયાની અંદરની પ્રવૃત્તિનો ક્રમ અનુસરવો જરૂરી નથી, પણ દરેક અઠવાડિયાનો ક્રમ અનુસરવાનો. એટલે કે પ્રથમથી લઈને વીસ અઠવાડિયાના ક્રમ મુજબ જ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રસ્તુત સંપુટ વિદ્યાર્થીઓને ભાષા અને તે થકી અન્ય વિષય શીખવામાં મદદરૂપ બની રહે તેવી અભ્યર્થના! અધ્યયન-અધ્યાપનના આ નવાં સોપાન પર સૌનું સ્વાગત છે.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| 1. | પહેલું અઠવાડિયું | 01 |
| 2. | બીજું અઠવાડિયું | 05 |
| 3. | ત્રીજું અઠવાડિયું | 09 |
| 4 | ચોથું અઠવાડિયું | 13 |
| 5. | પાંચમું અઠવાડિયું | 17 |
| 6. | છઠ્ઠું અઠવાડિયું | 22 |
| 7. | સાતમું અઠવાડિયું | 25 |
| 8. | આઠમું અઠવાડિયું | 29 |
| 9. | નવમું અઠવાડિયું | 35 |
| 10. | દસમું અઠવાડિયું | 38 |
| 11. | અગિયારમું અઠવાડિયું | 42 |
| 12. | બારમું અઠવાડિયું | 46 |
| 13. | તેરમું અઠવાડિયું | 50 |
| 14. | ચૌદમું અઠવાડિયું | 55 |
| 15. | પંદરમું અઠવાડિયું | 60 |
| 16. | સોળમું અઠવાડિયું | 65 |
| 17. | સત્તરમું અઠવાડિયું | 69 |
| 18. | અઢારમું અઠવાડિયું | 74 |
| 19. | ઓગણીસમું અઠવાડિયું | 79 |
| 20. | વીસમું અઠવાડિયું | 83 |

# પહેલું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : ધારો કે ... તા. જૂથકાર્ય

- વિદ્યાર્થીમિત્રો 4 થી 5નું જૂથ બનાવો. આપેલ વિષય પર જૂથમાં ચર્ચા કરો. ચર્ચા પૂર્ણ થાય ત્યારે એક પછી એક વર્ગખંડ સમક્ષ રજૂઆત કરો.

  ચર્ચાના વિષયો :

  જૂથ 1 : જો હું વરસાદ હોઉં તો...

  જૂથ 2 : જો હું સિંહ હોઉં તો...

  જૂથ 3 : જો હું ચકલી હોઉં તો...

  જૂથ 4 : જો હું છત્રી હોઉં તો...

  જૂથ 5 : જો હું શાળાનો ઘંટ હોઉં તો...

  જૂથ 6 : જો હું દફતર હોઉં તો...

  જૂથ 7 : જો હું પરીક્ષા હોઉં તો...

## 2. પ્રવૃત્તિ : ઘૂસણખોરને શોધો તા. વ્યક્તિગત કાર્ય

- નીચે આપેલાં શબ્દજૂથોમાં સુસંગત ન હોય તે શબ્દ શોધો.

  1. નર્મદા, મહી, ભોગાવો, પાવાગઢ
  2. પુસ્તક, નિશાળ, પેન્સિલ, કંપાસ
  3. નારંગી, મોસંબી, બટાકા, કેળાં
  4. દયા, કરુણા, પ્રેમ, ક્રોધ
  5. જલેબી, ગુલાબજાંબુ, સમોસા, બરફી

## 3. પ્રવૃત્તિ : વિવિધ આકારોની ઓળખ તા. જૂથકાર્ય

- વિદ્યાર્થીમિત્રો 4 થી 5નું જૂથ બનાવો. આપેલ વિષય પર જૂથમાં ચર્ચા કરો અને જવાબ મેળવવા પ્રયત્ન કરો. જવાબ મેળવીને વર્ગ સમક્ષ રજૂઆત કરો.


  વિધાન :

  1. ઘડિયાળનો કાંટો 12 થી શરુ કરી 9 ઉપર આવે તો કેટલા અંશનો ખૂણો રચે છે?
  2. તમારું મોઢું પૂર્વ તરફ છે. જો તમે $90^\circ$ના ખૂણે જમણી બાજુ ફરી ચાર ડગલાં ચાલો છો, પછી $90^\circ$ના ખૂણે ડાબી બાજુ ફરો તો મોઢું કઈ દિશામાં હોય?

3. કોઈ પણ આકારના એક કાગળને ઉપરથી નીચેની તરફ ગડી પાડો ત્યારબાદ જમણી બાજુથી ડાબી બાજુ બીજી ગડી પાડો, હવે ગડી ખોલો. કેન્દ્રથી કેટલા અંશનો ખૂણો પડ્યો?
4. તમારી પેન્સિલનો આકાર કેવો છે?
5. માપપટ્ટીમાં કેટલા ઈંચ આપેલા હોય છે?

## 4. પ્રવૃત્તિ : ધ્યાનથી જુઓ તા. વ્યક્તિગત કાર્ય

- વિદ્યાર્થી મિત્રો, ધ્યાનથી આ બંને ચિત્રો જુઓ તેમાં જે તફાવત જણાય તેના પર ◯ કરો.



## 5. પ્રવૃત્તિ : કહો, હું કોણ? તા. જોડીકાર્ય

- વિદ્યાર્થીમિત્રો, બે-બેની જોડીમાં ઉખાણાં વાંચો. ઉખાણાં વાંચીને કહો મને હું કોણ?

1. હું છું જીવ નાનકડું અને થોડું થોડું શરમાળું,
   આઠ પગ છે મારે, હું બનાવું જાળું.
   કહો, મને હું કોણ? .................
2. હું છું જાડો-પાડો તોય પાણી મહીં તરતો,
   ધમ ધમ ધમધમ દોડી શાનથી હું ફરતો,
   બે અણીદાર ને સુંદર મોટા દાંત,
   હું છું કોણ એ કહોને ઓળખો મારી જાત.................
3. નાનકડું હું છું જંતુ ને ઊડું હું બહુ દૂર,
   મારા ડંખથી સૌ બીવે પણ આપું રસ મધુર.
   કહો, મને હું કોણ? .................
4. એક ડાળથી બીજી ડાળે એક છલાંગે કૂદી જાઉં છું,
   દેખાવે તમારા જેવો જ ને તમ પૂર્વજ ગણાઉં.
   કહો, મને હું કોણ? .................

5. પાસે આવે તેને કાપે, એવું છે એ ખૂની,
   થાય ના એને જેલ કે ફાંસી,
   તલવાર છે એની નાની.
   કહો, મને હું કોણ? .................

## 6. પ્રવૃત્તિ : બોલો હા કે ના? તા. જૂથકાર્ય

- વિદ્યાર્થીમિત્રા, 4 થી 5નું જૂથ બનાવો. આપેલાં વાક્યો ધ્યાનથી વાંચો. આ વાક્ય સાથે તમે સહમત છો કે અસહમત જૂથમાં ચર્ચા કરો. ચર્ચાના આધારે વર્ગમાં કયા વાક્ય સાથે કેમ સહમત છો અને કયા વાક્ય સાથે કેમ અસહમત છો જણાવો.

| | હા | ના |
|---|---|---|
| 1. રાત્રે ઘરમાં કચરો વાળવો જોઈએ નહીં. | | |
| 2. અંતરિક્ષમાં જવા માટે છોકરીઓ સક્ષમ છે. | | |
| 3. ઘરનું કામ ફક્ત છોકરીઓ જ કરે. | | |
| 4. ભારતીય તરીકે સૌને રાષ્ટ્રમાં સમાન તક, ન્યાય, દરજ્જો પ્રાપ્ત છે. | | |
| 5. ગરીબ માણસ હંમેશાં ગરીબ જ રહે છે. | | |
| 6. ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. | | |
| 7. સ્ત્રીઓને કુટુંબવિષયક કોઈ નિર્ણય લેવાની સત્તા નથી. | | |
| 8. વિવિધતામાં એકતા આપણા દેશની વિશેષતા છે. | | |
| 9. મોટરસાઈકલ (બાઈક) છોકરાઓ જ ચલાવી શકે. | | |
| 10. કબડ્ડીની રમત છોકરીઓ રમે છે. | | |

## 7. પ્રવૃત્તિ : મને ઓળખો તા. જૂથકાર્ય

- વિદ્યાર્થીમિત્રો, 4 થી 5નું જૂથ બનાવો. ચિત્રનું અવલોકન કરો. જૂથમાં ચર્ચા કરો. તેના વિશે તમે શું શું જાણો છો તે વર્ગખંડમાં સૌને જણાવો.
- સામાજિક વિજ્ઞાનનું ધોરણ – 6નું પાઠ્યપુસ્તકનું મુખપૃષ્ઠ

## 8. પ્રવૃત્તિ : મને શોધો તા. વ્યક્તિગત કાર્ય

- આપેલ કોઠામાંથી કૌંસમાં આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ પર ▭ કરો.

(કબૂતર, પ્રિય, મંદિર, સુંડલો, કોઠી, ફિકર, સુંદર, ન્યારી, બારણું, પેટ, ગુમાન, આવરદા, હડિયાપટ્ટી)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અ | ભિ | મા | ન | ક | મા | ડ | તા |
| વિ | ન | મ | તા | છા | તી | ચિ | દો |
| પા | રે | વ | ડું | ખી | સા | ર | ડા |
| ટો | આ | લા | નો | જો | દ | બા | દો |
| પી | ય | અ | ખ | ઉ | વા | રી | ડ |
| ટો | ખું | દે | વા | લ | ય | ર | ત્યુ |
| પ | વિ | હા | લું | આ | ય | મૃ | દ |
| લો | મ | જા | ર | ળિ | યા | મ | ણું |

## 9. પ્રવૃત્તિ : આડી – ઊભી ચાવી તા. જોડીકાર્ય

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

| આડી ચાવી | ઊભી ચાવી |
|---|---|
| 1. પવિત્ર ભૂમિ - (૪) | 1. કાયા, શરીર - (૨) |
| 5. ઉજ્જડ - (૩) | 2. ........ કન્યા (૨) |
| 14. ત્રણ ખૂણાવાળી આકૃતિ - (૩) | 3. જમીન - (૨) |
| 18. રેતાળ જગ્યા - (૨) | 4. દોસ્ત, ભાઈબંધ - (૨) |
| 21. એક મીઠાઈ - (૩) | 6. નિશા, રજની - (૨) |
| 25. એક છોકરીનું નામ જે સાહિત્યનો પ્રકાર હોય. - (૩) | 15. એક શાકભાજીનું નામ - (૩) |
| 31. દુનિયા – (૨) | 18. સૂર્ય, ભાનુ – (૨) |

## બીજું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : ફુગ્ગો  તા.  સમૂહકાર્ય

- વિદ્યાર્થીમિત્રો, વર્ગમાં કોઈ પણ એક વિદ્યાર્થી પોતાના મનપસંદ વિષય પર બોલવાનું શરૂ કરે. બોલનાર વિદ્યાર્થી બોલતી વખતે અટકે, ભૂલ કરે, અયોગ્ય વાક્યરચના કરે, અન્ય ભાષાનો શબ્દ પ્રયોજે તો સમગ્ર વર્ગમાંથી કોઈ પણ 'ફુગ્ગો' બોલી શકે. 'ફુગ્ગો' બોલ્યા પછી 'ફુગ્ગો' બોલનાર વિદ્યાર્થી પોતાના મનપસંદ વિષય પર બોલવાનું શરૂ કરે. તેની ભૂલ થતાં જ 'ફુગ્ગો' બોલાય. ક્રમશઃ 'ફુગ્ગો' બોલનાર વિદ્યાર્થી પોતાના મનપસંદ વિષય પર બોલે.

  ઉદા. મોર

  મોર મને ખૂબ ગમે છે. મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે. મોરનાં પીંછાં રંગબેરંગી હોય છે. મોરની પત્ની ઢેલ કહેવાય. ઢેલને પીંછાં નથી હોતાં...(ફુગ્ગો)

### 2. પ્રવૃત્તિ : મારું વિશેષણ શોધો  તા.  જોડીકાર્ય

- બે-બેની જોડીમાં શબ્દો વાંચો. ઉદાહરણને આધારે આપેલ શબ્દ આગળ યોગ્ય વિશેષણ મૂકો.

  ઉદાહરણ : ચીસ – <u>કારમી</u> ચીસ

| | | |
|---|---|---|
| 1. .......... તડકો | 5. .......... વિજય | 9. ..........ભાષા |
| 2. .......... ઠંડી | 6. .......... ગરમી | 10. ..........મિત્ર |
| 3. .......... વરસાદ | 7. .......... હાથી | |
| 4. .......... નદી | 8. .......... દૃષ્ટિ | |

### 3. પ્રવૃત્તિ : ગણી બતાવો  તા.  સમૂહકાર્ય

1. ચાર વિદ્યાર્થીઓ પોતાના હાથમાં અનુક્રમે પાંચ, છ, સાત અને ત્રણ ચોકના ટુકડા રાખો. આ ચાર સંખ્યાઓ 5, 6, 7, 3નો ઉપયોગ કરીને મોટામાં મોટી સંખ્યા બનાવો.
2. એક સંખ્યા 294 છે. હવે આ સંખ્યાના સોના અંકને એકમના સ્થાને અને એકમના અંકને સોના સ્થાને મૂકી નવી સંખ્યા કઈ બનશે?
3. બે અંકની સૌથી મોટી સંખ્યામાં 1 ઉમેરવામાં આવે તો કઈ સંખ્યા મળે?
4. તમે 1 લિટરના માપિયામાં 1 લિટર દૂધ ખરીદ્યું છે. હવે, આ દૂધને 200 mlના માપિયામાં ભરવું હોય તો કેટલાં માપિયાં જોઈએ?
5. તમે એક વસ્તુ ખરીદી છે. તેની કિંમત રોમન અંકમાં LXXX ના હોય તો હિન્દુ અરેબિક એકમ પદ્ધતિમાં તે કિંમત કઈ રીતે લખાય?

## 4. પ્રવૃત્તિ : કોયડો તા. જોડીકાર્ય

- અલગ પડતું જોડકું શોધો.

  (અ) ઉપર-નીચે (બ) આગળ-પાછળ (ક) નજીક-દૂર (ડ) રાત્રી-દિવસ
- ઉખાણાંનો જવાબ કહો.

  કટકટ કરતું કણસલું, નાના-મોટા પગ. બાપા ચાલે બાર ગાઉ, (ત્યારે) બેટો ચાલે ડગ.
- જૂથમાં આ પ્રકારનાં જોડકણાં વિદ્યાર્થીઓ બનાવે.

## 5. પ્રવૃત્તિ : વાક્ય બનાવો તા. વ્યક્તિગત કાર્ય

- આપેલ વાક્યોમાં શબ્દ આડાઅવળા થઈ ગયા છે. શબ્દને ક્રમમાં ગોઠવીને વાક્ય બનાવો.
  1. મૈં બુઢ્ઢા ગયા હો બચ્ચી ઔર છે તુમ.
  2. ફુલાતાં-ફુલાતાં પાછા તો વડલા કાગડાભાઈ પર ચડ્યા.
  3. વિકાસશીલ શાંત રાજ્ય છે ગુજરાત.
  4. રમકડાં બને છે પણ અને કાંસકી લાકડામાંથી
  5. વૃંદાવન સાગરકાંઠાનું માધવપુર છે સૌરાષ્ટ્રના
  6. મોલ, ખેતરિયે ઝૂલી રહ્યા છે કાંઈ

## 6. પ્રવૃત્તિ : દળવું કે ઉપણવું કે ચાળવું તા. સમૂહકાર્ય

- વિજ્ઞાન અને ટેક્નોલોજી પાઠ્યપુસ્તકના પેજ નં. 36, 38, 39ને આધારે નીચેના પ્રશ્નો વાંચો અને સમજો.
  1. રોજિંદા જીવનમાં આપણે કયા મિશ્રિત ઘટકોને અલગ કરવા-ઉપણવાનું કાર્ય કરીએ છીએ?
  2. જો કોઈ લાકડાના કારખાનામાં તમને લાકડાનો વહેર અને સૂકાં પાંદડાંનું મિશ્રણ જુદું કરવા આપી દે તો તમે કેવી રીતે જુદાં કરશો?
  3. રોટલી બનાવતાં પહેલાં મમ્મી કઈ ક્રિયાઓ કરશે?
  4. સરખા કદ ધરાવતી બે પ્રકારની દાળને જુદી કરવા માટે કઈ પદ્ધતિ અપનાવશો?
  5. ધૂળવાળા ચોખાને મારે રાંધવા છે તો હું ધૂળને ચોખામાંથી કઈ રીતે જુદી પાડીશ?

## 7. પ્રવૃત્તિ : હિસાબ સુધારો તા. જૂથકાર્ય

- વિદ્યાર્થીમિત્રો, જણાવેલ ભાવપત્રકને જૂથમાં ધ્યાનથી વાંચો. જૂથમાં ચર્ચા કરો. જૂથમાં ચર્ચા કરી પ્રશ્નોના ઉત્તર વર્ગસમક્ષ રજૂ કરો.

ભાવપત્રક

**ભાવેશ પ્રોવિઝન સ્ટોર**

જલારામ માર્ગ

જસદણ

રજિસ્ટર નંબર M/12458

તારીખ : 20/07/2019

શ્રી/શ્રીમતી : રૂપેશભાઈ નાગજીભાઈ શાહ

| **ક્રમ** | **વિગત** | **ભાવ રૂપિયા** / Kg. or Lt. |
|---|---|---|
| 1 | ખાંડ | 50/- |
| 2 | ઘઉં | 30/- |
| 3 | ચોખા | 70/- |
| 4 | મગફળીતેલ | 120/- |
| 5 | મીઠું | 10/- |

1. દુકાન કોની માલિકીની છે?
2. વિક્કી 10 કિલો ચોખાની ખરીદી કરે છે, તો તેને કેટલા રૂપિયા ચુકવવા પડશે?
3. સૌથી સસ્તી અને સૌથી મોંઘી વસ્તુ કઈ છે?
4. અવિનાશે 2 કિલો મીઠું, 5 કિલો ઘઉં અને 1 કિલો મગફળી તેલ ખરીદ્યું છે, તો તેને કેટલા રૂપિયા ચૂકવવા પડશે?

## 8. પ્રવૃત્તિ : હું સૌથી જુદું છું મને શોધો તા. વ્યક્તિગત કાર્ય

- અલગ પડતા શબ્દ પર ○ કરો.

1. હિંદુ, મુસલમાન, અવેસ્તા, પારસી, જૈન
2. ધોતી, ઝભ્ભો, ખેસ, પહેરવેશ, પાઘડી
3. દૂધ, પાણી, શરબત, જ્યૂસ, ફળ
4. કેળાં, કેરી, ગાજર, સફરજન, દાડમ
5. પુસ્તક, રબર, પેન્સિલ, ફૂટપટ્ટી, બોલપેન
6. ચોકલેટ, આઈસ્ક્રીમ, બરફી, લાડુ, વેફર

## 9. પ્રવૃત્તિ : મને ભરો તા. વ્યક્તિગત કાર્ય

- કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યાઓ પૂરી પ્રસંગમાં ઘટતી વિગત ઉમેરો.

  (રાજ્યાભિષેક, શોક, અયોધ્યા, સમાચાર, ઊજવી, વનવાસ, વરદાન, ભરત, વન)

  આજે .......... ની પ્રજા ઉત્સવ .......... રહી હતી. રામનો .......... થવાનો હતો. સવાર પડતાં જ આનંદ ..........માં ફેરવાઈ ગયો. નગરમાં .......... ફેલાઈ ગયા કે રામને .......... મળ્યો છે. રાજાની પાસે રાણી કૈકેયીએ .......... માગ્યું કે રામને બદલે ..........ને ગાદી મળે અને રામ ..........માં જાય.

# ત્રીજું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : હું કોણ છું? તા. વ્યક્તિગત કાર્ય

- વિદ્યાર્થીમિત્રો, આગળ આપણે ઉખાણાં માણ્યાં અને સમજ્યાં. હવે અહીં ઉખાણાં બનાવીએ. વિષયોના ગુણોને ધ્યાનમાં રાખીએ અને ઉખાણું બનાવવાનો પ્રયત્ન કરીએ.

1. ઉદાહરણ : મોર

   વિશેષતાઓ : (૧) આપણું રાષ્ટ્રીય પક્ષી છે.
   (૨) ટેહૂક…ટેહૂક બોલે છે.
   (૩) રંગબેરંગી પીછાં છે.
   (૪) કળા કરીને નાચે છે.

   ઉખાણું : હું ભારતનું રાષ્ટ્રીય પક્ષી છું,
   ટેહૂક..ટેહૂક બોલું છું,
   મારાં રંગબેરંગી પીછાં છે,
   કળા કરીને નાચું છું.
   બોલો, તો હું કોણ છું?

2. હવે, પોપટ, ગુલાબ, ડાયનાસોર, મોબાઈલ, સાઈકલ, શિક્ષક અને તમારા ગમતા વિષયો પર ઉખાણાં બનાવો.

## 2. પ્રવૃત્તિ : જ્યારે - ત્યારે તા. જોડીકાર્ય

- બે-બે બાળકોની જોડીમાં અર્થસભર રીતે વિધાનો પૂર્ણ કરો.

1. મને જ્યારે ખૂબ જ ગુસ્સો આવે ત્યારે……………………………………………
2. …………………………………………………… ત્યારે હું ઉદાસ થાઉં.
3. મને ખૂબ મજા આવે જ્યારે ……………………………………………
4. મને ખૂબ દુઃખ થયું જ્યારે……………………………………………
5. હું ખૂબ જ હતાશ થાઉં છું જ્યારે ……………………………………………

## 3. પ્રવૃત્તિ : સમજો અને ગણો તા. જૂથકાર્ય

1. શિક્ષક ચાર વિદ્યાર્થીઓને બોલાવી અનુક્રમે છ, આઠ, પાંચ અને ચાર ચોકલેટ આપે છે. ત્યારબાદ આ ચાર સંખ્યાઓનો ઉપયોગ કરી મોટામાં મોટી સંખ્યા બનાવવા કહે છે. તો કઈ સંખ્યા સૌથી મોટી હશે?
2. રમેશના પિતા તેને એક સંખ્યા 369 જણાવે છે. હવે આ સંખ્યાના સોના અંકને એકમના સ્થાને અને એકમના અંકને સોના સ્થાને મૂકી નવી સંખ્યા બનાવવા જણાવે છે. તો તે સંખ્યા કઈ બની હશે ?
3. ત્રણ અંકની સૌથી મોટી સંખ્યામાં 1 ઉમેરવામાં આવે તો કઈ સંખ્યા મળે?
4. મોહન 2 લિટરના માપિયામાં 1 લિટર દૂધ ખરીદે છે. હવે, તેને આ દૂધને 200 ml ના માપિયામાં ભરવું હોય તો કેટલાં માપિયાં જોઈએ?
5. અનિતાએ એક વસ્તુ ખરીદી છે. તેની કિંમત રોમન અંકમાં LLXX હોય તો હિન્દુ અરેબિક એકમ પદ્ધતિમાં તે કિંમત કઈ રીતે લખાય?

## 4. પ્રવૃત્તિ : ધ્યાનથી સાંભળો તા. સમૂહકાર્ય

- શબ્દો ધ્યાનથી વાંચો. ઉચ્ચારણ કરો અને તેમની વચ્ચેના અર્થભેદ જણાવો.

1. શર – સર
2. શાપ – સાપ
3. શરત – સરત
4. પાશ – પાસ
5. શત – સત
6. કેશ – કેસ
7. શમ – સમ

## 5. પ્રવૃત્તિ : ઊલટાસૂલટી તા. વ્યક્તિગત કાર્ય

- ફકરો વાંચી તેને આધારે પ્રશ્નોના જવાબ આપો. ફકરાને જમણી બાજુથી ડાબી બાજુ તરફ વાંચવાનો પ્રયાસ કરો.

વુંણજા શેવિ લવાહેન નાયસા ણેપઆ તો યહો વુંથ દ્ધસિપ્ર-શ્વવિ માંરમઉં નીર્ષવ સવી ગ્યયો નેઅ શગધ તનહેમ. તીહો થીન નીના રમઉં ઈકો ટેમા દ્ધિસિ નેઅ તિગપ્ર .એઈજો ર્ષવ સવી ણેજે ણાંમહ જુહ નેઅ લીન્મેજ માં 0991. યકાશ રીક દ્ધસિ તે એરીધા થીનર્શદર્ગમા વુંતે, છે નીવાપઆ નન્માસનું ‘ત્નર-લખે’ રકારસ તરભા નેલવાહેન નાયસા વીતે છે ર્યાક રાંપુ ર્લ્ડવ નન્ટમિડબે .છે ડીલાખે લસામિબે નીનન્ટમિડબે તે .વ્યુમ વાણજા ડેવ મધ્યમા રચામાસ

શેવિ ર્ડવોએ આ .છે વીઆ માંવારક રહેજા ડીલાખે નીમક્ર જાબી નીયાનિદુ ને તે રાદ્વા નશરેડફે નીવારક ષશેવિ કઈકં ણપ જુહ ને તે નમાહુબ વુંઆ કે છે સશ્વાવિ ને તે .છે શખુ બખુ તે નેણીજા નીયાનિદુ નેઅ ઓસીવાશદે ,ત્રોમિ, કક્ષશિપ્ર, રવારિપ નાતે કે છે શાઆ ને તે .શેપઆ ણારપ્રે .શેબઆં શકાઆ નુદ્ધિસિ નેઅ શેરક રીપુ ઓક્ષાપેઅ

1. નાની ઉંમરમાં વિશ્વ-પ્રસિદ્ધ થવું હોય તો કોના વિશે જાણવું જોઈએ?

   ..........................................................................

2. સાયનાએ હાલમાં કેટલાં વર્ષ પૂર્ણ કર્યાં છે?

   ..........................................................................

3. તમે એમની જગ્યાએ હોવ તો શું બનવાનું પસંદ કરો?

   ..........................................................................

## 6. પ્રવૃત્તિ : ઘટનાક્રમ ગોઠવો તા. જૂથકાર્ય

- વિજ્ઞાન પાઠ્યપુસ્તક પાન નં. 4 પરની પ્રવૃત્તિ-5નો ફકરો "મગ કે ચણાનાં સૂકાં .......... સ્વાદિષ્ટ નાસ્તો બનાવી શકાય." વાંચો. જૂથમાં ચર્ચા કરી આપેલાં વાક્યોને યોગ્ય ઘટનાક્રમમાં ગોઠવો.

1. બીજને પાણી ભરેલા પાત્રમાં એક દિવસ સુધી મૂકી રાખો. ☐
2. તેને ભીનાં કપડાંમાં વીંટાળીને રહેવા દો. ☐
3. બીજા દિવસે પાણી નિતારી અને બીજને પાત્રમાં રહેવા દો. ☐
4. ફણગાવેલા બીજનો સ્વાદિષ્ટ નાસ્તો બનાવી શકાય. ☐
5. મગ કે ચણાનાં સૂકાં બીજ લો. ☐
6. બીજને ફણગા ફૂટશે. ☐

## 7. પ્રવૃત્તિ : ક્રમ ગોઠવો તા. જોડીકાર્ય

- આપેલ પ્રવૃત્તિઓની યાદી સવારથી સાંજ સુધીના ક્રમમાં ગોઠવો.

1. રમવું / શાળાએ જવું / ટી.વી. જોવું / બ્રશ કરવું / ગૃહકાર્ય કરવું / પ્રાર્થનાસભામાં ભાગ લેવો / ઊંઘવું / નાસ્તો કરવો / દૂધ પીવું / જાગવું

| | | | | |
|---|---|---|---|---|
| 1. | 2. | 3. | 4. | 5. |
| 6. | 7. | 8. | 9 | 10. |

| **8. પ્રવૃત્તિ : મને ભરો** | **તા.** | **વ્યક્તિગત કાર્ય** |
|---|---|---|

- ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને ફકરો પૂર્ણ કરો.

  (રાજી-રાજી, સાચવતી, મોટો, કિસા, ભવિષ્યનાં, માંદો, પુત્ર, બચાવી, સ્ત્રી)

  એક વિધવા .......... હતી. એનું નામ .......... હતું. એને એક .......... હતો. પુત્રને તે જીવની જેમ ........... પુત્ર ધીમે-ધીમે .......... થવા લાગ્યો. કિસા પુત્રને મોટો થતો જોઈ .......... થતી અને તેના ઉજ્જવળ .......... સ્વપ્નો જોવામાં ખોવાઈ જતી. એકવાર અચાનક કિસાનો પુત્ર .......... પડ્યો. અનેક વૈદ્ય પાસે જવા છતાં કોઈ એના પુત્રને .......... શક્યું નહીં.

| **9. પ્રવૃત્તિ : કોયડો** | **તા.** | **વ્યક્તિગત કાર્ય** |
|---|---|---|

1. એક કુંભાર પાસે બાર ગધેડાં હતાં. તેમાં પાંચ સિવાયના બધાં ગધેડાં નાસી ગયાં, તો કુંભાર પાસે કુલ કેટલા ગધેડાં બાકી રહ્યાં હશે?
2. મંજુની મમ્મી મમતા અને શાંતાની ફોઈ સમતા સગી બહેનો થાય છે. તો મંજુના મામા શાંતાને સગપણમાં શું થાય?

# ચોથું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : આવું થાય તો? તા. જૂથકાર્ય

- 4 થી 5નું જૂથ બનાવો. આપેલ વિષય પર જૂથમાં ચર્ચા કરો. ચર્ચા પૂર્ણ થાય ત્યારે એક પછી એક જૂથમાં વર્ગખંડ સમક્ષ રજૂઆત કરો.

1. આવું થાય તો શું થાય ? ચર્ચા કરો.
   - પાણી ખલાસ થઈ જાય, તો?
   - મમ્મી રસોઈ ન બનાવે તો?
   - તમારે કોઈ મિત્ર ન હોય તો?
   - માણસને પાંખો હોય તો?
   - બધાં જ વૃક્ષો સુકાઈ જાય તો?

## 2. પ્રવૃત્તિ : યોગ્ય શબ્દ શોધો તા. જૂથકાર્ય

- નીચે આપેલ ઘટનામાં કોઠામાંથી યોગ્ય શબ્દ શોધી પસંદ કરી લખો. તેને આધારે બે પ્રશ્નો બનાવો.


| | | | | | |
|---|---|---|---|---|---|
| જમીનની | બાજુબાજુમાં | કેબિન | અનુકૂળ | ભાઈ | ઘડીકવાર |
| ફરતી | ચકોર | ઓછી | માલિકને | પ્રેમથી | શટલ |
| ગ્રાહક | પણ | અસલી | ગપ્પાં | દસ્તાવેજો | અટકીને |
| ફોન | | | | | |

1. મારી દુકાન અને મહેશભાઈની ઑફિસ બંને .......... છે. મહેશભાઈ .......... આપ-લેનો ધંધો કરે. એટલે ઘરાકી .......... હોય તો .......... પાડીને હું એમની એ.સી. ..........માં જઈને .......... બેસું. કેબિન એમની કાચવાળી એટલે મહેશભાઈની .......... નજર ઑફિસમાં કોણ આવે ? કોણ જાય છે? એના પર .......... રહે. કોઈ .......... આવે તો .......... બોલવે, ચા-પાણી કરાવે અને જમીન કયા વિસ્તારમાં .......... રહેશે એ સમજાવે. પેલા .......... માની .......... જાય. આમ તેમનો ધંધો ચાલ્યા કરે. પણ એક વખત એવું બન્યું, મહેશભાઈ અને હું .......... હાંકતાં'તા વચ્ચે-વચ્ચે એ જમીનના અગત્યના .......... પર નજર કરતા જતા હતા. ત્યાં અચાનક .......... એમણે ફાઈલ બંધ કરી દીધી અને .......... કરીને જમીનના .......... કહ્યું આ દસ્તાવેજો .......... નથી નકલી છે.

**3. પ્રવૃત્તિ : સંખ્યા ગોઠવો તા. સમૂહકાર્ય**

- અહીં દર્શાવેલ ખાનામાં 1 થી 8 સુધીની સંખ્યા એવી રીતે લખો કે પાસ-પાસેની સંખ્યાઓ ખાનામાં ક્રમિક રીતે ન આવે.

  ઉદા. 1 / 2 કે | 1 | 2 | ન આવવા જોઈએ.



**4. પ્રવૃત્તિ : વાહનવ્યવહારની વાર્તા તા. જૂથકાર્ય**

- તમારા વિજ્ઞાન અને ટેક્નોલોજીના પુસ્તકનાં પાન નં. 95 પરનો ફકરો વાંચી નીચેના પ્રશ્નોની જૂથ ચર્ચા કરી વર્ગખંડમાં રજૂઆત કરો.

  'પ્રાચીન સમયમાં લોકો ......... વીસમી સદીનાં કેટલાંક યોગદાન છે.'

  1. પરિવહનનાં સાધનોને પ્રાચીનથી અત્યાધુનિક મુજબ સાચા ક્રમમાં ગોઠવો.
  2. પ્રાચીન પરિવહનનાં એવાં સાધનોની યાદી બનાવો જેનો આજકાલ ઉપયોગ થતો ન હોય.
  3. હવા, પાણી અને જમીન પર ઉપયોગ કરવામાં આવતાં સાધનો (પ્રાચીન અને અત્યાધુનિક)નાં ઉદાહરણ આપો.

**5. પ્રવૃત્તિ : ભાષાપ્રવૃત્તિ તા. જોડીકાર્ય**

- અંગ્રેજી પાઠ્યપુસ્તક પ્રથમ સત્ર પાના નં. 9 પરનું ચિત્ર જુઓ. ચર્ચા કરો અને આપેલ પ્રશ્નોના જવાબ આપો.

  1. બાળકો ક્યાં રમી રહ્યાં છે?
  2. બાળકો કઈ કઈ રમત રમી રહ્યાં છે?
  3. ચિત્રમાં તમને શું શું દેખાય છે?
  4. ચિત્રમાં કેટલાં બાળકો દેખાય છે?
  5. શું બાળકો ખુશ છે? શા માટે?

**6. પ્રવૃત્તિ : ઝટપટ શોધો ता. જોડીકાર્ય**

- ધોરણ – 6 વિજ્ઞાન અને ટેકનોલોજી પાના નંબર 16 કોષ્ટક 2-3માં આપેલ વિટામિન અને ખનીજ-ક્ષારોની ઊણપના કારણે થતા કેટલાક રોગોની આપેલી માહિતી વાંચીને 10 શબ્દો શોધો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કે | લ્શિ | ય | મ | રા | આ | ય | ર્ન |
| સ | ક | મ | ગો | કે | શે | ર | ગ્રં |
| પાં | ડુ | રો | ગ | ઈ | તાં | પ | થિ |
| જ | જ્ઞ | સ્ક | વિ | ધ | ટ | જે | હો |
| આ | પા | લ | ળા | ટા | તે | ર | બે |
| યો | તી | પ | એ | નિ | મિ | યા | રી |
| ડિ | ણું | થ | સુ | ક | તા | ન | બે |
| ન | ર | મ | ણ | તા | રી | મા | રી |

**7. પ્રવૃત્તિ : મસાલેદાર રસોઈ ता. જૂથકાર્ય**

- 'કોઈ એક વાનગીની પ્રક્રિયાનું વર્ણન' અંગે જૂથમાં ચર્ચા કરો.

  દા.ત. ખીચડી બનાવવાની પ્રક્રિયા ચર્ચા કરી લખો.
- દૂધી, શક્કરિયાં તથા વટાણામાંથી કોઈ નવી વાનગી બનાવો. (પ્રક્રિયાનું વર્ણન)
- દૂધીમાંથી શાક સિવાય બીજું શું શું બનાવી શકાય?
- શક્કરિયાંનો હલવો બનાવો.
- સમોસા બનાવવાની સામગ્રી તૈયાર કરો.
- રસોઈને સ્વાદિષ્ટ બનાવવા માટેના મસાલાની યાદી કરો.

**8. પ્રવૃત્તિ : ખાલી જગ્યા પૂરો ता. વ્યક્તિગતકાર્ય**

- આપેલાં વાક્યોમાં યોગ્ય શબ્દ મૂકીને વાક્ય પૂરું કરો.

  1. અમિત અને જિજ્ઞેશ ખૂબ જ સારા ........... છે.
  2. આજે મારે શાળાએ પહોંચવામાં ..........થયું છે. આથી છેલ્લી પાટલી પર બેસવા મળશે.
  3. મારી પાસે ........... રંગની પેન છે.

4. મારા મોબાઈલમાં ..........., એટલે ફોટો ડાઉનલોડ થતો નથી.

5. કચરો કચરાપેટીમાં ............

**9. પ્રવૃત્તિ : અનુભૂતિ તા. વ્યક્તિગત કાર્ય**

- આ શબ્દોની અનુભૂતિ તમને કઈ-કઈ રીતે થાય છે તે નીચે દર્શાવો. વ્યક્તિ, વસ્તુ, પ્રાણી, પ્રસંગનું નામ લખો.

| | વ્યક્તિ | વસ્તુ | પ્રાણી | પ્રસંગ |
|---|---|---|---|---|
| પ્રેમ | | | | |
| હાસ્ય / હસવું | | | | |
| ભય | | | | |
| ક્રોધ / ગુસ્સો | | | | |

## પાંચમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : ચાલો, ઉખાણાં ઉકેલીએ તા. જૂથકાર્ય

- 4 થી 5 બાળકોનું જૂથ બનાવો. જૂથચર્ચા કરી ઉખાણાંના જવાબો મેળવી વર્ગમાં જૂથવાર ક્રમશઃ ચર્ચા કરો.

1. સવારે આવે, સાંજે જાય, ના કોઈ જાણે ક્યાં સંતાય?..................
2. એક પાન બીજું પાન, પાનની અંદર પાન,
   લીલાં-ધોળાં પાંદડાં, શું છે મારું નામ? ..................
3. આમ જાઉં, તેમ જાઉં, જ્યાં જાઓ ત્યાં સાથે જાઉં,
   નાનો થાઉં, મોટો થાઉં, ઊંઘી જાઓ તો સંતાઈ જાઉં. ..................

### 2. પ્રવૃત્તિ : નિબંધસ્પર્ધા તા. જૂથકાર્ય

- ૫-૫ના જૂથમાં વહેંચાઓ અને નીચે આપેલી જાહેરાત વાંચી તેને આધારે જવાબ આપો.

**નિબંધ સ્પર્ધા**

**નીચે આપેલ ત્રણ પૈકી કોઈ પણ એક વિષય પર 250 શબ્દોમાં નિબંધ લખીને મોકલો.**

**(ફક્ત 11 થી 18 વર્ષનાં બાળકો માટે જ)**

(મોકલવાની છેલ્લી તારીખ 15 માર્ચ)

| | |
|---|---|
| (૧) ગ્લોબલ વૉર્મિંગ | પ્રથમ ઈનામ : 5000/- |
| (૨) જળ સંરક્ષણ | દ્વિતીય ઈનામ : 2500/- |
| (૩) પરમાણુ ઊર્જા | તૃતીય ઈનામ : 1000/- |

સ્પર્ધામાં ભાગ લેવા માટે મનસુખભાઈનો સંપર્ક કરો.

1. જાહેરાતમાં શું કરવાનું કહેવામાં આવ્યું છે?
2. સ્પર્ધામાં ભાગ લેવા તમે કોનો સંપર્ક કરશો?
3. સ્પર્ધામાં ત્રીજો નંબર આવે તો કેટલું ઈનામ મળે?
4. રોહિત 19 વર્ષનો છે. શું તે સ્પર્ધામાં ભાગ લઈ શકશે?
5. તમે કઈ તારીખ પહેલાં તમારી એન્ટ્રી મોકલી આપશો?


## 3. પ્રવૃત્તિ : માપનની મજા તા. જૂથકાર્ય

- વિદ્યાર્થી કંપાસબોક્સની નાની માપપટ્ટી અને કપડાંની રિબન અને દોરી સાથે રાખશે.
- વિદ્યાર્થીમિત્રો, નીચે આપેલ પ્રવૃત્તિઓ 4 થી 5નું જૂથ બનાવી કરો અને આપેલ પ્રશ્નોની ચર્ચા કરી વર્ગખંડમાં રજૂઆત કરો.

1. આમાંથી કયું અંતર આપેલ માપપટ્ટીના એક જ વખત ઉપયોગ દ્વારા માપી શકાય નહીં?

   A. 0.1 મીટર  B. 0.15 મીટર  C. 0.05 મીટર  D. 0.2 મીટર


2. રિબનનો પાંચ વખત ગડી કરેલ (ફોલ્ડ) ભાગ માપપટ્ટી આગળ આકૃતિમાં દર્શાવ્યા મુજબ રાખેલ છે. તો રિબનની લંબાઈ કોની વચ્ચે હશે?



   A. 1.60 મી થી 1.70 મી.  B. 1.15 મી થી 1.25 મી.

   C. 1.50 મી. થી 1.60 મી.  D. 1.25 મી. થી 1.35 મી.

3. આકૃતિમાં દર્શાવેલ જાળી (ગ્રીલ) સીધા અને વક્ર લોખંડના સળિયાની બનેલી છે. તો તમે આ સળિયાનું માપન કેવી રીતે કરશો કે જેથી કોન્ટ્રાક્ટરને મહેનતાણું ચૂકવી શકાય.



## 4. પ્રવૃત્તિ : મૌખિક ચર્ચા તા. જૂથકાર્ય

- જો હું .......... હોઉં તો?
  (કીડી, કમ્પ્યૂટર, મચ્છર, ખુરશી)
- જૂથચર્ચા કરી વર્ગમાં રજૂઆત કરો. જો બે કીડી / કમ્પ્યૂટર / મચ્છર / ખુરશી એક-બીજા સાથે વાત કરે તો કેવી વાત કરતાં હશે? જૂથમાં સંવાદ કરો.

## 5. પ્રવૃત્તિ : પરિસ્થિતિની પરખ તા. જૂથકાર્ય

- વર્ગમાં પાંચ-પાંચનાં જૂથ બનાવો. જૂથમાં નીચેનાં વાક્યો પર સૂચના પ્રમાણે કાર્ય કરો.

  સંવાદ :

  1. ઝંખવાણાં પડી જવું એટલે શું? શું તમે જીવનમાં ક્યારેય ઝંખવાણાં પડી ગયા છો? જો હા, તો ક્યારે? જો ના, તો તમારા મિત્ર કોઈ પરિસ્થિતિમાં ઝંખવાણાં પડી ગયા હોય તો તે પરિસ્થિતિ વર્ણવો. જો તમે તમારા જીવનમાં ઝંખવાણાં પડી ગયા હોવ તો તે પરિસ્થિતિ વર્ણવો.
  2. સ્તબ્ધ થઈ જવું એટલે શું? તમે જીવનમાં ક્યારેય સ્તબ્ધ થઈ ગયા હોય તેમ બન્યું છે? જો હા તો તે પ્રસંગ વર્ણવો. જો ના તો તમારો મિત્ર કોઈક પરિસ્થિતિમાં સ્તબ્ધ થઈ ગયો હોય તે પરિસ્થિતિ વર્ણવો.
  3. ઠાવકાઈથી કહેવું એટલે શું? શું તમને ઠાવકાઈથી બોલતાં આવડે છે? નીચેનું વાક્ય ઠવકાઈથી બોલી બતાવો.

     "એવી તકલીફ રહેવા દો, સાહેબ !" આ પ્રકારનાં પાંચ અન્ય વાક્યો ઠાવકાઈથી બોલી બતાવો.
  4. શું જીવનમાં ક્યારેય મોતિયા મરી જવા જેવી પરિસ્થિતિ થઈ છે? જો હા તો તે પ્રસંગ વર્ણવો. ના તો, તમારા મિત્રની આવી કોઈક પરિસ્થિતિ થઈ ત્યારે કયો પ્રસંગ બન્યો હતો? તેવો કોઈક કાલ્પનિક પ્રસંગ વર્ણવો.

## 6. પ્રવૃત્તિ : યાદગાર સફર તા. જૂથકાર્ય

- વિદ્યાર્થીમિત્રો, નીચેની યાદગાર સફરનું વાચન કરી 4 થી 5નું જૂથ બનાવી આપેલ પ્રશ્નોની જૂથમાં ચર્ચા કરી વર્ગખંડમાં રજૂઆત કરો.

**યાદગાર સફર**

હું અને મારા મિત્રો વેકેશનમાં ઘણી રસપ્રદ જગ્યાઓની મુલાકાતે ગયા હતા. આવી જ એક મુલાકાત સિક્કિમ રાજ્યની હતી. જેમાં હિમાલયની પર્વતશ્રેણીઓ જોઈ જે બરફથી છવાયેલ હતી. જ્યારે પર્વતો ચડ્યા ત્યારે ખૂબ જ ઠંડી હતી. ત્યાં જોયેલાં વૃક્ષો જેવાં કે વાંસ, ઓક, ભોજપત્ર વગેરે અને ત્યાંનાં પ્રાણીઓ જેવાં કે રેડપાંડા, યાક, હિમાલિયન બ્લેક રીંછ, લંગૂર, વાંદરા એ આપણા ઘરની આસપાસ કે આપણા રાજ્યમાં જોવાં મળતાં વૃક્ષો અને પ્રાણીઓથી અલગ જ પ્રકારનાં હતાં. આવી જ એક મુલાકાત રાજસ્થાનની કરી હતી ત્યાં રણમાં

ઊંટની સવારી કરી. રણપ્રદેશમાં વનસ્પતિઓ જોઈ તો મોટાભાગની કાંટાવાળી વનસ્પતિ જોવા મળી. આ યાદગાર પ્રવાસો યાદ કરતાં વિચાર આવ્યો કે, આ બધી જ જગ્યાઓ એકબીજાથી અલગ હતી. કેટલીક ખૂબ ઠંડી તો કેટલીક ગરમ અને સૂકી, તો આપણા ઘરની આસપાસની જગ્યા કરતાં અલગ પ્રકારની, ત્યાંના લોકોના પહેરવેશ(કપડાં)માં ભિન્નતા લાગી. પ્રાણીઓની રચના, વૃક્ષોની રચના અલગ જોવા મળી.

- જૂથકાર્યમાં ચર્ચા

1. ઠંડા પ્રદેશમાં જોવા મળતાં પ્રાણીઓની વિશેષતા નોંધો.
2. ગરમ અને સૂકા પ્રદેશમાં જોવા મળતાં પ્રાણીઓની વિશેષતા નોંધો.
3. ગરમ અને સૂકા પ્રદેશમાં ઊગતી વનસ્પતિની વિશેષતા જૂથચર્ચા કરી નોંધો.
4. ઠંડા પર્વતીય વિસ્તારના પ્રદેશમાં ઊગતી વનસ્પતિની વિશેષતા ચર્ચા કરી નોંધો.
5. ગરમ અને સૂકા પ્રદેશ તથા ઠંડા પર્વતીય વિસ્તારનાં પ્રાણીઓમાં જોવા મળતી ભિન્નતા (તફાવત) નોંધો.
6. ગરમ અને સૂકા પ્રદેશ તથા ઠંડા પર્વતીય વિસ્તારની વનસ્પતિઓમાં જોવા મળતી ભિન્નતા નોંધો.
7. ગરમ અને સૂકા પ્રદેશ તથા ઠંડા પર્વતીય વિસ્તારના લોકોના પોશાકની ભિન્નતા નોંધો.

## 7. પ્રવૃત્તિ : શબ્દોની જોડ તા. વ્યક્તિગત કાર્ય

- સમાનાર્થી શબ્દોની જોડ બનાવી લખો.

પાણી જળ
દમડી જનની માતા
ધનવાન રવિ
સૂરજ જિંદગી ખુશી
પરાજય
દીપ કુટુંબ
ગમગીન ઉદાસ શરીર
આનંદ
શ્રીમંત પરિવાર આખલો
સાંઢ દેહ
ભગવાન
પૈસો હાર પ્રભુ
નોકર
સેવક જીવન

ઉદાહરણ : જનની = માતા

**8. પ્રવૃત્તિ : યોગ્ય શબ્દ પસંદ કરીએ તા. જોડીકાર્ય**

- કૌંસમાં આપેલ શબ્દોનો ઉપયોગ કરી રૂઢિપ્રયોગોના અર્થ લખો.

(ખૂબ ઉત્સાહ અને ધગશથી, જવા માટે છૂટા પડવું, કામ બંધ કરવું, શરૂઆત કરવી, છોડી દેવું, કામચોરી વિના કામે લાગવું, ખૂબ દુઃખ થવું, શાંત થઈ જવું, પાછા હટવું, પૂરેપૂરી લગનથી કામ કરવું)

1. પડતું મૂકવું : ..........................................................
2. નિઃશબ્દ બની જવું : ..........................................................
3. વિદાય લેવી : ..........................................................
4. જોતરાઈ જવું : ..........................................................
5. દિલ દઈને : ..........................................................
6. આત્મા રેડી દેવો : ..........................................................
7. પગરણ માંડવાં : ..........................................................
8. દિલ દ્રવી ઊઠવું : ..........................................................
9. માંડી વાળવું : ..........................................................
10. પાછી પાની કરવી. : ..........................................................

**9. પ્રવૃત્તિ : ખાનામાં યોગ્ય શબ્દ મૂકો તા. જૂથકાર્ય**

- બોક્સમાં આપેલા શબ્દોને યોગ્ય ખાનામાં મૂકી કોઠો પૂરો કરો.

(કોળું, દ્રાક્ષ, કેરી, સફરજન, તડબૂચ, શેરડી, જામફળ, જાંબું, ભીંડા, કોબીજ, રીંગણાં, ફલાવર, ગાજર, કારેલાં, બટાટા, ડુંગળી, ઉત્તરાયણ, દિવાળી, હોળી, રક્ષાબંધન, નાતાલ, જન્માષ્ટમી, સ્વેટર, છત્રી, રેઈનકોટ, સ્કાર્ફ, પંખો, ચશ્માં, હીટર, એ.સી.)

| | ફળ | શાકભાજી | તહેવાર | ઉપયોગી વસ્તુઓ |
|---|---|---|---|---|
| શિયાળો | | | | |
| ઉનાળો | | | | |
| ચોમાસું | | | | |

# છઠ્ઠું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : શબ્દરચના તા. જોડીકાર્ય

- આપેલા શબ્દો સાથે સંબંધિત પાંચ-પાંચ શબ્દો જણાવો.

દા.ત. દરિયો : તોફાની, મોજાં, હોડી, ઘૂઘવતો, અફાટ

જંગલ : 1 ........... 2 ........... 3 ........... 4 ........... 5 ...........

નદી : 1 ........... 2 ........... 3 ........... 4 ........... 5 ...........

ગામ : 1 ........... 2 ........... 3 ........... 4 ........... 5 ...........

ઘર : 1 ........... 2 ........... 3 ........... 4 ........... 5 ...........

ઘઉં : 1 ........... 2 ........... 3 ........... 4 ........... 5 ...........

કેરી : 1 ........... 2 ........... 3 ........... 4 ........... 5 ...........

## 2. પ્રવૃત્તિ : કાળ બદલો તા. જૂથકાર્ય

- નીચેનાં વાક્યો વાંચીને ક્રિયા થઈ ગઈ છે એવો ભાવ દર્શાવતા વાક્યમાં પરિવર્તન કરો.

ઉદા. શહેરમાં ડેન્ગ્યૂ ફેલાયો છે.

શહેરમાં ડેન્ગ્યૂ ફેલાયો હતો.

1. આકાશમાંથી અગ્નિ વરસે છે.
2. હું તમારે ઘેર જ આવું છું.
3. પંકજ મુંબઈ જવા નીકળે છે.
4. વરસાદ આજે જ ખૂબ પડે છે.
5. મયૂર પતંગ ચગાવે છે.
6. આકાશમાં પંખીઓ ઊડે છે.
7. નદીમાં માછલીઓ તરે છે.
8. આકાશમાં વીજળી ચમકે છે.
9. શેરીમાં કૂતરાં ભસે છે.
10. વડની ડાળીએ બાળકો હીંચકા ખાય છે.
11. વૃંદા ગણિતના દાખલા ગણે છે.
12. બા મંદિરમાં દર્શન કરે છે.
13. સિંહ ભારતમાં માત્ર સાસણગીરમાં જોવા મળે છે.
14. શાળામાં વિદ્યાર્થીઓ સફાઈ કરે છે.

## 3. પ્રવૃત્તિ : મૂળાક્ષરોમાં સંમિતિની રેખાઓ તા. જૂથકાર્ય

- અંગ્રેજી, હિન્દી તથા ગુજરાતી મૂળાક્ષરોની યાદી બનવો. જેમ કે A, B, C, …ક, ખ, ગ, … क, ख, ग,… તેમાંથી કયા મૂળાક્ષરો સંમિત છે? અને કયા નથી? જે સંમિત છે, તેની સંમિતિની રેખા નક્કી કરો. યાદીમાંના તમામ મૂળાક્ષરોનું નીચે મુજબ વર્ગીકરણ કરો.

| સંમિત ન હોય તેવા મૂળાક્ષરો | સંમિતિની એક રેખા મળતી હોય તેવા મૂળાક્ષરો | બે કે તેથી વધારે સંમિતિની રેખા મળતી હોય તેવા મૂળાક્ષરો |
|---|---|---|
| P, ખ, F, G, ઘ, છ, ख, ज, … | B, M, દ…વગેરે | O, … |

- ઉપરોક્ત વર્ગીકરણ મુજબ બાકી રહેલા મૂળાક્ષરોની નોંધ કરો.

## 4. પ્રવૃત્તિ : ટેબલની ટકટક તા. જોડીકાર્ય

- તમારા વર્ગખંડનાં ટેબલ-ખુરશી વાત કરતાં હોય તો શી વાતો કરે?

## 5. પ્રવૃત્તિ : વાર્તા રે વાર્તા તા. જોડીકાર્ય

- ગુજરાતી પ્રથમ સત્ર પાઠ્યપુસ્તક પાન નં. 9 અને 10 પર આપેલ બોધકથા 'સ્વ-મૂલ્યાંકન' વાંચો. જોડીમાં ચર્ચા કરી પ્રશ્નોના જવાબ આપો.
  1. વાર્તામાં વ્યક્ત થતા બોધ અને મૂલ્ય વિશે જણાવો.
  2. વાર્તામાં આવતાં પાત્રોનાં નામ જણાવો.
  3. મુખ્ય પાત્રનું નામ જણાવો.
  4. ઘી, લૂ, છી જેવા એકાક્ષરી શબ્દો શોધીને લખો.
  5. યુવકને પોતાના કામથી સંતોષ હતો?

## 6. પ્રવૃત્તિ : સમયપત્રક તા. જૂથકાર્ય

- આપેલા વર્ગના સમયપત્રકને ધ્યાનથી વાંચો. જૂથમાં ચર્ચા કરીને આપેલા પ્રશ્નોના સાચા જવાબ પર ✓ ખરાંની નિશાની કરો. (નોંધ : અહીં દરેક તાસ એક કલાકનો છે.)

| | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
|---|---|---|---|---|---|---|---|
| સોમવાર | અંગ્રેજી | હિન્દી | હિન્દી | વિજ્ઞાન | કલા | ગણિત | કાર્યાનુભવ |
| મંગળવાર | હિન્દી | અંગ્રેજી | સા.જ્ઞાન | કલા | ગણિત | વિજ્ઞાન | શા.શિક્ષણ |
| બુધવાર | સા.જ્ઞાન | અંગ્રેજી | હિન્દી | શા.શિક્ષણ | વિજ્ઞાન | ગણિત | પુસ્તકાલય |
| ગુરૂવાર | વિજ્ઞાન | ગણિત | હિન્દી | કાર્યાનુભવ | અંગ્રેજી | સા.જ્ઞાન | શા.શિક્ષણ |
| શુક્રવાર | સા.જ્ઞાન | ગણિત | વિજ્ઞાન | અંગ્રેજી | કલા | હિન્દી | શા.શિક્ષણ |

1. બુધવારે છઠ્ઠા તાસમાં કયો વિષય શીખવવામાં આવશે?

   1. ગણિત   2. વિજ્ઞાન   3. સા.વિજ્ઞાન   4. હિન્દી

2. પુસ્તકાલયમાં કયા દિવસે જઈ શકાય?

   1. સોમવારે   2. મંગળવારે   3. બુધવારે   4. ગુરુવારે

3. કયો વિષય સતત બે કલાક સુધી શીખવવામાં આવે છે?

   1. અંગ્રેજી   2. વિજ્ઞાન   3. ગણિત   4. હિન્દી

4. અઠવાડિયામાં કેટલી વખત પુસ્તકાલયમાં જવા મળશે?

   1. એક   2. બે   3. ત્રણ   4. ચાર

5. કલા માટે કુલ કેટલો સમય ફાળવવામાં આવ્યો છે?

   1. બે કલાક   2. ત્રણ કલાક   3. ચાર કલાક   4. પાંચ કલાક

## 7. પ્રવૃત્તિ : 'અલગ' કોણ   તા.   જોડીકાર્ય

- અલગ પડતા શબ્દ ફરતે ગોળ ◯ કરો.

| | | | |
|---|---|---|---|
| 1. કારેલાં | વટાણા | કોબિજ | રીંગણાં |
| 2. ગુલાબ | કમળ | જાસૂદ | જાંબું |
| 3. પુસ્તક | પેન્સિલ | રબર | ડ્રેસ |
| 4. શિક્ષક | વિદ્યાર્થી | આચાર્ય | ડૉક્ટર |
| 5. ડૉક્ટર | એન્જિનિયર | વકીલ | બાળક |
| 6. તપેલી | વાટકી | ચમચી | નળ |
| 7. પથારી | પલંગ | ઊંઘ | બ્રશ |
| 8. ગાય | ભેંસ | બળદ | ચકલી |
| 9. કીડી | કબૂતર | મંકોડા | ગોકળગાય |

## 8. પ્રવૃત્તિ : હું બનું આયોજક   તા.   જોડીકાર્ય

- કોઈ પણ નેતા, ક્રિકેટર, અભિનેતા કે જાણીતી વ્યક્તિઓમાંથી તમે કોને તમારા ઘરે જમવા આમંત્રણ આપશો? શું જમવાનું બનાવશો? તેમની સાથે તમે શી વાતો કરશો? તમારા ગામ કે શહેરના કયા સ્થળે ફરવા લઈ જશો?

## સાતમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : ચિત્ર વાંચીએ તા. જોડીકાર્ય

- ધોરણ – 6 ગણિત પાના નં. 144 પરની પ્રવૃત્તિ : 3નાં ચિત્રોનું અવલોકન કરો. પ્રશ્નોની ચર્ચા કરો અને જવાબ આપો.
  1. તમે દર્શાવેલ સ્થળે રહેતા હો તો કેવાં કપડાં પહેરશો?
  2. ધારો કે, તમે હિમાચલપ્રદેશમાં રહો છો અને તમારો મિત્ર રાજસ્થાન રહે છે, એ રીતે બંને સંવાદ કરો.

### 2. પ્રવૃત્તિ : હું છું સરસ મજાનું ફૂલ તા. જોડીકાર્ય

- કોષ્ટકમાં ફૂલોનાં નામ છુપાયેલાં છે. તેમને ઓળખીને કોષ્ટકમાં લીટી કરો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| તા | ગુ | લા | બ | કા | ડ | કું | રા | નિ |
| ર | ણ | ક | ચં | ખ | રૂ | વા | ત | જા |
| ણ | દા | ડી | પો | ર | મો | ર | રા | સુ |
| પા | રિ | જા | ત | તા | ગ | વિ | ણી | દ |
| ગ | ર | ગો | ખ | સ | રો | ક | મ | ળ |
| લ | ણ | આ | ક | ડો | ક | ર | મ | ણ |
| ગ | લ | ગો | ટો | લ | ડા | ક | રે | ણ |

1. …………… 2. …………… 3. ……………

4. …………… 5. …………… 6. ……………

### 3. પ્રવૃત્તિ : ઉખાણાં ઉકેલો તા. જૂથકાર્ય

- ઉખાણાં ઉકેલો
  1. ટીક-ટીક-ટીક હું ચાલું છું. સમય બધાને બતાવું છું :- ……….
  2. હું છું ઘરનો રક્ષક વફાદારીની મૂર્તિ :- ……….
  3. ઠંડા લોહીનો હું જીવ છું. કૂદી-કૂદીને હું ચાલું છું. :- ……….
  4. ગુજરાતનું હું રાજ્ય વૃક્ષ છું. સ્વાદમાં હું ખૂબ જ કડવો છું. :- ……….
  5. મનોરંજનનો હું છું ખજાનો. દેશ-દુનિયાના પ્રોગ્રામ લોકોને બતાવતો. :- ……….

**4. પ્રવૃત્તિ : સંખ્યાઓને ઓળખો અને લખો. તા. જોડીકાર્ય**

- નીચેની સંખ્યાઓને અંકોમાં લખો.
  1. બે લાખ પાંચ હજાર દસ : ..........
  2. સત્તર લાખ છન્નું : ..........
  3. સિત્તેર લાખ સાતસો પંચોતેર : ..........
  4. ચાર કરોડ ઓગણ્યાએંસી હજાર અઠ્યાવીસ : ..........
  5. ચૌદ કરોડ ત્રણ લાખ આઠસો : ..........
  6. તોંતેર લાખ પંચોતેર હજાર ત્રણ સો સાત : ..........
  7. નવ કરોડ પાંચ લાખ એકતાલીસ : ..........
  8. સાત સો સાડત્રીસ હજાર આઠ : ..........
  9. અઠ્ઠાવન લાખ ચાલીસ હજાર નવસો : ..........
  10. બે કરોડ બાવીસ લાખ સાત હજાર : ..........

**5. પ્રવૃત્તિ : હું બનું આંબો ને તું બને પીપળો તા. જોડીકાર્ય**

- તમે અને તમારા મિત્ર તમારી શાળાના વૃક્ષ બની સંવાદ કરો.

**6. પ્રવૃત્તિ : શબ્દસમૂહ માટે એક શબ્દ તા. જોડીકાર્ય**

- શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.
  (અતિશયોક્તિ, નખશીખ, અક્ષયપાત્ર, અકલ્પ્ય, વિભાજન, સ્વયંસેવક, વિવેકબુદ્ધિ, દિનચર્યા, ઉડાઉ, શ્રમજીવી)


| શબ્દસમુહ | એક શબ્દ |
|---|---|
| 1. જેમાંથી વસ્તુ ખૂટે નહીં તેવું. | |
| 2. કલ્પી ન શકાય તેવું. | |
| 3. વધારીને વાત કરવી તે. | |
| 4. પગથી માથા સુધી. | |
| 5. જોઈએ તે કરતાં વધુ ખર્ચ કરનાર. | |
| 6. દિવસનો કાર્યક્રમ | |
| 7. ભાગી શકાય તેવું | |
| 8. મહેનત કરીને જીવનાર | |
| 9. પોતાની રીતે સેવા આપનાર | |
| 10. સારા નરસાને પારખનારી શક્તિ | |

## 7. પ્રવૃત્તિ : કાપડની યાત્રા તા. જોડીકાર્ય

- વિદ્યાર્થીઓ બે-બેની જોડીમાં તમારા વિજ્ઞાનના પાઠ્યપુસ્તકના પાના નં. 23 પર "તમે ક્યારેય વિચાર્યું છે કે …… ખૂબ જ વિવિધતા જોવા મળે છે." ફકરો વાંચો અને આપેલ પ્રશ્નોની ચર્ચા કરી વર્ગખંડમાં રજૂઆત કરો.
  1. પ્રાચીન સમયમાં કપડાં માટે કયા મટિરિયલનો ઉપયોગ થતો? શા માટે?
  2. શણ બનાવવા શણની વનસ્પતિના કયા અંગનો ઉપયોગ થાય છે?
  3. સોયની શોધ થયા પહેલાં કપડાં કેવી રીતે પહેરવામાં આવતાં હતાં? શા માટે?
  4. દેશમાં જેમ ખોરાકમાં વિવિધતા જોવા મળે છે, તેવી જ રીતે કાપડ અને પહેરવેશમાં પણ શા માટે વિવિધતા જોવા મળે છે?

## 8. પ્રવૃત્તિ : મને જોડો તા. જોડીકાર્ય

- સંબંધિત શબ્દોનાં જોડકાં બનાવો. અહીં એક ઉદાહરણ આપેલ છે.



## 9. પ્રવૃત્તિ : ખાલીજગ્યા પૂરો      તા.      જૂથકાર્ય

- નીચે આપેલ ફકરો વાંચીને યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલીજગ્યા પૂરો. તેમાંથી પાંચ પ્રશ્ન બનાવો.

  મહાનગરપાલિકાના મુખ્ય વહીવટી અધિકારીની નિમણૂક ........... સરકાર કરે છે. એ અધિકારી મ્યુનિસિપલ ........... કહેવાય છે. મહાનગરપાલિકાના ચૂંટાયેલા બહુમતી સભ્યોએ અને વિવિધ સમિતિઓએ લીધેલા નિર્ણયોનો ........... કરાવવાની કામગીરી તેઓ ...........છે. મહાનગરપાલિકાના બીજા અધિકારીઓ જેવા કે મુખ્ય ઈજનેર, આરોગ્ય ..........., કરવેરા અધિકારી તેમજ અન્ય અધિકારીઓ એમનાં ........... અને સલાહ સૂચનો અનુસાર પોતપોતાની ........... બજાવે છે. ચૂંટાયેલા ...........માંથી વિવિધ ........... બનાવવામાં આવે છે. જેમાં કારોબારી સમિતિ સૌથી વધારે ........... છે.

| | | | | |
|---|---|---|---|---|
| રાજ્ય | અમલ | કમિશનર | કરે | અધિકારી |
| માર્ગદર્શન | ફરજ | સભ્યો | સમિતિઓ | મહત્ત્વની |

## 10. પ્રવૃત્તિ : અમારી વાર્તા      તા.      જોડીકાર્ય

- શબ્દોનો ઉપયોગ કરી વાર્તાલેખન કરો.

  રાજા, જંગલ, ઘોડો, તળાવ, હાથી, સાપ, રાત, વૃક્ષ, સપનું, ખજાનો.

  વાર્તા બનાવો :

  સુંદરપુર નગરમાં પરાક્રમસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો...

## આઠમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : મારી વાનગી તા. જૂથકાર્ય

- આ પ્રવૃત્તિ બાળકોએ જૂથમાં કરવાની છે. બાળકો જૂથમાં ચર્ચા કરીને પ્રક્રિયાનું મૌખિક રીતે વર્ણન કરશે. ઉદાહરણ "શાક" બનાવવાના સમયે શાક ધોવાથી લઈને શાક તૈયાર થઈ જાય ત્યાં સુધી કઈ પ્રક્રિયાઓ કરવાની હોય છે તેનું વર્ણન કરો.

### 2. પ્રવૃત્તિ : છ ને છૂ... કરો તા. જૂથકાર્ય

- નીચેનાં વાક્યોમાં આવેલા કેટલાક અક્ષરોને 'છ' એ માથે બેસાડ્યા છે. પગમાં પહેર્યા છે કે પડખે ટીંગાડ્યા છે. એ બધાને 'છ'ની ચુંગાલમાંથી મુક્ત કરી તેનાં સ્થાને યોગ્ય અક્ષરો લખી વાક્ય ફરી લખો. વાક્ય વાંચી સૂચના મુજબ કાર્ય કરો.
- દા.ત.

  1. છૂભા છાવ - ઊભા થાવ
  2. છાથ ઉંછા છરો : હાથ ઊંચા કરો.
  3. છાક છકડો – નાક પકડો.

1. છાલી છોડો : ..........................................................
2. છૂદકો છાડો : ..........................................................
3. છપટી છગાડો : ..........................................................
4. છાંખો છંધ છરો : ..........................................................
5. છખો : ..........................................................
6. છેક છોકરી છુપર છીંટનો ઢગલો હતો : ..........................................
7. છીલા છેની છુપર છૂભી હતી. : ..........................................

### 3. પ્રવૃત્તિ : મને પૂરો તા. જોડીકાર્ય

- નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.

  1. ચાર અંકોની મોટામાં મોટી સંખ્યા ........... છે.
  2. છ અંકોની નાનામાં નાની સંખ્યા ........... છે.
  3. 6 કિલોમીટર = ........... મીટર
  4. 1 લિટર = ........... મિલીલિટર
  5. 15000 ગ્રામ = ........... કિલોગ્રામ

## 4. પ્રવૃત્તિ : ચિત્ર વાંચીએ તા. જૂથકાર્ય

- ધોરણ-6ના અંગ્રેજી પાઠ્યપુસ્તક સેમેસ્ટર-2 પાના નં. 11 પર આપેલ ચિત્રને તમારા જૂથમાં ધ્યાનથી જુઓ. ચિત્રના આધારે જૂથમાં ચર્ચા કરીને પ્રશ્નોના ઉત્તર વર્ગસમક્ષ રજૂ કરો.

1. ચિત્રમાં બતાવેલ શાળાનો સમય શો હશે?

   (અ) સવારપાળી (બ) બપોરપાળી

2. બારી પાસેની બેચ નં. 2નો બાળક શું કરી રહ્યો છે?
3. ચિત્રમાં દેખાતા બાળકના હાથમાં કેટલાં પુસ્તકો છે?
4. અહીં બાળકો શા માટે મસ્તી કરતાં હશે?
5. તમે જો આ ક્લાસમાં હો તો શું-શું કરો?

## 5. પ્રવૃત્તિ : શબ્દ લેખન તા. જોડીકાર્ય

- એક શબ્દમાંથી અનેક અર્થપૂર્ણ શબ્દો બનાવો.

1. અમદાવાદ : અદા, દવા, .........., .........., ..........,
2. ભાવનગર : .........., .........., .........., .........., ..........,
3. સફરજન : .........., .........., .........., .........., ..........,
4. દરવાન : .........., .........., .........., .........., ..........,
5. વિદ્યાભારતી : .........., .........., .........., .........., ..........,
6. જામનગર : .........., .........., .........., .........., ..........,
7. નગરપાલિકા : .........., .........., .........., .........., ..........,
8. ભમરડો : .........., .........., .........., .........., ..........,
9. રાધનપુર : .........., .........., .........., .........., ..........,
10. જમશેદપુર : .........., .........., .........., .........., ..........,

| **6. પ્રવૃત્તિ : પ્રતિજ્ઞાપત્ર** | **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- આપેલ પ્રતિજ્ઞાપત્રમાં જે શબ્દોની નીચે લીટી કરેલ છે તેના અર્થ જણાવો.

ભારત મારો દેશ છે.

બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારાં દેશને ચાહું છું અને તેના <u>સમૃદ્ધ</u> અને <u>વૈવિધ્યપૂર્ણ</u> વારસાનો મને ગર્વ છે.

હું <u>સદાય</u> તેને <u>લાયક</u> બનવા પ્રયત્ન કરીશ.

હું મારા માતા-પિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે <u>આદર</u> રાખીશ અને

દરેક જણ સાથે <u>સભ્યતાથી</u> વર્તીશ

હું મારા દેશ અને <u>દેશબાંધવોને</u> મારી <u>નિષ્ઠા</u> અર્પું છું.

તેમનાં <u>કલ્યાણ</u> અને <u>સમૃદ્ધિમાં</u> જ મારું સુખ રહ્યું છે.

1. ઉપર જણાવેલ પ્રતિજ્ઞાપત્રમાં જે શબ્દોની નીચે લીટી દોરેલ છે તેમના વિરુદ્ધાર્થી શબ્દો જણાવો.
2. પ્રતિજ્ઞાપત્રના લીટી કરેલા શબ્દોના જે વિરુદ્ધાર્થી અને સમાનાર્થી શબ્દો બન્યા છે તેના પરથી વાક્ય બનાવો.

| **7. પ્રવૃત્તિ : મને સુધારો** | **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- વાક્યો વાંચો, ભૂલ સુધારીને સાચું વાક્ય બનાવો.

1. સિંહ દરમાં અને કીડી ગુફામાં રહે છે.

.......................................................................

2. હું રાતે વહેલા ઊઠીને સવારે વહેલા સૂઈ જાઉં છું.

.......................................................................

3. રીટા ઈદના દિવસે દીપ પ્રગટાવે છે.

.......................................................................

4. મુકેશ ચોમાસામાં સ્વેટર પહેરીને વરસાદથી રક્ષણ મેળવે છે.

.......................................................................

5. ખેડૂત ખેતરમાં મોબાઈલનું વાવેતર કરે છે.

.......................................................................

6. ટપાલી ખાનામાંથી ચકમકતો સોનાનો હાર બતાવીને ઘડામણ કરવા લાગ્યો.

.....................................................................

7. પક્ષીઓએ ઘરનાં બારણાં બંધ કર્યાં ત્યારે માણસો ઊડીને માળામાં પહોંચ્યા.

.....................................................................

8. અઠવાડિયાના આઠમા દિવસે રજા આવશે ત્યારે એપ્રિલ મહિનાની ૩૧મી તારીખ હશે.

.....................................................................

9. સફરજન ઘોળીને સર કાઢીને રીપૂ સાથે ખાવાની મજા કંઈક જુદી જ છે.

.....................................................................

10. ઘીથી લથપથ ગરમગરમ પીઝા ચીઝ રોટલીની તોલે ના આવે.

.....................................................................

11. જ્યારે પાક તૈયાર થઈ જાય ત્યારે ખેડૂત વાવણી કરીને ઢગલા કરી દે છે.

.....................................................................

12. ફરજ પાડીને કરાવેલી કામગીરી કરતાં નોકર તરીકે કરેલી કામગીરી વધારે અસરકારક હોય છે.

.....................................................................

**8. પ્રવૃત્તિ : વાંચો અને કહો તા. જોડીકાર્ય**

- ફકરો વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર વર્ગસમક્ષ રજૂ કરો.

સાચી મૈત્રી આશીર્વાદરૂપ છે. સાચો મિત્ર આપણો હંમેશનો સાથીદાર છે. આપણને સાચા રસ્તે દોરે છે. આપણી સારી વસ્તુઓને કે આપણા ગુણોને તે વખાણે છે અને આપણી અવળી બાજુનો નિર્દેશ કરી આપણને તેનાથી દૂર થવા શિખામણ આપે છે. આપણને અવળે રસ્તે જતા અટકાવે છે. વિકટ પ્રશ્નમાં તે આપણને સાચી અને યોગ્ય સલાહ આપે છે. આપણા જીવનમાં તે ઓતપ્રોત થઈ જાય છે અને તે એ રીતે સાચો મિત્ર એક વિશુદ્ધ અરીસાનું કામ કરે છે. આપણું સાચું પ્રતિબિંબ પાડે છે. તદુપરાંત જો પ્રતિબિંબ વિકૃત હોય તો તેને સુંદર બનાવવા મથે છે. મૈત્રીમાં સ્વાર્થભાવના ન હોય. સાચા મિત્ર પાસેથી કંઈ પણ લેવાની વૃત્તિ હરગિજ ન હોવી જોઈએ. બલકે પાસે હોય તે આપવાની વૃત્તિ હોવી જોઈએ. ત્યાગભાવના વિનાની મૈત્રી લાંબો સમય ટકતી નથી.

- ગુણવંત શાહ

1. ગદ્યાંશનું સારરૂપ વાક્ય કયું છે?

.........................................................................

2. ફકરાને આધારે તમે કેવો મિત્ર શોધશો? શા માટે?

.........................................................................

3. ગદ્યાંશમાં રજૂ થયેલ મુદ્દાઓમાં સાચો ક્રમ ધરાવતો વિકલ્પ કયો છે?
   અ. મૈત્રીનું મહત્ત્વ / મિત્રપસંદગીનાં ધોરણો / મિત્રની કામગીરી / સાચી મૈત્રીની ખાસિયત.
   બ. મિત્રની કામગીરી / મિત્રપસંદગીનાં ધોરણો / મૈત્રીનું મહત્ત્વ / સાચી મૈત્રીની ખાસિયત
   ક. મિત્રપસંદગીનાં ધોરણો / સાચી મૈત્રીની ખાસિયત / મૈત્રીનું મહત્ત્વ / મિત્રની કામગીરી
   ડ. સાચી મૈત્રીની ખાસિયત / મૈત્રીનું મહત્ત્વ / મિત્રની કામગીરી / મિત્રપસંદગીના ધોરણો

4. ફકરામાંથી રૂઢિપ્રયોગ શોધી તેનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

.........................................................................

.........................................................................

5. ફકરાને કયું શીર્ષક આપશો?

## 9. પ્રવૃત્તિ : અવલોકન કરો          તા.          જોડીકાર્ય

- નીચે કેટલીક સૂચનાઓ આપેલ છે. આ સૂચનાઓના ક્રમ જેટલી કોઈ પણ પાઠ્યપુસ્તકનાં 30 પાનાં સુધી આધાર રાખો. જોડીમાંનો એક વિદ્યાર્થી કોઈ પણ પુસ્તક ખોલે અને જે ક્રમનું પાનું હોય તે ક્રમ પ્રમાણેની સૂચના મુજબ વર્તન કરે. વિદ્યાર્થીના વર્તન પરથી બીજો વિદ્યાર્થી કહી બતાવે કે તેણે કયા ક્રમની સૂચનાનું પાલન કર્યું છે ? ત્યારબાદ દરેક જોડી વર્ગમાં બે-બે સૂચનાઓ પ્રમાણે કાર્ય કરી બતાવશે.

1. તમારી જગ્યા પર ઊભા થઈને ત્રણ તાળી પાડો.
2. તમારી જગ્યા પર બે વાર ઊભા થાઓ અને તમારી આંગળીઓથી ત્રિકોણ આકાર બનાવીને બેસી જાઓ.
3. તમારા વર્ગમાં ત્રણ વાર ગોળ-ગોળ ફરીને તમારા સ્થાને બેસી જાઓ.

4. તમારા સ્થાનેથી ઊભા થયા વિના, મોઢેથી બોલ્યા વિના ત્રણ ભૌમિતિક આકાર દર્શાવો.
5. તમારા વર્ગના બોર્ડ પર 10 તારા દોરો.
6. તમારા વર્ગમાં બેઠેલી અન્ય ત્રણ વ્યક્તિઓને કાનમાં એક વાક્ય કહો.
7. તમારા જમણા હાથે તમારી પીઠ થાબડો. તમારા ડાબા હાથે તમારી પીઠ થાબડો.
8. એકીશ્વાસે વચ્ચે અટક્યા વિના તમારા વર્ગખંડના બધા વિદ્યાર્થીઓના નામ બોલી જાઓ.
9. તમારી મનગમતી કવિતાની પાંચ પંક્તિ ગાઓ.
10. એક જોક કહો.
11. તમારી જગ્યાએ સાત કૂદકા મારો.
12. પાંચ ગુજરાતી મહિનાનાં નામ બોલો.
13. કોઈ એક કહેવત બોલો.
14. એક મિનિટ આંખો બંધ કરી કશું બોલ્યા વિના ઊભા રહો. 1 મિનિટ પછી ઓમકાર કરો.
15. કોઈ એક યોગાસન કરો.
16. તમારું મનગમતું ફિલ્મી ગીત ગાઓ.
17. તમારા ગમતા ગીત પર નૃત્ય / ડાન્સ કરો.
18. કોઈ એક રૂઢિપ્રયોગ બોલો.
19. તમારું જે નામ છે તેના બદલે તમારું બીજું નામ પાડવાનું કહેવામાં આવે તો કયું નામ પાડો? તમારો ત્રણ વાક્યમાં પરિચય આપો.
20. તમારા શિક્ષકને તેમનું નામ છે તે સિવાય અન્ય નામ આપવાનું કહે તો કયું નામ આપો?
21. ગિલ્લી-દંડો રમવાનો અભિનય કરો.
22. ક્રિકેટ રમવાનો અભિનય કરો.
23. વર્ગની એક દીવાલથી બીજી દીવાલ સુધી ઊંધા જઈને મોટા મોટા ડગલા વડે પહોળાઈ માપો.
24. જેમાંથી અવાજ ઉત્પન્ન થતો હોય તેવી પાંચ વસ્તુઓ જણાવો.
25. આજે પ્રાર્થનાસભામાં કઈ પ્રાર્થના કરવામાં આવી હતી?
26. તમારી આસપાસના કોઈ ફેરિયાના અવાજની નકલ કરી બતાવો.
27. કોઈ પણ ત્રણ પ્રાણીઓનો અભિનય કરો.
28. ત્રણ વ્યવસાયકારોનો અભિનય કરો.

## નવમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : શબ્દ – અક્ષર રમત તા. જોડીકાર્ય

- નીચે આપેલ શબ્દોનો પ્રથમ અક્ષર બદલીને શબ્દ ફરી બનાવો.

દા.ત. સુંદર : પંદર (સુંદર ગુણ હતો, પંદર સંખ્યા છે.)

ગાવડી : નાવડી (ગાવડી - પ્રાણી, નાવડી – વાહન)

1. સૂરજ
2. કૂકડો
3. નવરાત્રિ
4. માટલી
5. ચોટલો
6. રંગત
7. પુસ્તક
8. વારસ
9. ચૂંદડી
10. ભજન

- અહીં આપેલ શબ્દ અને નવા બનેલ શબ્દનાં અર્થમાં કોઈ તફાવત છે? - ચર્ચા કરો.

### 2. પ્રવૃત્તિ : વાક્યોને રસપ્રદ બનાવો તા. જૂથકાર્ય

- વાક્યોને અલગ-અલગ રીતે બોલો.

ઉદા. કાગડા એ કોયલને ગીત ગાવાની હરીફાઈ કરવા કહ્યું.

કાળા કાળા કાગડાભાઈએ કાળી કાળી કોયલકંઠી કોયલને કોમળ ગીત ગાવાની હરીફાઈ કરવા કહ્યું.

1. હાથી અને મચ્છર તળાવકિનારે ફરવા ગયા.
2. હંસ અને કાગડા વચ્ચે તરવાની સ્પર્ધા થઈ.
3. જંગલમાં શિયાળભાઈએ નિશાળ શરૂ કરી.

### 3. પ્રવૃત્તિ : ચાલો પ્રયત્ન કરીએ તા. જોડીકાર્ય

- અહીં ત્રણ પ્રશ્નો આપેલા છે. તેની ચર્ચા કરીને ઉકેલ શોધો.

1. 30 પુસ્તકોનું વજન 135 કિગ્રા છે, તો 24 પુસ્તકોનું વજન કેટલું થાય?
2. એક ટ્રકને 546 કિમી અંતર કાપવા માટે 84 લિટર ડિઝલની જરૂર પડે છે, તો 624 કિમી અંતર કાપવા કેટલા લિટર ડિઝલની જરૂર પડે?
3. રાજુ રૂા. 150માં 10 પેન ખરીદે છે અને મનીષ 7 પેન રૂા. 84માં ખરીદે છે. તમે કહી શકશો કોણે પેન સસ્તામાં ખરીદી?

## 4. પ્રવૃત્તિ : અગડમ બગડમ તા. જોડીકાર્ય


- વાક્યો ધ્યાનથી વાંચો અને તેમાંથી પ્રાપ્ત થતા અર્થની ચર્ચા કરી વર્ગસમક્ષ રજૂ કરો.
  1. કોહલી ONEમાં ગયો હતો. કોહલી વનમાં ગયો.
  2. સીમમાં જો, તેમાં બધું જ છે.
  3. તેણે કહ્યું મીટ અને હું સમજ્યો મીટ.
  4. બસ હવે આવે છે.
  5. નીડ હોય તો નિરાંતે ઊંઘ આવે.

## 5. પ્રવૃત્તિ : વાક્યોના આટાં - પાટાં તા. જોડીકાર્ય

- પ્રતિજ્ઞાપત્રનાં વાક્યો આડાં-અવળાં થઈ ગયાં છે. તેને યોગ્ય ક્રમમાં ગોઠવો.
  1. છે મારો દેશ ભારત.
  2. ભાઈબહેન છે મારા ભારતીયો બધાં.
  3. ચાહું છું દેશને મારા હું અને ગર્વ છે મને વારસાનો વૈવિધ્યપૂર્ણ અને સમૃદ્ધ તેના.
  4. હું પ્રયત્ન કરીશ સદાય તેને લાયક બનવા.
  5. હું આદર રાખીશ મારાં માતા-પિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે અને વર્તીશ સાથે દરેક જણ સભ્યતાથી.
  6. હું દેશબાંધવોને અને મારા દેશ મારી અર્પું છું નિષ્ઠા.
  7. છે રહ્યું સુખ મારું કલ્યાણ અને સમૃદ્ધિમાં જ તેમનાં

## 6. પ્રવૃત્તિ : સંબંધોની માયાજાળ તા. જૂથકાર્ય

- આકૃતિમાં મીનાના પરિવારની માહિતી આપેલી છે. તેના આધારે પ્રશ્નોના જવાબ આપો.




1. રાકેશનાં લગ્ન થયાં અને તેને એક દીકરી જન્મી. રાકેશની દીકરીનો દીનાનાથ સાથે શું સંબંધ થશે? : ...........

2. મીનાનાં લગ્ન અમિત સાથે થયાં તો અમિત રાકેશને શું થશે? : ...........
3. સુનિતાના પુત્રનો બિમલા સાથે શું સંબંધ થશે? : ...........
4. દીનાનાથના પિતાનો મીના સાથે શું સંબંધ થશે? : ...........
5. બિમલાની બહેનનો સુનિતા સાથે શું સંબંધ થશે? : ...........

## 7. પ્રવૃત્તિ : સમૂહવાચક શબ્દો       તા.       જોડીકાર્ય

- નીચેના શબ્દો વાંચીને તેની સાથે સમૂહવાચક શબ્દો મૂકો.

ઉદા. દોરાનો <u>લચ્છો</u>

| | | |
|---|---|---|
| 1. ઊંટની : ________ | 8. ઘેટાનું : ________ | 15. વૃક્ષની : ________ |
| 2. કપાસનો : _______ | 9. તારાનું : ________ | 16. વાંદરાની : _______ |
| 3. કાવ્યોનો : _______ | 10. ધુમાડાના : ______ | 17. સૈનિકોની : ______ |
| 4. ચાવીનો : _______ | 11. ફૂલોનો : ________ | 18. પંખીઓનું : ______ |
| 5. કેળાની : ________ | 12. વાળનો : ________ | 19. ધનનો : ________ |
| 6. ગાયોનું : _______ | 13. લોકોનું : ________ | 20. નોટોની : _______ |
| 7. ઘાસની : ________ | 14. લાકડાની : _______ | |

## 8. પ્રવૃત્તિ : વાક્યોને યોગ્ય રીતે લખો       તા.       જોડીકાર્ય

- નીચેનાં વાક્યો વાંચો, તેમાં જણાતી ભૂલ સુધારીને સાચું વાક્ય બનાવો.

1. વનમાં શિયાળ મોટી ત્રાડ પાડે છે.
2. સૂર્યોદય સમયે પ્રાણીઓનો કલરવ સંભળાય છે.
3. રમેશ ઉત્તરાયણને દિવસે ધાણી-ચણા ખાય છે.
4. ગુજરાતીઓ શિવરાત્રિના દિવસે ગરબા ગાય છે.
5. ઉનાળામાં લોકો ગરમ કપડાં પહેરે છે.
6. 30મી ફેબ્રુઆરી મારો જન્મદિવસ છે.
7. અમાસની આ અંધારી રાતે પૂર્ણિમાનો ચન્દ્ર ખીલ્યો છે.
8. ગાંધીનગર મધ્યપ્રદેશનું પાટનગર છે.
9. મેઘધનુષ્યમાં મેં કાળો અને સફેદ ઉપરાંત 12 રંગ જોયા.
10. મેં ગ્લાસ પર બેસીને ખુરશીમાં પાણી પીધું.

## દસમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : વાક્ય બનાવો તા. જૂથકાર્ય

- ટુકડાઓ જોડીને અર્થપૂર્ણ વાક્ય બનાવો.

| અ | બ | ક |
|---|---|---|
| 1. ચુકાઈ ગયું | 1. આવે | 1. જાળમાં ફસાયો. |
| 2. કાચબો | 2. નિશાન | 2. ચોમાસામાં |
| 3. વરસાદ | 3. રહે | 3. શિકારીનું |
| 4. શિકારીની | 4. હવે | 4. વાંદરાઓ |
| 5. જંગલમાં | 5. સિંહ | 5. લપલપિયો |

### 2. પ્રવૃત્તિ : મને ઓળખો તા. જોડીકાર્ય

- નીચે આપેલાં પ્રાણીઓને તેમના ગુણો મુજબ એકબીજા સાથે જોડો.

| અ | બ |
|---|---|
| 1. ગાય | 1. મને મધ ખૂબ જ ભાવે છે. |
| 2. ચિત્તો | 2. મારી આસપાસ ઉગતી બધી જ વનસ્પતિઓ ખાઈ જાઉં છું |
| 3. ગેંડો | 3. ઘણા લોકો માટે હું પૂજ્ય છું. |
| 4. રીંછ | 4. હું સૌથી ઝડપી દોડી શકું છું. |
| 5. બકરી | 5. મારી ચામડી સૌથી જાડી છે. |

### 3. પ્રવૃત્તિ : અંકોની કરામત તા. જોડીકાર્ય

- આપેલ સંખ્યાના અંકો અરસ-પરસ બદલીને નાની અને મોટી સંખ્યા બનાવો.

  ઉદા. 185 : નાની સંખ્યા : 158

  મોટી સંખ્યા : 851

  179, 279, 596

- હવે કોઈ પણ ત્રણ અંકની સંખ્યા લો અને તેના સો ના સ્થાનના અંકને એકમના સ્થાને બદલો.
- વિચારો.

  1. શું નવી સંખ્યા મૂળ સંખ્યા કરતાં મોટી છે?
  2. શું નવી સંખ્યા મૂળ સંખ્યા કરતાં નાની છે?
  3. જે સંખ્યાઓ મળી તેને ચડતા અને ઊતરતા ક્રમમાં લખો.

**4. પ્રવૃત્તિ : ગુણ તારવો તા. જોડીકાર્ય**

- ફકરો વાંચી તેને આધારે નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર શોધી ચર્ચા કરો.

શંભુપ્રસાદે એક સરસ મજાનો પોપટ પાળ્યો હતો અને તેણે તેનું નામ જોઈતારામ રાખ્યું હતું. જોઈતારામનો સ્વભાવ પણ તેના માલિક જેવો જ હતો. તે સાહસિક અને વફાદારીનો બહેતરીન નમૂનો હતો. એક દિવસ રાત્રે ટપ-ટપ કરતાં... તપેલી લઈ ધનીબેન આવ્યાં. શંભુપ્રસાદ આ જોઈતારામને કહી દો કેઃ હું આવું છું ત્યારે શરમાય છે શું કામ? અલી ધનીબેન, મારો જોઈતારામ શરમાય એવો નથી. એ તો તમારું માન રાખે છે.

1. પોપટમાં કયા કયા ગુણ હતા તેની ચર્ચા કરો.
2. ‘પોપટ’ ને બદલે ‘કોયલ’ લખી, કોયલના ગુણ-લક્ષણોને આધારે પેરેગ્રાફ ફરી લખો.

**5. પ્રવૃત્તિ : એકમાંથી અનેક શબ્દો બનાવો તા. જોડીકાર્ય**

- ઉદાહરણ મુજબ આગળ વધો.

આઝાદી : આ-આગમન, ઝા-ઝાલર, દી-દીવાર

1. ગગન ગ : ......... ગ : ......... ન : .........
2. દાનત દા : ......... ન : ......... ત : .........
3. અમીરી અ : ......... મી : ......... રી : .........
4. અફસર અ : ......... ફ : ......... સ : .........
5. નિયમ નિ : ......... ય : ......... મ : .........
6. સાવધ સા : ......... વ : ......... ધ : .........
7. કિનારો કિ : ......... ના : ......... રો : .........
8. કોતર કો : ......... ત : ......... ર : .........
9. મલક મ : ......... લ : ......... ક : .........
10. નીડર ની : ......... ડ : ......... ર : .........

## 6. પ્રવૃત્તિ : પ્રતિજ્ઞાપત્ર  તા.  જૂથકાર્ય

- નીચે આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ મૂકી પ્રતિજ્ઞાપત્ર પૂર્ણ કરો.
  (ભારતીયો, દેશને, હું, વૈવિધ્યપૂર્ણ, આદર, સભ્યતાથી, દેશબાંધવોને, સમૃદ્ધિ, સદાય, ગર્વ, કલ્યાણ, નિષ્ઠા, લાયક, મારો, ભાઈબહેન, સમૃદ્ધ, પ્રયત્ન, માતા-પિતા, દેશ, વડીલો)

  ભારત ........... દેશ છે.
  બધાં ........... મારાં ........... છે.
  ........... મારા ........... ચાહું છું અને તેના ...........
  અને ...........વારસાનો મને ........... છે.
  હું ........... તેને ........... બનવા ........... કરીશ.
  હું મારા ..........., શિક્ષકો અને ........... પ્રત્યે ........... રાખીશ
  અને દરેક જણ સાથે ........... વર્તીશ.
  હું મારા ........... અને ........... મારી ........... અર્પું છું.
  તેમના ........... અને ...........માં જ મારું સુખ રહ્યું છે.

## 7. પ્રવૃત્તિ : વાંચો અને વિચારો  તા.  જોડીકાર્ય

- ફકરો ધ્યાનપૂર્વક વાંચી તેના આધારે પ્રશ્નોના જવાબ આપો.
  ગુજરાતમાં પુરુષો ધોતિયું, ઝભ્ભો અને માથે પાઘડી બાંધે છે. ખભે ખેસ નાખે છે. સ્ત્રીઓ સાડી, ચણિયો અને કબજો પહેરે છે. સૌરાષ્ટ્ર, કચ્છનાં ગામડાંના પુરુષો નાડાવાળો ચોરણો, પહેરણ કે અંગરખું અને માથે ફાળિયું કે પાઘડી પહેરે છે, જ્યારે સ્ત્રીઓ મોટા ઘેરવાળો ઘાઘરો અને કબજો પહેરે છે. માથે ઓઢણી ઓઢે છે. ગુજરાતના પૂર્વવિસ્તારના વનવાસીઓમાં પુરુષો લંગોટી કે લુંગીની જેમ કાપડ વીંટાળે છે. માથે પાઘડી પહેરે છે. ખભે તીર કામઠું હોય છે. સ્ત્રીઓ કાછડો ભીડતી જોવા મળે છે. આજે બદલાતા માહોલથી ગુજરાતમાં ઘણા લોકોએ આધુનિક પોશાક અપનાવ્યો છે. પુરુષો પેન્ટ, શર્ટ, ટી-શર્ટ પહેરે છે. પગમાં સ્પોર્ટશૂઝ અને પાર્ટીશૂઝ પહેરે છે. સ્ત્રીઓ પણ પેન્ટ, શર્ટ, ટી-શર્ટ પહેરેલી જોવા મળે છે.

  1. આજના પોશાકમાં પહેલાંના કરતાં વધુ તફાવત જોવા મળે છે. આવું શાથી બન્યું છે?
  2. સૌરાષ્ટ્ર, કચ્છના પુરુષોના પોશાક અને ગુજરાતના પૂર્વ વિસ્તારના પુરુષોના પોશાકમાં શું શો તફાવત છે?
  3. તમારા ઘરમાં સ્ત્રીઓ કેવા પ્રકારનો પોશાક પહેરે છે?
  4. તમારા વિસ્તારમાં લોકો પહેલાં કેવા પ્રકારના પોશાક પહેરતા હતા? તમારાં દાદા-દાદી, નાના-નાનીના પોશાકના આધારે જણાવો.

## 8. પ્રવૃત્તિ : મને શોધો        તા.        જોડીકાર્ય

- નીચે આપેલા શબ્દોને ભાષા પ્રમાણે ગોઠવો.

(મન્કી, ગધેડો, બંદર, કુત્તા, બુક, વાંદરો, છાતા, બિલાડી, ગધા, કેટ, કિતાબ, ડોગ, ડોન્કી, બિલ્લી, અંબ્રેલા, પુસ્તક, છત્રી, કૂતરો)

| ગુજરાતી | હિન્દી | અંગ્રેજી |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

## 9. પ્રવૃત્તિ : ભૂલ સુધારો        તા.        જોડીકાર્ય

- નીચેનાં વાક્યો વાંચો તેમાં જણાતી ભૂલ સુધારીને સાચું વાક્ય બનાવો.

1. હું તાવ આવે ત્યારે લુહાર પાસે જાઉં છું.
2. નાતાલનો તહેવાર ૨૫ એપ્રિલના દિવસે ઉજવાય છે.
3. સૂર્યાસ્ત સમયે સૂર્યના ઉદયનું ચિત્ર સુંદર છે.
4. રફીક દિવાળીના દિવસે પતંગ ચગાવે છે.
5. કેરીના રસનું ઉત્પાદન કરનારી સંસ્થાનું નામ અમૂલ છે.
6. પૂનમની ચાંદની રાતે ગાઢ અંધારું છે.
7. મદ્રાસ ભારતનું પાટનગર છે.
8. દરજી ચંપલ સીવે છે.
9. અકસ્માત થાય ત્યારે '208' બોલાવવામાં આવે છે.
10. મેં થાળીમાં બેસીને ખુરશી પર ભોજન કર્યું.

## અગિયારમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : અવલોકન તા. જોડીકાર્ય

- બાળકો જૂથમાં ચિત્રનું નિરીક્ષણ કરે અને પોતાના નિરીક્ષણના આધારે પ્રશ્નોના જવાબ આપે.



1. આ ચિત્ર ક્યાંનું છે?
2. ચિત્રમાં આસપાસ શું શું દેખાય છે? (વસ્તુઓ)
3. ચિત્રમાં દેખાતા ભાઈ શા માટે પૈસા આપી રહ્યા છે?
4. બંને પુરુષોનાં કપડાંમાં કેમ તફાવત છે?
5. જો મજૂરો મજૂરીકામ કરવાનું બંધ કરી દે તો શું થાય?

### 2. પ્રવૃત્તિ : ભાષાની મજા તા. જોડીકાર્ય

- નીચે આપેલી ખાલી જગ્યા માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

1. કંદોઈ જલેબી બનાવી ......... છે.

   અ. રહી　　બ. રહ્યો　　ક. રહ્યું

2. મેં રસપ્રદ વાર્તાઓની ચોપડી .........

   અ. ખરીદી　　બ. ખરીદું છું.　　ક. ખરીદીશ

3. સમયસર વરસાદ થયો હોત ......... ઉત્પાદન સારું થાત.

   અ. પરંતુ　　બ. તો　　ક. અને

4. આ પ્રશ્નનો જવાબ તો ઘણો ......... છે.

   અ. સરળ　　બ. સુગમ　　ક. સુલભ

5. તારે કસરત કરવી જોઈએ ......... તું તંદુરસ્ત રહી શકે.

   અ. જેથી　　બ. એટલા માટે　　ક. અને

**3. પ્રવૃત્તિ : દશાંશનો ઉપયોગ　　　　તા.　　　　　　　　　　　　વ્યક્તિગત કાર્ય**

- નીચે આપેલા કોષ્ટકની (છેલ્લી અધૂરી કોલમની) વિગત પૂર્ણ કરો, તથા તેની નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો.

| નામ | શાકભાજીનું નામ | વજન (ગ્રામમાં) | વજન (કિલોગ્રામમાં) |
|---|---|---|---|
| જીમીત | બટાકા | 1250 ગ્રામ | |
| દિયા | આદું | 200 ગ્રામ | |
| સાહિલ | મૂળા | 500 ગ્રામ | |
| રિશિત | ડુંગળી | 1500 ગ્રામ | |
| ઋષભ | કોથમીર | 100 ગ્રામ | |

1. સાહિલે મૂળા કેટલા ગ્રામ ખરીદ્યા છે?
2. રિશિતે કઈ શાકભાજી ખરીદી?
3. જીમીત અને ઋષભે ખરીદેલ શાકભાજીનું કુલ વજન કેટલું છે?
4. ખરીદેલ ડુંગળી અને બટાકાના વજનનો તફાવત શોધો.
5. સાહિલે કેટલા કિલોગ્રામ મૂળા ખરીદેલ છે?

**4. પ્રવૃત્તિ : જો હું ઈતિહાસકાર...　　　　તા.　　　　　　　　　　　　જોડીકાર્ય**

- તમારા સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકનું પૃષ્ઠ – 3 ખોલો. તેનો પાંચમો ફકરો (ઇતિહાસકારો ... જીવંત કરે છે.) વાંચો.

પ્રસ્તુત ફકરામાં ઇતિહાસકારોની જગ્યાએ તમે પોતે ઇતિહાસકાર છો તેમ માનીને ‘હું’ મૂકીને ફકરો ફરીથી વાંચો.

હવે તે જ ફકરામાં તમારા ખાસ મિત્રનું નામ મૂકીને તે જ ઇતિહાસકાર છે અને તમે તેને સંબોધીને તે ફકરો જણાવો. જેમ કે, રમા ભૂતકાળનું ...

**5. પ્રવૃત્તિ : ચિત્ર પરથી વાર્તાલેખન　　　　તા.　　　　　　　　　　　　જૂથકાર્ય**

- ગુજરાતી પાઠ્યપુસ્તક (દ્વિતીય સત્ર) મુખપૃષ્ઠ પરના ચિત્રનું અવલોકન કરો. ચિત્ર પરથી મૌલિક વાર્તા બનાવી વર્ગખંડમાં રજૂ કરો.

## 6. પ્રવૃત્તિ : ફકરો વાંચી મંથન કરો તા. જૂથકાર્ય

- સામાજિક વિજ્ઞાન પેજ નં. 24 મહાવીર સ્વામીનો ઉપદેશથી ફકરાનું વાચન કરી તેની નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર ચર્ચા કરી મેળવો.
  1. શું સત્ય બોલવું સહેલું છે? હા, તો કેમ? ના તો કેમ? જો ક્યારેક અઘરું છે તો ક્યારે? તમારા જીવનમાં અસત્ય બોલ્યા હોય તો તેવો પ્રસંગ જણાવો. જૂથમાંથી જેનો પ્રસંગ વધારે રસપ્રદ લાગે તે વર્ગ સમક્ષ રજૂ કરો.
  2. ચોરી કરવી અનિષ્ટ કેમ કહ્યું છે? ચોરી કરવાથી ચોરને નુકસાન થયું હોય તેવી વાર્તા શોધો.

## 7. પ્રવૃત્તિ : વાંચો અને વિચારો તા. જૂથકાર્ય




- આ જાહેરાતના આધારે નીચેના પ્રશ્નોની ચર્ચા કરો.
  1. આઘાત એટલે શું?
  2. આઘાતનો વિરુદ્ધાર્થી શબ્દ આમાં કયો છે?
  3. ફિલ્મની જાહેરાતમાં કઈ પરિસ્થિતિમાં સહજ રહેવાનું અને કેવી પરિસ્થિતિમાં અટલ રહેવાનું કહે છે?
  4. હસ્તાક્ષર એટલે શું?
  5. ઝંઝાવાતોનો શો અર્થ થાય?
  6. જિંદગીના દસ્તાવેજ પર કોણ હસ્તાક્ષર કરે છે?
  7. નફો એટલે શું?
  8. આ ફિલ્મની આવકમાં થયેલ નફાની રકમનો ઉપયોગ કોના માટે કરવામાં આવે છે?
  9. હૃદયસ્પર્શી શબ્દનો વાક્યપ્રયોગ કરો.

**8. પ્રવૃત્તિ : સમાનાર્થી શબ્દ આપો　　　　તા.　　　　　　　　　　　　　　　　　　　　જોડીકાર્ય**

- ફકરો વાંચી લીટી દોરેલા શબ્દોના બદલે તેમના સમાનાર્થી શબ્દ મૂકી ફકરો ફરીથી વર્ગખંડ સમક્ષ વાંચો.

એક દિવસની વાત છે. સંધ્યાનો સોનેરી અને આહ્લાદક સમય હતો. મધુર – મીઠી હવા લહેરાઈ રહી હતી. આંબાના વૃક્ષ ઉપરનાં બધા રંગબેરંગી પોપટ કેરીઓનાં ઝૂમખાં ઉપર બેસી હીંચકા ખાઈ રહ્યા હતા. સાથે સોનેરી સુંદર મજાનાં ગીતો પણ ગાઈ રહ્યા હતા. બરોબર આવા સમયે એક લુચ્ચો અને સ્વાર્થી શિકારી એક હાથમાં જાળ અને બીજા હાથમાં એક મોટું પીંજરું લઈને શિકાર કરવાના હેતુસર આ આંબાના વૃક્ષ તરફ આવી ચડ્યો અને સહસા તેણે આંબાના વૃક્ષ ઉપર નજર કરી.

**9. પ્રવૃત્તિ : ગુણો જણાવો　　　　તા.　　　　　　　　　　　　　　　　　　　　જૂથકાર્ય**

- વિદ્યાર્થીઓ આંબલી, મરચું, ગોળ, કેળું, ગુલાબનું ફૂલ, ફળ, વૃક્ષ વગેરેના ગુણધર્મો જણાવો.

## બારમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : મારી જેમ બોલી બતાવો તા. જોડીકાર્ય

- અલગ-અલગ ફેરિયાઓનાં નામો આપેલ છે તે મુજબ બૂમ લગાવવાની છે.

1. ભંગારવાળો
2. શાકભાજીવાળો
3. દૂધવાળા
4. ગેસ-ચુલા રિપેરિંગવાળા
5. કટલરી વેચવાવાળો
6. સાડીવાળા
7. સાવરણીવાળા
8. ફળવાળા

### 2. પ્રવૃત્તિ : વાંચો અને કહો તા. જૂથકાર્ય

- ફકરાને ધ્યાનથી જૂથમાં વાંચો અને તેના આધારે પ્રશ્નોના જવાબ અંગે ચર્ચા કરીને વર્ગમાં રજૂ કરો.

કેરીનો બાફલો બનાવવો ઘણો સરળ છે. પહેલાં થોડી કાચી કેરીને ઉકાળો ત્યારબાદ તેમાંથી છાલ, ગોટલા, કાઢી નાખી ચમચાથી રગડો બનાવો. આ રગડાને એક તપેલીમાં લઈને તેમાં જરૂર મુજબ પાણી, ખાંડ, મીઠું, મરી અને દળેલું જીરું ભેળવો. તેમાં ફુદીનાના પાનને કાપીને નાખો તેને બરાબર હલાવો. બરફ નાખીને ઠંડુ કરી પીરસી દો. તે સ્વાદિષ્ટ છે અને સાથે સાથે તેના તાજગીયુક્ત આવા લીલા રંગને કારણે કેરીનો બાફલો સુંદર પણ લાગે છે.

1. અહીં શું બનાવવાની રીત આપેલી છે?
2. સ્વાદિષ્ટ બનાવવા માટે તેમાં શું શું ઉમેરવામાં આવ્યું છે?
3. કેરીના બાફલાને બનાવવા માટે સૌ પ્રથમ શું કરશો?
4. કેરીનો બાફલો સ્વાસ્થ્ય માટે કેવી રીતે સારો છે?

### 3. પ્રવૃત્તિ : અદલા બદલી તા. જોડીકાર્ય

- વાક્યમાં લીટી કરેલ શબ્દની જગ્યાએ બીજો શબ્દ મૂકીને વાક્ય ફરીથી બોલો. દરેક બાળક પોતાનો શબ્દ મૂકીને વાક્ય બોલે.

1. રામુ હાથી <u>પાગલ</u> થઈ ગયો છે.
2. રિંકી અને પિંકી ઘણાં બધાં <u>ગુલાબજાંબું</u> ખાઈ ગયા છે.
3. <u>ભારે વરસાદ</u>ના કારણે લાઈટ ગુલ થઈ ગઈ છે.
4. આજે મારા શિક્ષક આવ્યા નથી એટલે અમને <u>મજા પડી</u> ગઈ.
5. વાંદરાઓએ <u>કૂદા-કૂદ</u> કરીને ઘરનાં બધાં જ વાસણો તોડી નાખ્યાં.

**4. પ્રવૃત્તિ : અર્થગ્રહણ  તા.  જોડીકાર્ય**

- વિષય ગુજરાતી ધોરણ-6 પ્રથમસત્ર પાના નં. 7 પર "એક માણસ એક વખત ........ નુકસાન દેખાય છે?" ફકરાનું વાંચન કરો અને આપેલા પ્રશ્નોના જવાબ આપો.

1. ફકરામાંથી કોઈ પણ દસ શબ્દો પસંદ કરી શબ્દકોશના ક્રમમાં ગોઠવો.
2. મંદિરમાં કેટલી મૂર્તિઓની જરૂર હતી?
3. શિલ્પી શાનું નિર્માણ કરી રહ્યો હતો?
4. પેલા માણસને શાથી આશ્ચર્ય થયું?
5. શિલ્પી મૂર્તિ શા માટે ઘડી રહ્યો હતો?
6. માણસને શિલ્પીના કામમાં રસ શાથી પડ્યો?

**5. પ્રવૃત્તિ : મને ઉમેરો  તા.  જોડીકાર્ય**

- તમારું સામાજિક વિજ્ઞાનનું પાઠ્યપુસ્તક પાના નંબર-15 જુઓ. તેના પરનો ત્રીજો ફકરો વાંચો. (ઋગ્વેદમાં આર્યોના ... ત્યારે જ લગ્ન થતાં)
- હવે નીચે જણાવેલા વિશેષણો / શબ્દો યોગ્ય સ્થાને પ્રયોજો અને ફરીથી ફકરો વાંચો.
  (મહત્ત્વનું, પાયાનું, કોઈ પણ, પ્રાચીનતમ ગ્રંથ, કેટલીક, ઈચ્છા પ્રમાણે, રૂઢિચુસ્ત રીતે)
- આ ઉપરાંત તમારા ગુજરાતીના પાઠ્યપુસ્તકમાંથી કેટલાક શબ્દો શોધીને અહીં અર્થ ન બદલાય તે રીતે ઉમેરીને ફકરો વાંચો.

## 6. પ્રવૃત્તિ : વૉક-ઈન-ઈન્ટરવ્યૂ  તા.  જોડીકાર્ય




- વિદ્યાર્થીઓએ જાહેરાત વાંચીને નીચેના મુદ્દાના આધારે ચર્ચા કરી. પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

(અ) પ્રશ્નોના જવાબ આપો.

1. વૉક-ઈન ઈન્ટરવ્યૂ એટલે?

   ..................................................................

2. સેલ્સ અક્ઝિક્યુટિવમાં કોણ કોણ સામેલ થઈ શકશે?

   ..................................................................

3. ગ્રેજ્યુએટ / અન્ડર ગ્રેજ્યુએટનો શો અર્થ થાય?

   ..................................................................

4. કેશિયર એટલે?

   ..................................................................

5. ડિલિવરી એક્ઝિક્યુટિવ માટે શાની જાણકારી જરૂરી છે?

   ..................................................................

6. આ જાહેરાતમાં કયા કયા શબ્દોમાં જોડણીની ભૂલ છે? તે શબ્દો સુધારીને લખો.

   ..................................................................

7. આ વૉક-ઈન-ઈન્ટરવ્યૂ કોના દ્વારા આયોજન કરવામાં આવેલ છે?

   ..................................................................

8. વૉક-ઈન ઈન્ટરવ્યૂનું સ્થળ કયું છે ?

   ..................................................................

9. મીનાબેન શામાં ઈન્ટરવ્યૂ આપી શકશે?
10. જગદીશભાઈને બિલિંગ સુપરવાઈઝર તરીકે ઈન્ટરવ્યૂ આપવા માટે કેટલા વર્ષનો અનુભવ જોઈશે?

(બ) નીચેનામાંથી સાચાં વાક્યો સામે (✓) અને ખોટાં વાક્યો સામે (×) નિશાની કરો.

1. બિલિંગ સુપરવાઈઝરમાં ૩ વર્ષનો અનુભવ જરૂરી છે. ( )
2. કેશિયર તરીકે ફક્ત બહેનો જ ઈન્ટરવ્યૂ આપી શકશે. ( )
3. સેલ્સ એક્ઝિક્યુટિવ માટે ગ્રેજ્યુએટ / અન્ડરગ્રેજ્યુએટ બંને ઈન્ટરવ્યૂ આપી શકશે. ( )
4. ઓટોમોબાઈલની ટેક્નિકલ જાણકારી ડિલિવરી એક્ઝિક્યુટિવ માટે જરૂરી છે. ( )
5. સંપૂર્ણ બાયોડેટા અને અનુભવની વિગત સાથે તા. ૧૩/૦૭/૨૦૧૯ સુધીમાં અરજી મોકલી આપવાની છે. ( )

## 7. પ્રવૃત્તિ : ટૂંકાને લાંબું કરો તા. જોડીકાર્ય

- આપેલા શબ્દોનો ઉપયોગ કરીને ત્રણ જુદાં જુદાં વાક્યો બનાવો.

| | | |
|---|---|---|
| 1. વિનામૂલ્યે | 5. ઈન્ટરનેટ | 9. સન્માન |
| 2. યોજના | 6. પુષ્કળ | 10. ઘોડો |
| 3. ચકાચક | 7. કિંમત | |
| 4. પ્રગતિ | 8. છાશ | |

1. ..................................................................
2. ..................................................................
3. ..................................................................

## 8. પ્રવૃત્તિ : વાંચો અને કહો તા. જોડીકાર્ય

- ગદ્યખંડ ધ્યાનથી વાંચો. જૂથમાં નીચેના પ્રશ્નોની ચર્ચા કરો.

1. યુધિષ્ઠિરને શા માટે સકળ પાઠ નહીં આવડ્યો હોય?
2. યુધિષ્ઠિરનો જવાબ સાંભળીને ગુરુ શું કહેશે?
3. શું યુધિષ્ઠિરને પાઠ આવડશે?
4. અધૂરી વાર્તા પૂર્ણ કરો.
5. સત્યના ગુણની દૃષ્ટિએ હોશિયાર કોણ છે?

## તેરમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : શબ્દો સાથે રમીએ તા. જૂથકાર્ય

- વાક્યો શિક્ષક બોલશે અને બાળક તેમાં કોઈ પણ એક શબ્દ ઉમેરી તે જ વાક્ય ફરીથી બોલશે. તેમાં બીજા શબ્દો ઉમેરી વાક્યને લાંબું કરશે.

  ઉદા. આજે રવિવાર છે.


  આજે મહિનાનો છેલ્લો રવિવાર છે.

  આજે મહિનાનો છેલ્લો રવિવાર હોવાથી અમે ફરવા જવાના છીએ.

1. મારી પાસે મોબાઈલ છે.
2. હું અમદાવાદ ગયો હતો.
3. હું દરરોજ શાળાએ જાઉં છું.
4. રોહિત પાસે પાંચ ચોકલેટ છે.
5. આપણે સ્વચ્છતા રાખવી જોઈએ.

### 2. પ્રવૃત્તિ : વાક્યરમત તા. જોડીકાર્ય

- આપેલ શબ્દોનો ઉપયોગ કરી ફરી 5 થી 7 વાક્યોને ફકરા સ્વરૂપે લખી શીર્ષક આપો.



## 3. પ્રવૃત્તિ : ગાણિતિક શબ્દમાં છૂપાયેલ ભાષાને શોધો તા. જૂથકાર્ય

- વિદ્યાર્થી મિત્રો 4 થી 5 નું જૂથ બનાવો. ત્યારબાદ જૂથ પ્રમાણે ગણિતનું પાઠ્યપુસ્તક અને પ્રવૃત્તિશીટ લો. ગણિતના પાઠ્યપુસ્તકમાંથી કેટલાક શબ્દો શોધી પ્રવૃત્તિશીટમાં નોંધો. એવા શબ્દો શોધવાના છે કે જેનો શબ્દપ્રયોગ ગણિતમાં થતો હોય છે અને આ શબ્દોનો ભાષાકીય અર્થ જાણીએ તો પણ ગણિતની સંકલ્પના સ્પષ્ટ થઈ જતી હોય છે.
- જેમ કે,

1. પરિમિતિ = પરિ ₹ મિતિ
   = ચારેય બાજુ (બધી બાજુ) ₹ માપન
   = આકારની બધી જ બાજુઓનાં માપનો સરવાળો
2. ત્રિકોણ = ત્રિ ₹ કોણ
   = ત્રણ ₹ ખૂણો
   = ત્રણ ખૂણાવાળી બંધ આકૃતિ
3. લઘુકોણ = લઘુ ₹ કોણ
   = નાનો ₹ ખૂણો
   = કાટકોણથી નાનો હોય તેવો ખૂણો.
4. સમચ્છેદી = સમ ₹ છેદ
   = જેના છેદ સરખા છે તેવા અપૂર્ણાંક
5. સમદ્વિબાજુ = સમ ₹ દ્વિ ₹ બાજુ
   = સરખી ₹ બે ₹ બાજુ
   = જેની બે બાજુઓ સમાન છે તે...

- આવા અન્ય શબ્દો શોધીને વર્કબૂકમાં નોંધ કરો. (પ્રવૃત્તિશીટ)

## 4. પ્રવૃત્તિ : શબ્દોની અદલા-બદલી તા. જોડીકાર્ય

- અહીં આપેલા વાક્યમાં નીચે લીટી કરેલ શબ્દની જગ્યાએ સમાન અર્થવાળો શબ્દ મૂકીને વાક્ય ફરીથી લખો.

  ઉદા. અમિતની <u>સગાઈ</u> બે મહિના પહેલાં જ થઈ છે.

  અમિતના વેવિશાળ બે મહિના પહેલાં જ થયા છે.

  1. રામુ ખૂબ <u>મશગૂલ</u> થઈને ઘાસ કાપી રહ્યો છે.

     ..........................................................................

  2. અમે એક <u>વિકટ</u> પરિસ્થિતિમાં ફસાઈ ગયા છીએ.

     ..........................................................................

  3. અમીષાબેને એ ધોરણ-6નાં બાળકોને <u>સુલેખન</u>ની પ્રવૃત્તિ કરાવી.

     ..........................................................................

  4. રામ એ ભગવાન વિષ્ણુનો એક <u>અવતાર</u> છે.

     ..........................................................................

  5. આજે <u>સૂર્ય</u> ખૂબ જ આકરો તપે છે.

     ..........................................................................

## 5. પ્રવૃત્તિ : અર્થ સમજાવો તા. જૂથકાર્ય

- રૂઢિપ્રયોગના અર્થ આપો.

  1. દરિયાદિલ હોવું : ..........................................................
  2. વાતોનાં વડાં કરવાં : ..........................................................
  3. રસ પડવો : ..........................................................
  4. આંખે ચક્કર આવવા : ..........................................................
  5. જાત ઘસવી : ..........................................................

## 6. પ્રવૃત્તિ : મારો પરિચય તા. જોડીકાર્ય


- તમારા સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકના પૃષ્ઠ ક્રમાંક 50 ઉપર પ્રથમ ફકરો વાંચો (પૃથ્વી દડા જેવી ગોળ ... તે જાણી શકશો?)
- પ્રસ્તુત ફકરામાં તમે પોતે પૃથ્વી છો અને પોતાનો પરિચય આપો છો તે રીતે બોલવા માટે શા ફેરફાર કરવા પડશે તેની જોડીમાં ચર્ચા કરો. ચર્ચા કરીને પૃથ્વી બનીને તે બોલી બતાવો. કઈ જોડી એક પણ ભૂલ કર્યા વિના બોલી શકે છે?

## 7. પ્રવૃત્તિ : અભિવ્યક્તિનાં સ્વરૂપો તા. જોડીકાર્ય

- શિક્ષક એક વાક્ય બોલશે. બાળકોએ તેને અલગ-અલગ ભાવ સાથે બોલવાનું છે. ઉદા. ગુસ્સાથી, પ્રેમથી, આનંદથી, દુઃખથી વગેરે વાક્યનું ઉદાહરણ નીચે મુજબ છે.

ઉદા. મને ખૂબ જ ભૂખ લાગી છે.

## 8. પ્રવૃત્તિ : વાતચીત તા. જૂથકાર્ય



SATURDAY, 13•07•2019

**આજે વડોદરા**

- **સામુહિક ભજન:** જ્યુબીલી બાગ સામેના શ્રી વેંકટેશ બાલાજી મંદીર ખાતે તા. ૧૩ જૂલાઈના શનિવારે સાંજે ૭.૩૦ થી ૮.૩૦ દરમિયાન વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોતના પાઠ, સામુહિક ભજન, શ્રી હનુમાન ચાલીસાના પાઠ અને સુંદરકાંડના યોજાશે.
- **સુંદરકાંડના પાઠ :** શ્રી ભીડભંજન હનુમાનજી મંદીર, વૃન્દાવન પાર્ક સોસાયટી, કારેલીબાગ ખાતે તા. ૧૩મીના શનિવારે સાંજે ૦૫.૦૦ કલાકે સંગીતમય સુંદરકાંડના પાઠનુ આયોજન કરવામા આવ્યું છે
- **ડાન્સ હરીફાઇ :** સ્ત્રી નિકેતન વડોદરા આયોજિત ઓપન બરોડા લિટર માસ્ટર ડાંસ હરિફાઈ ૧૩મીને શનિવારે બપોરે ૨ કલાકે છે જેનું સ્થળ કમુબાળા હોલને બદલે પ્રેમાનંદ સાહિત્ય સભા હોલમાં રાખવામા આવ્યું છે.
- **સંગીત - સંધ્યા :** સિનિયર સિટીઝન્સ એસોસીએશન હરણી રોડ, કારેલીબાગ કેન્દ્ર દ્વારા ટીમ નં. ૨ના સદસ્યો દ્વારા પ્રસ્તુત ગીત-સંગીત- ભજનોનો કાર્યક્રમ તા. ૧૩-૭-૧૯ને શનિવારે સાંજના ૫.૩૦ કલાકે સિ.સિ.એ. સભાખંડમાં રાખેલ છે.
- **મુકેશ - રફીની જન્મતિથીની ઉજવણી :** વરિષ્ઠ નાગરિક સંઘ, પરિચય પાર્ક વાઘોડિયા રોડના ઉપક્રમે પાર્શ્વગાયકો સ્વ. મુકેશની જન્મતિથી તથા સ્વ. મહંમદ રફીની મૃત્યુતિથી નિમિત્તે ઓ.બી. જનરલ અને લેપ્રોસ્કોપીક સર્જન ડો. બેલીમ (વોઈસ ઓફ રફી) તથા હોમીયોપેથીક કન્સલ્ટંટ ડો. પરવેઝ (વોઈસ ઓફ મુકેશ) ભાવાંજલિ રૂપે તેમના મધુર ગીતો રજૂ કરશે. કાર્યક્રમનું સંચાલન ડો. રાજેન્દ્ર કે. હાથી (સંઘના માનદ્ સલાહકાર) કરશે. કાર્યક્રમ તા. ૧૩-૭-૧૯ શનિવાર સાંજે ૫-૩૦ કલાકે સ્વામી વિવેકાનંદ સ્કૂલ વિવેકાનંદના પૂતળા પાસે પરિવાર ૪ રસ્તા ખાતે યોજાશે.

- વિદ્યાર્થીઓ ચોપાનિયું વાંચી, ચર્ચા કરી પ્રશ્નોમાં સહભાગી થશે.
  1. સામૂહિક ભજન એટલે શું?

     .................................................................

  2. સામૂહિક ભજન કયા વારે, કઈ તારીખે યોજાનાર છે?

     .................................................................

  3. સામૂહિક ભજનનો સમય કયો છે?

     .................................................................

  4. બાલુભાઈને સામૂહિક ભજનમાં જવું છે? કયા સ્થળે જશે?

     .................................................................

## 9. પ્રવૃત્તિ : ઉખાણાં બનાવો        તા.        જૂથકાર્ય

- જુદાં જુદાં જૂથમાં વિભાજિત થઈને આપેલા વિષયો પર જે તે વસ્તુ/વ્યક્તિની વિશેષતાઓને ધ્યાનમાં રાખીને નીચે દર્શાવેલ ઉદાહરણ પ્રમાણેના ઉખાણાંની રચના કરો.

  ઉદા. હું જંગલનો રાજા છું.

  મારે મોટી કેશવાળી છે.

  મોટી ત્રાડ પાડું છું.

  કેસરી નામે ઓળખાઉં છું.

  બોલો તો હું કોણ ?

- જૂથમાં આપવાના વિષયો
  1. પ્રાણીઓ : સિંહ, હાથી, વાંદરો, ગધેડો, સાપ
  2. તહેવાર : હોળી, ઉત્તરાયણ, દિવાળી, ઈદ
  3. ફળ : સફરજન, ચીકુ, તડબૂચ, ટેટી
  4. ઈલેક્ટ્રોનિક્સ : મોબાઈલ, કમ્પ્યૂટર, લેપટોપ, ટેબલેટ

# ચૌદમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : વાક્ય સંરચના તા. જોડીકાર્ય

- અહીં વાક્યના કેટલાક ટુકડા આપેલા છે. તે જોડીને તેમાંથી બે આખાં વાક્યો બનાવો. બે વાક્યોમાં એકના એક શબ્દો વાપરી શકશો નહીં.

ઉદા. રંગબેરંગી ફૂલો હોય રસ્તા પર ગાડી છે.

- બગીચામાં રંગબેરંગી ફૂલો છે.
- કાળી ગાડી રસ્તા પર ઊભી રહી.

1. છે પર્વત ઊંચા છે. ખૂબ હંસ આકાશમાં ઊડે ધોળાં.
2. કેલ્ક્યુલેટર હોય તો ઈ-મેઈલ મોકલી ઈન્ટરનેટ શકાય. દ્વારા ગણતરી ઝડપથી થઈ શકે.
3. અર્થ નોકરી શિક્ષણનો મેળવવાનો જીવવું નથી જીવન શાળામાં કેવી રીતે પાઠ શીખવા એના મળે છે.
4. ગુરુ પ્રથમ આજ્ઞાનું માતા-પિતા છે તેમની પાલન કરવું જોઈએ.
5. કચરો જોઈએ કચરાપેટીમાં નાંખવો દરેક સ્વચ્છતા વ્યક્તિએ માટે જરૂરી સભાન થવું છે.

## 2. પ્રવૃત્તિ : જોડી બનાવો. તા. જોડીકાર્ય

- આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, પ્રશ્નની સામે આપેલ ખાનામાં વિકલ્પનો ક્રમ લખો.

1. 'સ્તબ્ધ થઈ જવું' એટલે ? ☐

   (અ) ગલ્લાં તલ્લાં કરવાં. (બ) આશ્ચર્યચકિત થઈ જવું.

   (ક) બીજા માટે દુઃખ વેઠવાં (ડ) ફસાઈ જવું.

2. 'મોતિયા મરી જવા' એટલે ? ☐

   (અ) છોભીલા પડી જવું. (બ) નકામી લાંબી વાતો કરવી.

   (ક) હિંમત હારી જવી. (ડ) મોતી વહેંચી દેવા.

3. 'એકડિયા – બગડિયાની જેમ' એટલે? ☐

   (અ) શિખાઉની જેમ (બ) પહેલા-બીજાનાં બાળકો

   (ક) 1 અને 2 (ડ) મજા પડવી

4. 'જીવ તાળવે ચોંટવો' એટલે? ☐

(અ) ખૂબ વહાલા થવું.
(બ) જીવ નીકળી જવો.
(ક) ભરાઈ જવું
(ડ) જાણે હમણાં જીવ જશે એવી સ્થિતિમાં હોવું.

5. 'રસ પડવો' એટલે? ☐

(અ) મજા પડવી
(બ) કેરીનો રસ કાઢવો.
(ક) રસોઈ કરવી
(ડ) ખૂબ વહાલા હોવું.

- વિરુદ્ધાર્થી શબ્દો લખો અને એક વાક્ય બનાવો.

1. નભ ×
3. રાત ×
5. નફો ×
2. દાનવ ×
4. નાપાસ ×
6. દોસ્ત ×

1. ..................................................................
2. ..................................................................
3. ..................................................................
4. ..................................................................
5. ..................................................................
6. ..................................................................

**3. પ્રવૃત્તિ : મને ઉકેલો તા. જૂથકાર્ય**

- એક બસમાં કુલ 100 કિલો વજન લઈ જઈ શકાય છે. વિકાસનું વજન 12 કિલો, અમિતનું વજન 15 કિલો, કિંજલનું વજન 13 કિલો, નકુલનું વજન 18 કિલો, અંજલિનું વજન 20 કિલો, નેહાનું વજન 17 કિલો, માલાનું વજન 16 કિલો છે તો બસમાં કોણ નહીં બેસી શકે?

**4. પ્રવૃત્તિ : અનુમાન કરો તા. જૂથકાર્ય**

- વર્ગ બે જૂથમાં વહેંચાશે. ત્યારબાદ ગુજરાતી પાઠ્યપુસ્તક પ્રથમ સત્રના પહેલાં એકમમાંથી કોઈ એક શબ્દ પસંદ કરશે. જૂથમાંથી એક વિદ્યાર્થી શબ્દ નક્કી કરી લેશે. તે અંગે અનુમાન કરવા દસ પ્રશ્નો પૂછી જૂથમાંથી અન્ય વિદ્યાર્થીને પૂછશે. પ્રશ્નો 'હા' કે 'ના'માં જવાબ આપી શકાય એ પ્રકારના હોવા જોઈએ. દા.ત. નદી - શું તે પ્રાકૃતિક સ્થળ છે? શું તેમાં પાણી છે? શું તેનું પાણી વહેતું છે? શું તે અધ્ધરથી પછડાય છે? વગેરે જેવા દસ પ્રશ્નો પૂરા થતા સુધીમાં સાચો જવાબ આપનાર ટીમને 10 પોઈન્ટ મળશે. આમ જૂથનેતા પાંચ કે છ શબ્દો પસંદ કરી તે અંગે વિદ્યાર્થીઓને અનુમાન કરવા કહેશે. વધુ પોઈન્ટસ્ મેળવનાર જૂથ વિજેતા થશે.

**5. પ્રવૃત્તિ : મારી શાળા તા. જોડીકાર્ય**

- તમારી શાળા તમને શા માટે ગમે છે? પાંચ સારી બાબતો લખો. તમારી શાળામાંથી કઈ બાબતો ગમતી નથી કે બદલવા જેવી છે? તે જણાવો?

| શાળાનું નામ : | |
|---|---|
| સારી બાબતો | બદલવા જેવી બાબતો |
| | |
| | |
| | |
| | |
| | |

**6. પ્રવૃત્તિ : મજા જ મજા તા. જૂથકાર્ય**

- 4 થી 5ના જૂથમાં વહેંચાઓ, તમારા સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકના પાના નંબર-14નો ત્રીજો ફકરો વાંચો. હવે દરેક જૂથ ફકરાનું એક વાક્ય બોલશે બીજું જૂથ પછીનું વાક્ય બોલશે.

1. એટલે, પોપટ ઊડી ગયો.
2. એમાં હું શું કરું?
3. હા પણ, મને ભજિયાં બહુ ભાવે.
4. કારણ કે, ટીકુના માથે ટાલ છે.

ઉદા.

જૂથ-1 : સિંધુખીણ સભ્યતાના લોકો માટીનાં, તાંબાનાં, કાંસાનાં વાસણો બનાવતા એટલે પોપટ ઊડી ગયો.

જૂથ-2 : સિંધુખીણ સભ્યતાના લોકો માટીનાં, તાંબાનાં, કાંસાનાં વાસણો બનાવતા એમાં હું શું કરું?

## 7. પ્રવૃત્તિ : સ્વમૂલ્યાંકન તા. વ્યક્તિગત કાર્ય

- નીચેનાં વાક્યો વાંચીને તમારા માટે સાચાં હોય તેમાં ✓ અને ખોટાં હોય તેમાં × કરો.

1. હું માતા-પિતાને સવારે નમન કરું છું. ☐
2. હું રોજ સવારે યોગાસન કરું છું. ☐
3. હું રોજ ઘરમાં સફાઈ કરું છું. ☐
4. હું કપડાંની ગડી જાતે કરીને કબાટમાં મૂકું છું. ☐
5. હું બજારમાં ખરીદી કરવા જાઉં છું. ☐
6. હું મમ્મીને રસોઈમાં મદદ કરું છું. ☐
7. હું પપ્પાને તેમના વ્યવસાયમાં મદદ કરું છું. ☐
8. હું રોજ નિશાળે જાઉં છું. ☐
9. હું ઘેર અભ્યાસ કરું છું. ☐
10. હું ઘરમાં પાણી ભરવામાં મદદ કરું છું. ☐
11. હું મારાં નાનાં ભાઈ-બહેનને સાચવું છું. ☐
12. મને ભણવાનું ખૂબ ગમે છે. ☐
13. મને શાળાએ જવાનું ગમતું નથી. ☐
14. મને રમતો રમવાનું ગમે છે. ☐
15. મને મિત્રો સાથે ફરવાનું ગમે છે. ☐
16. મને વાંચનનો ખૂબ શોખ છે. ☐
17. મને મિત્રો સાથે ગપ્પાં મારવાનું ગમે છે. ☐
18. હું મારાં દાદા-દાદીની સંભાળ રાખું છું. ☐
19. હું શાળામાં વર્ગખંડની સફાઈમાં મદદ કરું છું. ☐
20. મને ગણિતમાં દાખલા ગણવાના ખૂબ ગમે છે. ☐

21. મને અંગ્રેજીમાં બોલતાં ડર લાગે છે. ☐

22. મને મોબાઈલનો ઉપયોગ કરતાં આવડે છે. ☐

23. મને સંગીતમાં ખૂબ જ રસ છે. ☐

24. મને વાર્તા સાંભળવી ગમે છે. ☐

25. મને મારા શિક્ષક ગમે છે. ☐

## 8. પ્રવૃત્તિ : મારો અભિપ્રાય તા. જૂથકાર્ય

- તમારા સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકના પાના નં. 96 પરનો છેલ્લો ફકરો (સરકારનું કામ કાયદો ...કરી શકે છે.) વાંચો.

  1. સરકાર દ્વારા બનાવવામાં આવેલા કયા કાયદા તમને ગમે છે?
  2. સરકાર દ્વારા બનાવવામાં આવેલા કયા કાયદામાં તમે પરિવર્તન કરવા માંગો છો? શા માટે?
  3. આ કાયદાઓમાં તમે શું પરિવર્તન કરવા માંગો છો?
  4. સરકાર તરફથી કોઈ નવો કાયદો તમારે બનાવવાનો છે. તમે કયો કાયદો બનાવશો?

- વર્ગમાં જુદા જુદા જૂથમાં વહેંચાઈને આ પ્રશ્નોની ચર્ચા કરો. વર્ગમાં એક પછી એક જૂથ રજૂઆત કરે.

## 9. પ્રવૃત્તિ : નેતા શોધ તા. જૂથકાર્ય

- આપેલ ખાનામાં નેતાઓનાં નામ આડાંઅવળાં છે. તે શોધીને કયા નેતાઓનાં નામ સમાયેલાં છે તેના પર ○ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગાં | સ | જ | રા | ધી | ન |
| ઈ | ર | વા | ગાં | હે | જી |
| ન | દા | હ | રુ | ભ | ચં |
| રે | ર | ર | ધી | ગ | દ્ર |
| ન્દ્ર | મો | લા | સિં | ત | ખ |
| દી | દિ | લ | હ | શે | ર |

## પંદરમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : શબ્દશોધ　　　તા.　　　　　　　　　　　　જોડીકાર્ય

- જોડીમાં ચર્ચા કરીને, 'શાળા' સાથે સંબંધિત શબ્દો લખો.

  જેમ કે, મેદાન, વર્ગખંડ, શિક્ષક, મેજ, પ્રાર્થના, પુસ્તક, પાણીની પરબ, પુસ્તકાલય, રમત, કાળુંપાટિયું, મિત્ર વગેરે.
- ઉપર જેવા બીજા વિષયો (શબ્દો) નીચે મુજબ છે. તેને આધારે નોટબુકમાં શબ્દો બનાવો.

  1. ઘર
  2. રસોડું
  3. દવાખાનું
  4. વૃક્ષ
  5. વર્ગખંડ

### 2. પ્રવૃત્તિ : શબ્દઅંતાક્ષરી　　　તા.　　　　　　　　　　　　સમૂહકાર્ય

- આ શબ્દ રમત રમાડતાં પહેલાં વિદ્યાર્થીઓને તાળી રમત કરાવીશું. પછી શિક્ષક વર્ગખંડમાં સૂચના આપશે. સૂચના પછી તેની તૈયારીના ભાગરૂપે ઉદા. રૂપે 'રમેશ' નામ બોલશે, ત્યારબાદ વિદ્યાર્થીને 'શ'થી શરૂ થતો શબ્દ બોલવા કહેશે. શબ્દો અર્થપૂર્ણ હોવા જોઈએ એમ સ્પષ્ટ કહેશે. 'શ' પરથી બીજો વિદ્યાર્થી બોલશે 'શરબત' તો પછી 'ત' પરથી બોલશે. આમ, ક્રમશઃ શિક્ષક શબ્દોનું લિસ્ટ બોર્ડ પર કરતા જશે. એકના એક શબ્દો ન આવે તેનું ધ્યાન રાખવાનું રહેશે.

### 3. પ્રવૃત્તિ : વિવિધ અવાજો ઓળખવા　　　તા.　　　　　　　　　　　　જૂથકાર્ય

- પાંચ પક્ષી, પાલતુ પ્રાણીઓ અને જંગલી પ્રાણીઓનાં નામની ચિઠ્ઠીઓ બનાવવી. ચિઠ્ઠી પ્રમાણે પક્ષીઓ અથવા પ્રાણીઓનો અવાજ કાઢી તેનો અભિનય કરવો.

### 4. પ્રવૃત્તિ : ચતુર કરો વિચાર　　　તા.　　　　　　　　　　　　જોડીકાર્ય

- એક વિદ્યાર્થી ઉખાણું વાંચશે, બીજો જવાબ આપવા પ્રયત્ન કરશે. આમ વારાફરતી જોડીમાં કરો.

  1. એક અચરજ એવું જોયું, નદી છતાં નહીં નીર, પહાડ છતાં પથ્થર નહીં, ગામ છતાં નહીં વીર.

     * નકશો　　* બંધ　　* નહેર　　* ડુંગર

2. ગોળ ગોળ ફરતી જાય, ફરતી ફરતી ગાતી જાય. દાણાં દાણાં ખાય પણ પેટ તેનું ન ભરાય.
   * ઘડિયાળ    * પવનચક્કી    * ઘંટી    * પૈડું
3. બે ભાઈઓ દિવસે વઢે ને રાત્રે છાનાછપ.
   * પંખો    * તારા    * સૂર્ય    * બારણું
4. આંબાનો ભાઈ ને આંબા જેવા પાન, કાળાં કાળાં ફળ ખાઈને, બાળક કરે ગાન.
   * જાબુંડો    * કેસુડો    * બોર    * શિગોડા
5. અમે આવ્યા પણ ઉતારીને પેઠા.
   * આસન    * જોડાં    * વિદ્યુત    * ટિપોઈ

## 5. પ્રવૃત્તિ : રણ પ્રદેશની મુલાકાત    તા.    જોડીકાર્ય

- તમે મુલ્લા નસરુદ્દીનને મળવા જવાના છો, જેમાં તમારે રણમાંથી પસાર થવું પડે તેમ છે. તમારે સૂકા રણપ્રદેશમાં જવાનું હોય વધારે સામાન ઊંચકીને સાથે લઈ જવો મુશ્કેલ છે.
- જૂથમાં ચર્ચા કરી આપેલ યાદીમાંથી મુસાફરીમાં સાથે લઈ જવા માટે ઉપયોગી 10 વસ્તુઓ નક્કી કરો. ઉપયોગિતા પ્રમાણે નક્કી કરેલ વસ્તુઓને 1 થી 10 ક્રમ આપો. તમારી પસંદગીવાળી યાદીને અન્ય જૂથની યાદી સાથે સરખાવો.

| રણપ્રદેશમાં સાથે લઈ જવા જરૂરી વસ્તુઓ | | | |
|---|---|---|---|
| ગરમ જેકેટ | | સ્માર્ટ ફોન | |
| સાબુ-પાવડર | | 2 લિટર પાણી (વ્યક્તિ દીઠ) | |
| દૂરબીન | | છરી-ચપ્પુ | |
| ડિઝિટલ કેમેરા | | નાનો ચૂલો / સ્ટવ | |
| પ્રાથમિક સારવાર કીટ | | જે તે વિસ્તારનો નકશો | |
| ચોકલેટ | | જમવાનું | |
| ૨૦ મીટર દોરડું | | ટેન્ટ (તંબુ) | |
| ચશ્માં | | પાથરણું – શાલ | |
| હળવો ટુવાલ | | હાથબત્તી (ટોર્ચ) | |
| સૂકો નાસ્તો | | દિશાસૂચક યંત્ર (કંપાસ) | |

## 6. પ્રવૃત્તિ : ક્રમિકતા ગોઠવો          તા.          જોડીકાર્ય

- વાક્યો વચ્ચેના ક્રમ અને કથન રીતિનો મેળ બેસાડી, વિચાર, વિકાસના ક્રમ પ્રમાણે વાક્યો નવેસરથી ગોઠવી નીચેનો પરિચ્છેદ ફરીથી લખો.

1. વર્ગમાં મારાથી નાના વિદ્યાર્થીઓને ભણતા જોઈને મને નાનપ લાગતી. ધીમે ધીમે મોટો થયો. પિતાજી તો ધંધામાંથી ઊંચા આવે ત્યારે ધ્યાન આપે ને? મારા પિતાએ મને શાળાએ મૂક્યો. એક દિવસ માટે ત્યાં એક જ્યોતિષી આવ્યા. પરિણામે અઠવાડિયામાં અડધા દિવસ તો બંદા ઘેર રહેવા લાગ્યા. ખરેખર આજે તો હું સવારના છ વાગ્યાથી સાંજ સુધી મોટરમાં જ ફર્યા કરું છું. – અલબત્ત બસના કંડક્ટર તરીકે. જોષીએ મારું ભવિષ્ય ભાખ્યું કે આ છોકરો મોટો થઈને હંમેશાં મોટરમાં ફરશે.

## 7. પ્રવૃત્તિ : વાંચો અને વિચારો          તા.          જોડીકાર્ય

- પંચાંગનું કટિંગ વાંચી તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો. ત્યારબાદ તેની નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

**આજનું પંચાંગ** - ભૂપેન્દ્ર ધોળકિયા

| સૂર્યોદયાદિ | સૂર્યોદય | નવકારશી | સૂર્યાસ્ત |
|---|---|---|---|
| વડોદરા : | ૬-૦૨ | ૬-૫૦ | ૧૯-૨૪ |

દિવસનાં ચોઘડિયાં : ૧. ચલ, ૨. લાભ, ૩. અમૃત, ૪. કાળ, ૫. શુભ, ૬. રોગ, ૭. ઉદ્વેગ, ૮. ચલ.

રાત્રિનાં ચોઘડિયાં : ૧. રોગ, ૨. કાળ, ૩. લાભ, ૪. ઉદ્વેગ, ૫. શુભ, ૬. અમૃત, ૭. ચલ, ૮. રોગ.

**દેવશયની એકાદશી, ગૌરીવ્રત-મોળાકત શરૂ, વિંછુડો ક. ૦૯-૫૬થી, વિષ્ણુ શયન ઉત્સવ**

વિક્રમ સંવત : ૨૦૭૫, અષાઢ સુદ એકાદશી, શુક્રવાર તા. ૧૨-૭-૨૦૧૯.
વીર (જૈન) સંવત : ૨૫૪૫.
શાલિવાહન શક : ૧૯૪૧.
યુગાબ્દ (કલિ) : ૫૧૨૧.
ભારતીય દિનાંક : ૨૧-આષાઢ.
પારસી માસ : બહમન.
રોજ : ૩૦-અનેરાન.
મુસ્લિમ માસ : જિલ્કાદ.
રોજ : ૮.
દૈનિક તિથિ : સુદ એકાદશી ક. ૨૪-૩૧ સુધી.
ચંદ્ર નક્ષત્ર : વિશાખા ક. ૧૫-૫૭ સુધી પછી અનુરાધા.
ચંદ્ર રાશિ : તુલા ક. ૦૯-૫૬ સુધી પછી વૃશ્ચિક.
જન્મ નામાક્ષર : તુલા (ર.ત.), વૃશ્ચિક (ન.ય.).
કરણ : વણિજ/વિષ્ટિ/બવ.
યોગ : સાધ્ય ક. ૦૯-૨૦ સુધી પછી શુભ ક. ૨૯-૦૦ સુધી.

વિશેષ પર્વ : દેવશયની એકાદશી. * ઠાકોરજીને-ઈષ્ટદેવને દ્રાક્ષ ધરાવવાનો મહિમા. ચાતુર્માસ વ્રત શરૂ. પંઢરપુર યાત્રા. * ગૌરીવ્રત-મોળાકત શરૂ. વિંછુડો ક. ૦૯-૫૬થી શરૂ. * વિષ્ટિ (ભદ્રા) ક. ૧૨-૪૩થી ૨૪-૩૧ સુધી. * રવિયોગ ક. ૧૫-૫૭ સુધી. * સૂર્ય-ચંદ્રનો ત્રિકોણયોગ. * વિષ્ણુ શયન ઉત્સવ. * રવિનારાયણ એકાદશી (ઓરિસ્સા). * વૈષ્ણવ : શ્રી વિઠ્ઠલેશ રાયજી-અમરેલીનો ઉત્સવ. * કૃષિ જ્યોતિષ : તમામ પ્રકારનાં કૃષિકાર્યો તથા માલ વેચાણ માટે શુભ. દિવસે ૩-૫૭ સુધી પશુઓની લેવડદેવડ માટે ઉત્તમ ગણાય. બાગાયત-ઔષધિ ઉછેર તથા જળસંચયની કામગીરીની સલાહ છે. કઠોળ-કપાસ- લસણમાં સુધારાતરફી યોગ જણાય.
રાહુકાળ : દિવસે ક. ૧૦-૩૦થી ૧૨-૦૦

1. વિક્રમ સંવત એટલે શું?

..............................................................................

2. હાલમાં કયું વિક્રમ સંવત ચાલે છે?

..............................................................................

3. વિક્રમ સંવત ક્યારે બદલાય છે?

........................................................................

4. પારસીઓનો કયો માસ ચાલે છે?

........................................................................

5. મુસ્લિમોનો કયો માસ ચાલે છે?

........................................................................

6. જૈન સંવત કઈ છે?

........................................................................

7. આજે કઈ તિથિ છે?

........................................................................

8. કેટલા સમય સુધી કયું નક્ષત્ર છે?

........................................................................

9. સૂર્યોદય એટલે શું?

........................................................................

10. સૂર્યોદયનો સમય કયો છે?

........................................................................

11. સૂર્યાસ્ત એટલે શું?

........................................................................

12. સૂર્યાસ્તનો સમય કયો છે?

........................................................................

13. પશુઓની લેવડ-દેવડ માટે કયો સમય ઉત્તમ ગણાશે?

........................................................................

14. દિવસનું પાંચમું ચોઘડિયું કયું છે?

........................................................................

15. રાત્રિમાં ત્રીજું ચોઘડિયું કયું છે?

........................................................................

16. પંચાંગનો ઉપયોગ તમારા ઘરમાં ક્યારે ક્યારે કરવામાં આવે છે?

........................................................................

## 8. પ્રવૃત્તિ : શબ્દો શોધો તા. જોડીકાર્ય

- નીચેના શબ્દ-ચોરસમાંથી આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો શોધો :

(સગાઈ, મોલ, લેસન, ત્રાંસી, દોહ્યલી, ફેરફાર, આકો, આભ, પંથ, ઔષધ, રંજાડ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| વે | ગૃ | સ | દી | તી | પ |
| પા | વિ | હ | મા | ર | રિ |
| ક | ર્ગ | શા | કા | છી | વ |
| મુ | ર | કે | ળ | ર્ય | ર્ત |
| દ | ન | લ | ડ | ગ | ન |
| ક | વા | આ | કા | શ | ત |

## 9. પ્રવૃત્તિ : શબ્દ પરથી વાક્ય બનાવવાં તા. જોડીકાર્ય

- અહીં આપેલા શબ્દ વિશે ચાર વાક્યો લખો.

ઉદા. ઈંટ :

- ઈંટ લાલ રંગની હોય છે.
- ઈંટ ઘર તેમજ દીવાલ બનાવવામાં કામ આવે છે.
- હું તેનાથી બદામનો ઠળિયો તોડી શકું છું.
- હું નાનો હતો ત્યારે ઈંટનો ટુકડો ખાતો હતો.

1. કપ
2. કમ્પ્યૂટર
3. નોટબૂક
4. બ્લેકબોર્ડ
5. બોલપેન
6. મોબાઈલ
7. ખુરશી
8. ચોક
9. ટ્રેન
10. રૂપિયાનો સિક્કો

# સોળમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : મહેમાનનું સ્વાગત તા. જોડીકાર્ય

- તમારા ઘરે મહેમાન જમવા આવવાના છે. જે નીચે પૈકી કોઈ પણ હોઈ શકે.
- ફિલ્મ અભિનેતા, રાજકીય નેતા, ગામના સરપંચ, ક્રિકેટર વગેરે.

1. જમવામાં શું શું બનાવશો?
2. તેમને ક્યાં ફરવા લઈ જશો?
3. તમારા ઘરમાં મદદ કેવી રીતે અને કઈ કઈ રીતે કરશો?
4. તેમને કઈ માહિતી આપશો?
5. તેમની પાસેથી કઈ માહિતી મેળવશો?

## 2. પ્રવૃત્તિ : યોગ્ય ક્રમમાં ગોઠવો તા. જૂથકાર્ય

- નીચે ચાર વિભાગમાં વહેંચાઈ ગયેલ વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો.

| | |
|---|---|
| હેલન કેલરનું નામ તો,<br>એક દિવ્યાંગ વ્યક્તિ પણ<br>તેનું હેલન એક<br>એનો જન્મ એક સુખી | હેલનનાં આંખ, કાન અને વાણી લઈ લીધાં<br>આંધળી, બહેરી અને ગૂંગી થઈ ગઈ<br>જ્ઞાનના તમામ રસ્તા બંધ<br>જ્ઞાન તે સ્પર્શીને અને સૂંઘીને મેળવતી. |
| દોઢેક વસરની ઉંમરે એક બીમારીએ<br>એ માસૂમ બાળકી ત્યારથી<br>ચારેકોર અંધારું અને<br>આસપાસની દુનિયાનું બધું જ | તમે સાંભળ્યું હશે જ ને!<br>દઢ મનોબળથી આગળ વધે,<br>ઉત્તમ ઉદાહરણ છે.<br>કુટુંબમાં થયો હતો. |

## 3. પ્રવૃત્તિ : વાંચો અને વિચારો    તા.    જોડીકાર્ય

- જાહેરાત વાંચી તેને આધારે તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર ચર્ચા કરી શોધો.

**"સ્વચ્છ ભારત અભિયાન"**

**દરેકને સાંકળીએ, આપણી રેલવેને સુંદર, સ્વચ્છ અને સુઘડ બનાવીએ**



કચરાપેટીનો ઉપયોગ કરો



શૌચાલયનો ઉપયોગ કરો




થૂંકદાનીનો ઉપયોગ કરો




પાણીની બચત કરો

રેલવે પરિસરમાં કે ડબ્બામાં ગંદકી કરનારને રૂા. 500નો દંડ થઈ શકે છે.

પૂર્વોત્તર રેલ્વે

**સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત**



તમે દુનિયાને જેવી જોવા ઈચ્છો છો
તેવું પરિવર્તન પોતાની જાતમાં લાવો.
- ગાંધીજી

1. આ જાહેરાત કોના દ્વારા આપવામાં આવી છે?
2. વિકાસે પાન ખાઈને પ્લેટફોર્મ પર પિચકારી મારી તો તેને શો દંડ થશે?
3. 'સ્વચ્છ ભારત અભિયાન' સાથે ગાંધીજીને કેમ જોડવામાં આવ્યા હશે?
4. તમે જોયેલા સ્વચ્છ રેલવેસ્ટેશનનું નામ જણાવો.
5. રેલવેમાં મુસાફરી કરતી વખતે તમે કચરો ક્યાં ફેંકશો? કેમ?

## 4. પ્રવૃત્તિ : વાંચો અને માણો    તા.    જોડીકાર્ય

- નીચેનાં વાક્યો વાંચીને બીજાં આ પ્રકારનાં વાક્યો બનાવો.

1. કાકાએ કાકીને કહ્યું કે કાચના કબાટમાંથી કેરીનું કચુંબર કાઢો.
2. ખેડૂતે ખાતર નાખી ખેતર ખેડ્યું.
3. ગોકુળ ગામનો ગાંડો ગીગો ગોળનાં ગાડાં ગણતો ગણતો ગંદી ગટરમાં ગબડી ગયો.
4. ઘોઘાના ઘનશ્યામે ઘરના ઘીની ઘારી ઘડીભરમાં બનાવી.
5. ચકલી ચાંચમાં ચોખા લઈ ચણતી ચણતી ચપટીમાં ચસકી.

6. છગનભાઈના છકડામાંથી છેલછબીલી છોડી છમ છમ કરતી છટકી ગઈ.
7. નાનપુરના નાથાલાલનો નાનકો નાચતો નાચતો નાથીબેનને ઘેર જઈ નાઠો.
8. મા, મને માલપુરના મામાની મોજડી જેવી મોજડી જોઈએ.

**5. પ્રવૃત્તિ : કોયડો    તા.    વ્યક્તિગત કાર્ય**

- 6 દીવાસળીની મદદથી 8 ત્રિકોણ બનાવવા પ્રયત્ન કરો.
- નીચે આપેલી સંખ્યાઓની તરાહનો અભ્યાસ કરો. એ તરાહ મુજબ છટ્ઠી સંખ્યા કઈ આવશે?
  2, 5, 11, 23, 47, …..?

**6. પ્રવૃત્તિ : વાંચો અને વિચારો    તા.    જોડીકાર્ય**

- ફકરો વાંચીને પ્રશ્નોના ઉત્તર વિચારો.

એક દિવસ સંજય અને વેદાંત શાળાએ જઈ રહ્યા હતા. રસ્તામાં તેમની સાથે જ અભ્યાસ કરતી કાજલનો સ્કૂટર સાથે અકસ્માત થયો. તેને ઘણી જ ઈજા થઈ હતી. આ જોઈને વેદાંતે કહ્યું, ‘‘સંજય, આ કાજલને તો ઘણી ઈજા થઈ છે. આપણે તેને મદદ કરવી જોઈએ.’’

‘‘પણ … આપણે શાળાએ જવાનું મોડું થશે અને સાહેબ આપણા પર ખિજાશે’’ સંજયે કહ્યું.

‘‘અરે ! સારું કાર્ય કરવામાં તો સાહેબ ન બોલે, આપણે કાજલના ઘરે સમાચાર આપવા જોઈએ અને તેની સારવાર માટે તેને દવાખાને પહોંચાડવી જોઈએ’’ વેદાંત બોલ્યો.

‘‘તારે જવું હોય તો જા, હું તો શાળાએ જ જઈશ’’ સંજય ન માન્યો. ત્યારબાદ વેદાંત કાજલને દવાખાને સારવાર માટે લઈ ગયો અને કાજલના ઘરે ફોન કરી તેનાં માતા-પિતાને સમાચાર આપ્યા. આ વાતની જ્યારે સાહેબને ખબર પડી ત્યારે સાહેબે વેદાંતને બીજાને મદદ કરવા બદલ શાબાશી આપી.

1. સંજય શા માટે કાજલ સાથે દવાખાને ન ગયો?
2. ‘‘સારું કાર્ય કરવામાં સાહેબ ન બોલે’’ આવું વેદાંતે શા માટે કહ્યું હશે?
3. સંજયની જગ્યાએ તમે હોત તો શું કરત?

## 7. પ્રવૃત્તિ : અલ્પવિરામનો ઉપયોગ તા. જોડીકાર્ય

- નીચે આપેલ ફકરાનો અભ્યાસ કરી પ્રશ્નોના ઉત્તર આપો.

સંખ્યાલેખન કરતી વખતે મોટી સંખ્યા લખવામાં આપણે વારંવાર અલ્પવિરામનો ઉપયોગ કર્યો છે. અલ્પવિરામ આપણને મોટી સંખ્યાના વાચન અને લેખનમાં મદદ કરે છે. આપણી ભારતીય પદ્ધતિમાં એકમ, દશક, સો, હજાર અને પછી લાખ અને કરોડનો ઉપયોગ કરીએ છીએ. સંખ્યાને સરળતાથી વાંચવા અલ્પવિરામનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રથમ અલ્પવિરામ જમણેથી ત્રણ અંકો પછી (હજાર) પછી આવે છે. બીજા અલ્પવિરામ બે અંકો પછી આવે છે. (જમણે પાંચ અંકો), તે દસ હજાર પહેલાં અને લાખ પછી આવે છે. ત્રીજા અલ્પવિરામ બીજા બે આંકડા પછી આવે છે. (જમણેથી સાત અંકો). તે દસ લાખ સ્થાન પછી આવે છે.

ઉદા. 5,08,01,592, 3,32,40,781.

1. પ્રથમ અલ્પવિરામ કઈ બાજુથી કેટલા અંકો પછી આવે છે?
2. બીજું અલ્પવિરામ કઈ બાજુથી કેટલાં અંકો પછી આવે છે?
3. સાત કરોડ ચોવીસ લાખ બાર હજાર બસો દશ સંખ્યામાં કેટલાં અલ્પવિરામ આવી શકે?
4. સંખ્યાલેખન કરતી વખતે અલ્પવિરામ શા માટે મૂકવું જોઈએ?
5. કેટલાં લાખ હોય તો એક કરોડ થાય?
6. નીચે આપેલી સંખ્યાઓનું વાંચન કરીને યોગ્ય જગ્યાએ ‘અલ્પવિરામ’ મૂકો.
   i. 21072680
   ii. 553680910
   iii. 72575708
   iv. 83025315
   v. 722027408
7. આ પ્રકારની બીજી પાંચ સંખ્યાઓ લખો અને તેને વાંચો.

## સત્તરમું અઠવાડિયું

**1. પ્રવૃત્તિ : ઘૂસણખોરને શોધો. તા.** જોડીકાર્ય

- વિદ્યાર્થીઓની જોડી બનાવીને ચર્ચા કરીને ઘૂસણખોર ઉપર ◯ કરો.
- નીચેનાં વાકયો વાંચીને જે ઘૂસણખોર હોય, તેના ઉપર ◯કરો.

1. રામ, લક્ષ્મણ અને રાધા વનમાં જાય છે.
2. નર્મદા, મહીસાગર, શેઢી, પાવાગઢ
3. કેળાં, સફરજન, નારંગી, બટાટા
4. મોર, હંસ, મગર, કાગડો, ચકલી
5. માખી, મચ્છર, મધમાખી, મંકોડો
6. રિક્ષા, સાઈકલ, સ્કૂટર, ટ્રેન, બસ
7. નાતાલ, હોળી, શિવરાત્રી, નવરાત્રી
8. કીડી, મંકોડો, સાપ, માછલી, ઉંદર
9. સોફાસેટ, ખુરશી, ટી.વી. સેટ, માટલું
10. ગાદલું, ચાદર, તાડપત્રી, ઓશીકું, ધાબળો
11. છત્રી, રેઈનકોટ, સ્વેટર, કાગળની હોડી
12. મોબાઈલ, પૉસ્ટઑફિસ, ઈમેઈલ, બૅંક
13. શિવરાત્રી, નવરાત્રી, જન્માષ્ટમી, રામનવમી
14. સર્જન, સગપણ, સંગમ, શરત, સંપર્ક
15. સૂરજ, બલ્બ, ટ્યુબલાઈટ, બેટરી
16. હેન્ડપંપ, નળ, કૂવો, નદી
17. દરિયો, નદી, ઝરણું, સરોવર

## 2. પ્રવૃત્તિ : આડાંઅવળાં વાકયોને સીધાં કરો તા. જૂથકાર્ય

- પ્રસ્તુત પત્ર પર વાકયો જુદા જુદા ચોકઠામાં ગોઠવાઈ ગયાં છે. તેના યોગ્ય ક્રમ જણાવો.

| | | |
|---|---|---|
| ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓને<br>ઘણા તો એટલી બધી<br>આમ છતાં, જેનામાં<br>તેઓ ગમે તેવી<br>☐ | તીર્થરામ પણ આવો જ<br>એ ભણવામાં ખૂબ જ<br>શિષ્યવૃત્તિમાંથી જ બધો<br>જયારે શિષ્યવૃત્તિ પુસ્તકો<br>☐ | મુસીબતમાંથી પસાર થવું પડે છે.<br>કે પૂરું ખાવાય નથી મળતું.<br>પ્રબળ હોય છે,<br>પણ આગળ વધે જ છે.<br>☐ |
| પણ ઘણીવાર અત્યંત<br>ગરીબીમાં જીવન ગુજારે છે<br>અંતરની લગન<br>મુસીબતોનો સામનો કરીને<br>☐ | તેજસ્વી વિદ્યાર્થી હતો<br>શિષ્યવૃત્તિ હંમેશાં મળતી<br>કાઢવાનો રહેતો<br>જમવામાં મુશ્કેલી પડતી<br>☐ | એક ગરીબ અને ખૂબ<br>હોશિયાર હતો તેથી તેને<br>ખાવાપીવાનો ખર્ચ પણ<br>ખરીદવામાં વપરાઈ જતી ત્યારે<br>☐ |

## 3. પ્રવૃત્તિ : સમજો અને શોધો તા. વ્યક્તિગત કાર્ય

- આપેલ અર્થ સામે સંકલ્પનાનું નામ લખો.

(શિલાલેખ, તામ્રપત્ર, અભિલેખો, સંસ્કૃતિ, પંચમાર્ક, સિક્કા, ભોજપત્રો)

| સંકલ્પના | અર્થ |
|---|---|
| 1. | હિમાલયમાં થતા ભૂર્જ નામનાં વૃક્ષોની છાલના ઉપયોગ કરી બનાવાતાં પત્રો |
| 2. | પથ્થર કોતરીને લખાયેલ લેખ |
| 3. | તાંબાના પતરા પર કોતરીને લખવામાં આવતું લખાણ |
| 4. | ધાતુના ટુકડાઓને બીબામાં મૂકી દબાણ આપી બનાવવામાં આવે છે. |
| 5. | પહેલાંના સમયમાં ધાતુ કે પથ્થર ઉપર કોતરેલ લેખો |
| 6. | મનુષ્યની રહેણીકરણી સાથે સંકળાયેલ બાબત |

## 4. પ્રવૃત્તિ : તમે કહો ता. સમૂહકાર્ય

- "તમે શાળામાં કેવી રીતે આવો છો અને રસ્તામાં શું શું જુઓ છો?" (ઉદા.વાહનો, દુકાનો, જાહેરાતો, વ્યવસાયકારો વગેરે)
  - o તમારા અનુભવોનું મોટા સમૂહ સામે વર્ણન કરો.

## 5. પ્રવૃત્તિ : ખાલી જગ્યા પૂરો. ता. જોડીકાર્ય

- નીચે આપેલ ખાલી જગ્યામાં યોગ્ય અક્ષરો મૂકીને અર્થપૂર્ણ શબ્દ બનાવો.

| | |
|---|---|
| ફ ..... જિ ..... ત | વ્યા ...... હા ...... ક |
| ગુ ..... બ ..... બું | ખુ ..... ખુ શા ..... |
| ર ..... શં ..... ર | સો ..... વ ..... ણી |
| વિ વે ..... નં ..... | ભા ..... ન ..... ર |
| ક ..... ર ..... ડ | અ ..... શુ ..... ન |
| પ ..... વ ર્ત ..... | આ ..... લી પી ..... ળી |

## 6. પ્રવૃત્તિ : મને ગોઠવો ता. જોડીકાર્ય

- શબ્દોને સમજીને યોગ્ય શબ્દ ચોકઠામાં ગોઠવો.

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
|---|---|---|---|---|---|---|---|
| | | ખ | ખ | | | | |
| ખ | ખ | | | ખ | ખ | ખ | ખ |
| | | | | | | | |
| | | | | | | | |

- ઊભી લાઈન

1. વર્તમાનપત્ર
2. એક સૂકો મેવો
3. કોષાધ્યક્ષ
4. કાવાદાવા
5. પગથી માથા સુધી
6. કવચ
7. અતિશય શ્રીમંત માણસ
8. એક પ્રકારનું મૃદંગ જેવું વાદ્ય

## 7. પ્રવૃત્તિ : વાંચો, સમજો અને કહો તા. જોડીકાર્ય

- ફકરો વાંચી તેના આધારે પ્રશ્નોના જવાબ આપો.

યમુના નદીની વાત લઈએ. યમુના હિમાલયની યમનોત્રીમાંથી નીકળી ઉત્તરપ્રદેશથી હરિયાણાની છેવાડે સતત 153 કિલોમીટર સુધી સરકતી દિલ્હીથી આગ્રા થઈને અલ્હાબાદમાં ગંગા નદીને મળે છે. ભારતની તમામ પ્રાચીન અને પવિત્ર નદીઓમાં યમુનાની ગણના ગંગા નદી સાથે કરાય છે, પરંતુ આ નદીના પણ આવા જ હાલ છે. આ નદી પણ તેના ઉદ્‌ગમસ્થાનમાંથી નીકળે છે તો એકદમ ચોખ્ખી અને પવિત્ર, પરંતુ તેની સાથે સંકળાયેલાં તમામ નગરો અને શહેરોમાંથી નદીમાં કચરાના ઢગના ઢગ ઠલવાય છે. યમુના નદીમાં સૌથી વધુ પ્રદૂષણ ભારતની રાજધાની દિલ્હીમાં જ થાય છે. દિલ્હીમાં આ નદી જ્યાંથી વહે છે તેના કિનારે અસંખ્ય ગટરનાળાં અને ઔદ્યોગિક એકમો છે, જે સતત પ્રદૂષણ ઓકયા જ કરે છે.

1. યમુનાનું ઉદ્‌ગમ સ્થાન કયું છે?
2. યમુના ગંગા નદીને કયાં મળે છે?
3. યમુના નદીના પ્રદૂષણ માટે કોણ કોણ જવાબદાર છે?
4. નદીમાં પ્રદૂષણ અટકાવવા માટે તમારા ત્રણ ઉપાયો સૂચવો.
5. તમારા ગામમાંથી કોઈ નદી પસાર થાય છે? જો હા તો તેમાં પ્રદૂષણનું સ્તર કેટલું છે?

## 8. પ્રવૃત્તિ : વાંચો, સમજો અને કહો તા. જોડીકાર્ય

- રેલવેના સમયપત્રકનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ આપો.

**અમદાવાદ ઓખા એકસપ્રેસ**


| સ્ટેશન | આગમન | પ્રસ્થાન |
|---|---|---|
| અમદાવાદ | 6 : 00 pm | 6 : 20 pm |
| વિરમગામ | 7 : 25 pm | 7 : 29 pm |
| સુરેન્દ્રનગર | 8 : 32 pm | 8 : 34 pm |
| વાંકાનેર | 10 : 00 pm | 10 : 20 pm |
| રાજકોટ | 11 : 00 pm | 11 : 05 pm |
| જામનગર | 0 : 32 am | 0 : 34 am |
| દ્વારિકા | 3 : 27 am | 3 : 29 am |
| ઓખા | 4 : 20 am | --- |

- ટ્રેન પોતાના નિયત સમય પ્રમાણે ચાલે છે.


1. કયા કયા સ્ટેશન પર ટ્રેન 2 મિનિટ રોકાશે?
2. સૌથી વધુ રોકાણ કયા સ્ટેશને થશે?
3. કયાં બે સ્ટેશન વચ્ચેનું અંતર વધારે છે?
4. કયાં બે સ્ટેશન વચ્ચેનું અંતર સૌથી ઓછું છે?
5. રાત્રે 10 : 10 વાગ્યે ટ્રેન કયા સ્ટેશન પર હશે?
6. મનોજ સાંજે 08 : 33 વાગ્યે ટ્રેન પકડે છે તો એ કયા સ્ટેશન પરથી ચડયો હશે?

## 9. પ્રવૃત્તિ : ચાલો, ખૂણાઓનું માપન કરીએ... તા. જોડીકાર્ય

- વિદ્યાર્થીમિત્રો, તમે સુથારનો કાટખૂણિયો જોયો છે? તે અંગ્રેજી મૂળાક્ષર 'L' જેવો દેખાય છે. તેનો ઉપયોગ તે કાટખૂણો માપવા કરે છે. બે-બે ની જોડીમાં તમે ગોઠવાઈને કાર્ડશીટનો ઉપયોગ કરી કાટખૂણિયો બનાવો.



- તમે બનાવેલ કાટખૂણિયાની મદદથી કાટખૂણાથી નાનો (લઘુ) કોણ તથા કાટખૂણાથી મોટો (ગુરુ) કોણ, કાટકોણ, સરળકોણ અને પ્રતિબિંબકોણમાં વર્ગીકરણ કરો.



- વર્ગીકરણ પૂર્ણ કર્યા બાદ, બે-બેની જોડીમાં વર્ગખંડ સમક્ષ તમારું વર્ગીકરણ રજૂ કરો.
- આ રજૂઆતની સાથે ખૂણાઓને શા માટે લઘુકોણ, ગુરુકોણ, સરળકોણ, પ્રતિબિંબકોણ આવાં નામ આપ્યાં છે? આવાં નામ આપવા પાછળ શો આશય હોઈ શકે?
- લઘુ, ગુરુ, સરળ આ શબ્દોનો શો અર્થ હોઈ શકે? તેની પણ ચર્ચા વર્ગ સમક્ષ કરો.

## અઢારમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : કોષ્ટકમાંથી શોધો. તા. જૂથકાર્ય

- A-B-C દરેકમાંથી એક-એક વિકલ્પ લઈ વાકયો બનાવો.
- નીચેના કોષ્ટક ધ્યાનથી જુઓ. તેનો ક્રમ આડોઅવળો થઈ ગયો છે જેને ક્રમમાં ગોઠવો. નીચે આપેલા ચોકઠામાં સાચો ક્રમ લખો.

| | A | B | C |
|---|---|---|---|
| 1<br>2<br>3<br>4<br>5 | છત્રપતિ શિવાજીના<br>એક વીરપુરુષ તરીકે<br>પરાક્રમી બાજીરાવ પેશ્વાએ<br>યુદ્ધ વિજય બાદ એમની<br>એમણે સેનાના એક સરદારને ☐ | ચોપાસ ઘૂમતા હતા,<br>સરદાર અને સૈનિકોને<br>અત્યંત ક્રોધે<br>સામેથી એક વૃદ્ધ ખેડૂતને ☐ | સેનાપતિ પેશ્વા બાજીરાવ હતા<br>તેટલા જ સજ્જન હતા<br>વિશાળ પ્રદેશ પર વિજય મેળવ્યો<br>રસ્તામાં અનાજ ખૂટી પડયું<br>ખેતરમાંથી અનાજ લાવવા કહ્યું ☐ |
| 6<br>7<br>8<br>9 | સરદાર અને તેના સૈનિકો<br>ઘણું શોધવા છતાં<br>સરદાર આ જોઈને<br>એવામાં ત્યાં જ ☐ | મુખ્ય સલાહકાર<br>તેઓ જેટલા પ્રસિદ્ધ હતા<br>માળવા પર આક્રમણ કરીને<br>સેના પાછી ફરતી હતી ત્યારે<br>સૈનિકો સાથે જઈને<br>આસપાસના ☐ | ચોપાસ વિનાશ પથરાયેલો હતો<br>કયાંય અનાજ મળ્યું નહીં<br>ભરાતો હતો<br>આવતો તેમણે જોયો ☐ |

### 2. પ્રવૃત્તિ : યોગ્ય શબ્દ ગોઠવો તા. જોડીકાર્ય

- આપેલ ફકરામાં ખાલી ખાનામાં યોગ્ય શબ્દ મૂકીને વાંચો.

વિશ્વામિત્ર ☐ એક આશ્રમ હતો. વિશ્વામિત્ર મુનિ ખૂબ ☐ હતા. એમને ત્યાં ☐ પણ તેજસ્વી આવતા. ત્યાં ☐ નામનો શિષ્ય હતો. ભણવામાં ખૂબ જ ☐. સવારે શિખવાડયું હોય તે ☐ સુધીમાં તો એને યાદ રહી જતું, કારણકે આખો ☐ એ મનમાં એનું જ રટણ અને વિચાર કર્યા કરતો. ☐ એ જાતજાતના પ્રશ્નો પૂછતો. ગુરુજી એની ☐ ઓનું નિરાકરણ કરતા. ગુરુજીને પણ એ ગમતો.

| | | | | |
|---|---|---|---|---|
| જ્ઞાની | શિષ્યો | શંકા | ગુરુજીને | સાંજ |
| દિવસ | મુનિનો | વારુણિ | હોશિયાર | |

**3. પ્રવૃત્તિ : સંખ્યા સાથે રમત ता. જોડીકાર્ય**

- ધોરણ 6 ગણિત પેઈજ નં. 51 વાસ્તવમાં સંખ્યાના અવયવોથી...... થી ઈરેટોસ્પેનિસની ચાળણી કહેવામાં આવે છે. (આકૃતિ સાથે) સુધી ફકરાનું વાંચન કરી આપેલાં વિધાનોમાંથી જે વિધાનો સાચાં હોય તેની સામે ☐ માં '✓' ની નિશાની કરો.

**ક્રમ વિધાનો**

1 સૌથી નાની અવિભાજ્ય સંખ્યા 1 છે. ☐

2 ચોકડી કરેલી તમામ સંખ્યાઓ કોઈને કોઈ સંખ્યાના અવયવી છે. ☐

3 ચોકડી કરેલી તમામ સંખ્યાઓ વિભાજ્ય છે. ☐

4 1 થી 100 વચ્ચે એકમનો અંક 7 હોય તેવી અવિભાજ્ય સંખ્યાઓ સૌથી વધુ છે. ☐

5 1 થી 100 વચ્ચે એકમનો અંક 2 હોય તેવી અવિભાજ્ય સંખ્યાઓ અને એકમનો અંક 6 હોય તેવી અવિભાજ્ય સંખ્યાઓ સમાન છે. ☐

6 1 થી 100 વચ્ચે એકનો અંક 0 હોય તેવી અવિભાજ્ય સંખ્યાઓ મળતી નથી. ☐

7 ગણિતશાસ્ત્રી ઈરેટોસ્પેનિશે આ પદ્ધતિ શોધી તેને કુલ 2400 વર્ષ થઈ ગયાં. ☐

8 1 થી 100 વચ્ચે કુલ 23 અવિભાજ્ય સંખ્યાઓ મળે છે. ☐

9 આ પદ્ધતિમાં અવિભાજ્ય સંખ્યાઓ મેળવવા તે સિવાયની સંખ્યાઓને ચાળણીથી જેમ ઘઉં અને કાંકરા અગલ પાડવામાં આવે છે એમ ચાળવામાં આવે છે. ☐

10 આ પદ્ધતિનો ઉપયોગ 1 થી 200 વચ્ચે અવિભાજ્ય સંખ્યાઓ શોધવી હોય તો પણ કરી શકાય. ☐

**4. પ્રવૃત્તિ : અર્થપૂર્ણ શબ્દ મૂકી વાક્ય બનાવો ता. જૂથકાર્ય**

ઢીલો ..........., ....................................................

વાંકો ..........., ....................................................

લીલો ..........., ....................................................

રાત ..........., ....................................................

કાળું ..........., ....................................................

ખાન ..........., ....................................................

ઝટ ..........., ....................................................

## 5. પ્રવૃત્તિ : સંવાદને પૂરો કરો. તા. જોડીકાર્ય

અનુ : તમે કયા ગામમાં રહો છો?

રાહુલ : ........................................................

અનુ : અહીં રાજકોટ તમે ક્યારે આવ્યા?

રાહુલ : હું રાજકોટ ચાર વાગ્યે આવ્યો.

અનુ : ........................................................

રાહુલ : હું કાલે ત્રણ વાગ્યે નીકળીશ.

## 6. પ્રવૃત્તિ : અક્ષર પૂરણી તા. જોડીકાર્ય

- ઊભી ચાવી અને આડી ચાવી મુજબ ખાનામાં અક્ષરો ભરી યોગ્ય શબ્દ બનાવો.

૧. ઊભી ચાવી : એક કઠોળનું નામ
આડી ચાવી : ખરાબ સમયે

વે

૨. ઊભી ચાવી : પાછો ન આવે તે.
આડી ચાવી : ઝેરી તાવ


૩. ઊભી ચાવી : એક પ્રખ્યાત સત્યાગ્રહી
આડી ચાવી : ઘણી ધીરજવાળું

૪. ઊભી ચાવી : સુંદરનો સમાનાર્થી
આડી ચાવી : લજ્જાનો સમાનાર્થી

૫. ઊભી ચાવી : સાપનો ખેલ બતાવનાર
આડી ચાવી : ખેતીનું ઓજાર

૬. ઊભી ચાવી : દયા કરનારો

આડી ચાવી : એક ઋતુનું નામ



## 7. પ્રવૃત્તિ : વન્યજીવો તા. જૂથકાર્ય

- તમારા સામાજિક વિજ્ઞાન(દ્વિતીય સત્ર)ના પાઠ્યપુસ્તકનો ફકરો અહીં આપ્યો છે, તે પરથી નીચેના પ્રશ્નો અંગે બાળકો સાથે જૂથચર્ચા કરો.

ગુજરાતમાં જંગલો હેઠળનો વિસ્તાર ઘણો ઓછો છે, પણ એ જંગલો વિવિધ પ્રકારનાં વન્ય પ્રાણીઓ અને પક્ષીઓથી સમૃદ્ધ છે. ગુજરાતનાં જંગલોમાં સિંહ, દીપડા, હરણ, ઝરખ, ચિત્તલ, સાબર, નીલગાય, ચોશિંગ, જંગલી ભૂંડ, રીંછ, કાળિયાર, ચિંકારા જેવાં વન્ય પ્રાણીઓ અને સુરખાબ, ગીધ, સારસ, સમડી, ઘુવડ, કુંજ, તેતર, મોર, પોપટ જેવાં પક્ષીઓ જોવા મળે છે. સિંહ અને ઘુડખર જેવાં પ્રાણીઓ તો સમગ્ર ભારતમાં માત્ર ગુજરાતમાં જ જોવા મળે છે. સિંહ એશિયાભરમાં માત્ર સાસણગીરનાં જંગલોમાં જોવા મળે છે. આ જંગલમાં રહેતાં પ્રાણીઓ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

1. ગુજરાત અને વિશ્વમાં જંગલો ઓછાં થતાં જાય છે. તો તેનું શું કારણ હોઈ શકે?
2. સમગ્ર એશિયાભરમાં ફક્ત ગુજરાતમાં જ કેમ સિંહો જોવા મળે છે?
3. તમે જંગલમાં જાવ તો કયાં કયાં પ્રાણીઓ / પક્ષીઓ જોવાનું પસંદ કરશો?
4. જો જંગલમાં કોઈ પ્રાણી અને પક્ષી જ ન હોય તો....

## 8. પ્રવૃત્તિ : વાક્યોને રસપ્રદ બનાવીએ તા. જોડીકાર્ય

- અહીં વાક્યો આપેલાં છે. શિક્ષક આ વાક્યો બોલશે. વિદ્યાર્થી કોઈ પણ શબ્દ ઉમેરીને વાક્ય ફરીથી બોલશે.

દા. ત. શંકાશીલ વિશ્વાસને મારા પર વિશ્વાસ નથી.

શંકાશીલ વિશ્વાસને મારા પરિણામ પર બિલકુલ વિશ્વાસ નથી.

1. પાણીની બોટલમાં ચોખ્ખું પાણી ઓછું છે.
2. કાળિયો કૂતરો બધાંને કરડે છે.
3. જેઠાભાઈનાં છોકરાં તોફાની છે.
4. વિપુલકાકાની દુકાને સરસ ચોકલેટ મળે છે.
5. અમન અને જમન સારા મિત્રો છે.

## 9. પ્રવૃત્તિ : યોગ્ય ફેરફાર કરો          તા.          જૂથકાર્ય

- નીચે આપેલ પ્રતિજ્ઞાપત્રમાં કેટલાક શબ્દો નીચે લીટી દોરેલ છે. તે શબ્દના સમાનાર્થી કૌંસમાંથી શોધીને લખો.

  (ગમવું, રાષ્ટ્ર, સન્માન, હંમેશાં, હિત, પ્રામાણિકતા)

  **પ્રતિજ્ઞાપત્ર**

  ભારત મારો દેશ છે.

  બધાં ભારતીયો મારાં ભાઈ-બહેન છે.

  હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.

  હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

  હું મારાં માતા-પિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

  હું મારા દેશ અને દેશ બાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.

  તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

# ઓગણીસમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : આડાં અવળાં વાક્યોને સીધાં કરો. તા. જૂથકાર્ય

- નીચેના કોષ્ટક ધ્યાનથી જુઓ તેનો ક્રમ આડોઅવળો થઈ ગયો છે. સાચા ક્રમમાં ગોઠવી ક્રમ આપેલાં ચોકઠાંમાં લખો.

| | |
|---|---|
| કાદિરને ભણવાની<br>તેને તો મોટા<br>પણ, તેનું ગામ<br>ભણતરની કોઈ<br>ભણવા માટે દૂર છેક ☐ | ક્યાંથી લાવે?<br>ન રેલવે હતી,<br>કે નહોતી મોટરો.<br>કાદિરને બગદાદ મોકલ્યો.<br>40 અશરફીઓ આપી. ☐ |
| મા એટલા પૈસા<br>વળી, તે જમાનામાં<br>બસ પણ નહોતી<br>મા એ ગમે તેમ કરીને<br>જતી વખતે દીકરાને ☐ | બહુ ઈચ્છા<br>વિદ્વાન બનવું હતું.<br>નાનકડું હતું.<br>સગવડ નહીં<br>બગદાદ શહેરમાં જવું પડે. ☐ |

## 2. પ્રવૃત્તિ : શબ્દસમૂહ તા. જૂથકાર્ય

- આપેલાં વિધાનો સામે નીચેનામાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને મૂકો.

| | | | | |
|---|---|---|---|---|
| કારજ | શિરામણ | હવાડો | પછેડી | કોતરો |
| ગરનાળું | લૉન | મૂકસેવક | શિલ્પી | વિશ્વાસી |
| વિધિ | ભાથું | ચાદર | સોની | ખીણ |

1. ઈસુખ્રિસ્તમાં શ્રદ્ધા-વિશ્વાસ રાખનાર : ...............
2. પથ્થર, ધાતુ વગેરેને સુંદર આકાર આપનાર : ...............
3. બાગ-બગીચા કે ઘર પાસે ઉગાડવામાં આવતું ઘાસ : ...............
4. પ્રશંસાની ઈચ્છા વગર ચૂપચાપ સેવા કરનાર : ...............
5. પાણી વહી જાય તે માટે બાંધેલો સાંકડો માર્ગ : ...............
6. નદીકિનારાની બખોલો : ...............
7. ઓઢવા, પાથરવા પાક બાંધવા માટે વપરાતું ચાદર જેવું જાડું કપડું. : ...............

8. મરણ પછી બારમા દિવસે થતી વિધિ : ...............
9. ઢોરને પાણી પીવાનો કુંડ : ...............
10. સવારનો નાસ્તો : ...............

**3. પ્રવૃત્તિ : ખૂણાનો પરિચય તા. જૂથકાર્ય**

- આપેલ માહિતી અને આકૃતિના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.
- આપણે જાણીએ છીએ કે ચીન ભારતની ઉત્તરે છે. શ્રીલંકા એ દક્ષિણમાં છે. વધુમાં સૂર્ય પૂર્વમાં ઊગે છે અને પશ્ચિમમાં આથમે છે.
- ચાર મુખ્ય દિશાઓ છે. : ઉત્તર (N), દક્ષિણ (S) પૂર્વ (E) અને પશ્ચિમ (W)
- તમે ઉત્તર દિશા તરફ મુખ રાખી ઊભા રહો.
- હવે ઘડિયાળની દિશામાં પૂર્વ તરફ ફરો.

1. તમે કયા પ્રકારના ખૂણા જેટલું ફર્યા ?
2. હવે, તમારું મુખ કઈ દિશા તરફ છે ?
3. ફરીથી કાટખૂણા જેટલું બીજું અંતર ખસતાં તમારું મુખ કઈ દિશા તરફ થશે?
4. ઉત્તરની વિરુદ્ધમાં કઈ દિશા છે?
5. પશ્ચિમની વિરુદ્ધમાં કઈ દિશા છે?
6. ઘડિયાળમાં કેટલા વાગે ત્યારે કાટખૂણો બને છે?
7. ઘડિયાળના કાંટા કઈ દિશા તરફથી કઈ દિશા તરફ ફરે છે?

**4. પ્રવૃત્તિ : વિગતો ભરો તા. જોડીકાર્ય**

- શિક્ષકે આ પ્રવૃત્તિ કરાવતાં પહેલાં અગાઉના દિવસે બાળકોને ટેબલમાં આપેલ વ્યક્તિઓ સાથે વાતચીત કરીને વિગતો મેળવી લેવા જણાવવું.
- સાથી મિત્ર સાથે વાત કરીને ટેબલમાં વિગતો ભરો.

| ક્રમ | વ્યક્તિ | નામ | અભ્યાસ | તેમના રસનો વિષય |
|---|---|---|---|---|
| 1. | તમારા પ્રિય શિક્ષક | | | |
| 2. | તમારાં શાકભાજીવાળાં ભાઈ / બહેન | | | |
| 3. | દૂધવાળાભાઈ | | | |
| 4. | રિક્ષાવાળાભાઈ | | | |

## 5. પ્રવૃત્તિ : અનુસ્વારનો જાદુ તા. જૂથકાર્ય

- નીચે આપેલાં વાક્યોમાં લીટી દોરેલ શબ્દ પરનો અનુસ્વાર કાઢીને બીજું વાક્ય બનાવો.

ઉદા. જંગ જીતવો કઠિન છે.

જગમાં પાણી ભરી લાવો.

1. ઉંદર દરમાં રહે છે.
2. વડીલોને વંદન કરવાં જોઈએ.
3. કંપાસ ભૂમિતિમાં ઉપયોગી છે.
4. ગણિતમાં ઓછા માર્કસ આવ્યા તેનો મને ખૂબ જ રંજ છે.
5. શંકર ભગવાનનું વાહન નંદી છે.
6. ધાર્મિકલાલ પંડ્યા જાણીતા તબલાવાદક છે.
7. મુસલમાન લોકો મસ્જિદમાં બાંગ પોકારે છે.
8. ખંડ ખૂબ જ વિશાળ છે.
9. મીના ગાંડી ખૂબ તોફાન કરે છે.
10. વાંસમાંથી કલાત્મક વસ્તુઓ બને છે.

## 6. પ્રવૃત્તિ : કોષ્ટક આધારિત પ્રશ્નો તા. જૂથકાર્ય

- વિજ્ઞાન પાઠ્યપુસ્તકના પેજ નં. 16ના કોષ્ટકને આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

1. મનોજ સાંજ પછી બજારમાં જવા એકલો નીકળી શકતો નથી. શું થયું હશે? તેના માટે શું ખાવાનું કહીશું?
2. મીના હમણાં બંધ ગળાના ડ્રેસ પહેરે છે? શા માટે? તેને શું ખાવાની સલાહ આપશો?
3. ડૉક્ટર રવિની તપાસ કર્યા બાદ તેને રોજ સવારે થોડોક સમય તડકામાં બેસવા જણાવે છે. શા માટે? રવિએ શું કરવું જોઈએ.
4. આયોડિનયુક્ત મીઠું કેમ ખાવું જોઈએ?
5. તમને શાળામાં કઈ ગોળીઓ આપવામાં આવે છે?

## 7. પ્રવૃત્તિ : ચિત્ર દર્શન  તા.  વ્યક્તિગત કાર્ય

- અંગ્રેજી પાઠ્યપુસ્તક પેજ નં. 13 પર આપેલું ચિત્ર
- ચિત્રનું અવલોકન કરી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર મેળવો.
  1. ચિત્રમાં દડો ક્યાં પડેલો છે?
  2. રૂમમાં કુલ કેટલાં ચિત્રો કે ફોટા છે?
  3. આ રૂમ કોણ ઉપયોગમાં લેતું હશે?
  4. ટેબલ પર શું શું પડ્યું છે?
  5. બારીની ડાબી બાજુ અને જમણી બાજુ પર શું છે?

## 8. પ્રવૃત્તિ : ફકરા પરથી પ્રશ્ન - જવાબ  તા.  જૂથકાર્ય

- ફકરો વાંચો અને પ્રશ્નોના જવાબ લખો.

માધવપુર સૌરાષ્ટ્રના સાગરકાંઠાનું વૃંદાવન છે. અહીં સદીઓમાં મહાન સંતો આવ્યા છે. અહીં સદીઓ જૂનાં ઝાડ છે. આંબલી, રાયણ, નાળિયેરી બેશુમાર છે. પપૈયાં છે. અહીંના પોપટ પણ પપૈયા જેવા તાજામાજા છે. અહીં રુકમણી - શ્રીકૃષ્ણનાં લગ્ન દર વર્ષે ઊજવાય છે. ભવનાથ અને તરણેતરની જેમ અહીંનો મેળો જાણીતો છે. અહીં ભાદર, ઓઝા અને મધવંતી નદીઓ સમુદ્રને મળે છે. આખા ઘેડ વિસ્તારને હરિયાળો અને ફળદ્રુપ રાખે છે. અહીંનો દરિયાકિનારો વિશાળ અને ઊજળો છે. ઘણા પ્રવાસીઓ ચોરવાડ કરતાં માધવપુરના દરિયાકિનારાને વધુ પસંદ કરે છે. ત્યાંના સૂર્યોદય અને સૂર્યાસ્ત જોઈ મુગ્ધ થઈ જવાય છે.

1. સાગરકાંઠાનું વૃંદાવન કોને કહેવામાં આવ્યું છે?
2. અહીંના પોપટ તાજામાજા કેમ છે?
3. અહીંનો મેળો કયા મેળાઓ જેવો જાણીતો છે?
4. લોકો માધવપુરના સાગરકાંઠાને કેમ વધારે પસંદ કરે છે?
5. માધવપુર ગુજરાતમાં ક્યાં આવેલું છે?

## 9. પ્રવૃત્તિ : ચોરસ ખાનામાંથી નામ શોધો  તા.  જોડીકાર્ય

- આપેલ ખાનામાંથી વૃક્ષોનાં નામ શોધો અને શબ્દ ઉપર ◯ કરો.

| | | | | |
|---|---|---|---|---|
| લી | આં | જાં | આ | આં |
| મ | બ | બુ | સો | બો |
| ડો | લી | ડો | યા | બા |
| પી | પ | ળો | લ | વ |
| સી | મ | ડો | વ | ળ |

# વીસમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : આડાંઅવળાંને વાક્યોને સીધા કરો તા. જૂથકાર્ય

- કોષ્ટક ધ્યાનથી વાંચો, તેનો ક્રમ આડોઅવળો થઈ ગયો છે. સાચો ક્રમ શોધી ☐માં ક્રમ લખો.

| | |
|---|---|
| એ સાંભળીને યુવાનની<br>“બાબા મારા અબ્બાજાન<br>મને મારા અબ્બા પર<br>☐ | એક વર્ષ વીતી ગયું હતું<br>કે એક જુવાન માણસ<br>ગયો અને બોલ્યો કે,<br>તો વળી કયું મોટું ☐ |
| આંખોમાંથી આંસુ<br>એક વરસ પહેલાં મક્કાની<br>મારા બીજા ભાઈઓની<br>☐ | “આવીને વિસામો ખાવા બેઠો.<br>થોડે દૂર બેઠો હતો.<br>શા માટે બેઠો છે?<br>હાલત કરી છે. ☐ |
| રાજધાનીના દરવાજા પાસે<br>ગમગીન બનીને ત્યાંથી<br>આમ ઉદાસ થઈને<br>જેણે તારી આવી ☐ | તે ગદ્‌ગદ્‌ કંઠે બોલ્યો<br>અને ગુજરી ગયા.<br>તેમને હું ભૂલી શકતો નથી.<br>☐ |

## 2. પ્રવૃત્તિ : અગત્યનો ક્રમ નક્કી કરો તા. જોડીકાર્ય

- જોડીમાં ચર્ચા બાદ સૌથી વધુ જરૂરી લાગે તેની સામે 1 અને તેનાથી ઓછું જરૂરી લાગે તેની સામે 2 લખો. તે જ પ્રમાણે ક્રમ આપતા જાવ.

| | | |
|---|---|---|
| ☐ પુસ્તકાલય | ☐ મોબાઈલ ફોન | ☐ રસ્તાઓ |
| ☐ બાઈક | ☐ ખોરાક | ☐ મેદાન |
| ☐ ટી.વી. | ☐ શાળા | ☐ પૈસા |

## 3. પ્રવૃત્તિ : બિંદુને ઓળખો તા. જોડીકાર્ય

- આપેલ સૂચના પ્રમાણે નોટમાં કાર્ય કરો.

1. પેન્સિલની અણી વડે કાગળ પર ચાર ટપકાં છૂટાં છૂટાં કરો.
2. આ ટપકાંને અંગ્રેજી મૂળાક્ષર વડે નામ આપો.
3. હવે ચાર ટપકાંને જોડો અને આકૃતિનો અભ્યાસ કરો.

4. રાતે આકાશમાં તારાઓ બિંદુ જેવાં લાગે છે. તમે રાત્રે કોઈ આકૃતિ જોઈ હોય તો કહો.
5. રોજિંદા જીવનમાં ટપકાંની મદદથી તમે શું શું કરો છો?
6. ગુજરાતીમાં ટપકાંનો ઉપયોગ ક્યાં થાય છે?
7. ગણિતમાં ટપકાંનો ઉપયોગ ક્યાં થાય છે?
8. બિંદુ ન હોય તો શું થાય?

**4. પ્રવૃત્તિ : નામ બનાવો તા. જોડીકાર્ય**

- ઝાડ, ફૂલ કે ફળનાં નામ પરથી સ્ત્રીઓ અને પુરુષો તથા ગામનાં નામ પડ્યાં હોય તેવાં પાંચ-પાંચ નામ લખો.

1. સ્ત્રીઓનાં નામ :

   ઉદા. કમલાબહેન

   1. ............... 2. ............... 3. ...............

   4. ............... 5. ...............

2. પુરુષોનાં નામ :

   ઉદા. આંબાભાઈ

   1. ............... 2. ............... 3. ...............

   4. ............... 5. ...............

3. ગામનાં નામ :

   ઉદા. વડનગર

   1. ............... 2. ............... 3. ...............

   4. ............... 5. ...............

## 5. પ્રવૃત્તિ : અર્થભેદ પારખો તા. જોડીકાર્ય

- નીચે આપેલાં વાક્યો વાંચીને શબ્દોના અર્થ આપો.

| | |
|---|---|
| 1. મેં સુશિલાને બાગમાં જોઈ<br>સુશિલા – સારો પથ્થર | 1. મેં સુશીલાને બાગમાં જોઈ<br>સુશીલા – સારા ચરિત્રવાળી |
| 2. આપ પાણી ગ્રહણ કરશો?<br>પાણી - | 2. આપ પાણિ ગ્રહણ કરશો?<br>પાણિ - |
| 3. દરિયાકિનારે નાનાં બાળકો રાશિ બનાવે છે.<br>રાશિ - | 3. ઘઉંનો ઢગલો રાશી છે?<br>રાશી - |
| 4. મેં દરમાં સાપ જતો જોયો.<br>સાપ - | 4. આજે બ્રાહ્મણે શાપ આપ્યો.<br>શાપ - |
| 5. તારા ડિલ ઉપર તલ છે.<br>ડિલ - | 5. તારું દિલ સાફ છે?<br>દિલ - |
| 6. આજ સમુદ્ર કિનારે દ્વિપ જોયો.<br>દ્વિપ - | 6. આંદોમાન-નિકોબાર દ્વીપ છે.<br>દ્વીપ - |
| 7. તમારી દિનચર્યા લખો.<br>દિન - | 7. મહેશ સ્વભાવે દીન છે.<br>દીન - |
| 8. વધુ પૈસા સાન ભૂલાવે છે.<br>સાન - | 8. સૂર્યમંદિર શાનદાર છે.<br>શાન - |

## 6. પ્રવૃત્તિ : કારીગરને ઓળખો તા. જોડીકાર્ય

- વિદ્યાર્થીઓ જોડીમાં બેસી અલગ-અલગ વ્યવસાયકારોની ચર્ચા કરશે અને અભિનય પણ કરશે.
  દા.ત. સુથાર, દરજી, ખેડૂત, કુંભાર, ડૉક્ટર, શિક્ષક, વગેરે
  વર્ગમાં રજૂઆત કરો.

## 7. પ્રવૃત્તિ : ઉખાણાં તા. જૂથકાર્ય

- શિક્ષક વિદ્યાર્થીઓને નીચે જેવાં ઉખાણાં પૂછશે.
  1. મારા પ્રથમ અને દ્વિતીય અક્ષર મળીને દૂધમાંથી બનતી ચીજ છે અને છેલ્લા ત્રણ અક્ષર મળીને દરિયો એવો અર્થ થાય છે. તો મારું નામ કહો. ...............
  2. મારા પહેલા બે અક્ષર મહાત્મા સાથે જોડાયેલ છે અને છેલ્લા ત્રણ અક્ષર શહેર એવો અર્થ થાય છે. હું રાજ્યના પાટનગર તરીકે ઓળખાવું છું. બોલો હું કોણ? ...............
  3. હું પાંચ અક્ષરની બનેલી છું. મારા પ્રથમ ત્રણ અક્ષર પ્રાણીનું નામ સૂચવે છે. છેલ્લા બે અક્ષરનો અર્થ બુદ્ધિ એવો થાય છે. મારા કિનારે મહાત્માનો આશ્રમ આવેલો છે. બોલો હું કોણ? ...............
  4. હું ત્રણ અક્ષરની બનેલી છું. મારા નામનો અર્થ આનંદ આપનારી એવો થાય છે. મારા કિનારે મહાન પ્રતિમા છે. બોલો હું કોણ? ...............
  5. મારા પ્રથમ બે અક્ષર દવામાં વપરાતી ઔષધ છે અને છેલ્લા બે અક્ષર જીવજંતુનાં નામ સાથે જોડાયેલી છે. બોલો, હું કોણ? ...............

## 8. પ્રવૃત્તિ : ગદ્યખંડ તા. જોડીકાર્ય

- નીચે જણાવેલ ગદ્યખંડ ધ્યાનથી વાંચો તેમાં આવતા <u>સ્થળ</u>, <u>ક્રિયાપદો</u> અને <u>વિશેષણ</u> નીચે અનુક્રમે (______, ~~~~~~,------) નિશાની કરી નીચે દર્શાવેલ ખાલી જગ્યામાં લખો. નીચે એક ઉદાહરણ આપેલ છે.
  1. શાળાનો પહેલો દિવસ હતો અને આચાર્ય નવા હતા, વિદ્યાર્થીઓ પણ નવા હતા. આચાર્યએ લખાવ્યું, ‘‘સત્યં વદામિ’’ અને બોલવા કહ્યું : બધા લખેલું વાંચવા માંડ્યા ‘‘સત્યં વદામિ’’ હું સત્ય બોલું છું.’’
     આચાર્યએ કહ્યું ‘‘કાલે પાઠ પાકો કરી લાવજો.’’
     આચાર્ય હતા દ્રોણ. વિદ્યાર્થીઓ હતા કૌરવ-પાંડવો. બીજા દિવસે દ્રોણાચાર્યે પૂછ્યું. ‘‘પાઠ પાકો કરી લાવ્યા છો?’’
     બધા કહે, ‘‘હા’’
     આચાર્યએ લખ્યું : ‘‘સત્યં વદામિ’’ અને બધાને વાંચવા કહ્યું બધા એક પછી એક વાંચવા લાગ્યા. અર્જુને વાંચ્યું, દુઃશાસને વાંચ્યું, વર્ગમાં ધ્યાન ન આપનાર ભીમ પણ કડકડાટ વાંચી ગયો. યુધિષ્ઠિરનો વારો આવ્યો. યુધિષ્ઠિરે હાથ જોડીને ગુરુને પ્રણામ કરી કહ્યું. ‘‘ગુરુજી! મને હજુ પાઠ નથી આવડ્યો.’’

## 9. પ્રવૃત્તિ : વાક્યો સુધારો તા. જૂથકાર્ય

- નીચે આપેલ વાક્યમાં જે ભૂલ હોય તેની નીચે લીટી કરી, માત્ર સુધારો ખાલી જગ્યામાં લખો.

1. તે બેધ્યાનમાં હતો. ...............
2. આજે આપડે શું ભણ્યા? ...............
3. શિક્ષક સાથે જ્ઞાન સંકડાયેલ છે. ...............
4. ઝંડા ઊંચા રહે હમારા................
5. સરકારી મહિલા વિદ્યાલય માટે ગ્રહમાતા જોઈએ છીએ. ...............
6. સુખે ભજીશું સ્રીગોપાળ. ...............
7. શિલ્પી ઘરેણાં ઘડી રહ્યો હતો. ...............
8. આપણે વેંત નમીએ તો કોઈ પગેનમે. ...............
9. ‘કપાળમાં ઊગે વાળ તો હાથમાં ઊગે ઝાડ’ ...............
10. ખેતરમાં લાલિયો ચોકી કરે છે. ...............

-: નોંધ :-